દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 130 ■ વિક્રમ સંવત ૨૦૮૨
અધિક જયેષ્ઠ વદ - ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 3 June 2026, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
બુધવાર, ૩ જૂન ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઈન્ટરવલ પૂર્તિ ૫ ૬ ૭

## બંગાળમાં મહારાષ્ટ્રવાળીઃ રિજુ દત્તા બંગાળના ‘એકનાથ શિંદે’

# મમતા સામે ૫૦ વિધાનસભ્યનો બળવો




### આ વિધાનસભ્યોનું જૂથ કહે છે ‘અમે જ અસલ ટીએમસી’: વિપક્ષના નેતાપદ અને પક્ષના ચિહ્ન માટે ખેંચતાણ

કોલકાતાઃ તૃણમૂલ કૉંગ્રેસમાં મહારાષ્ટ્રની શિવસેના અને એનસીપીની જેમ પક્ષમાં ભંગાણ પડ્યું છે અને વિપક્ષના નેતા બનવા બે જૂથના નેતાઓ દાવો કરી રહ્યા છે. આ ઉપરાંત, તૃણમૂલ કૉંગ્રેસના પ્રતીક માટે મહારાષ્ટ્રની શિવસેના અને એનસીપીની જેમ ખેંચતાણ શરૂ થઇ છે.

તૃણમૂલ કૉંગ્રેસમાંથી સસ્પેન્ડ કરાયેલા રિજુ દત્તાએ મંગળવારે જણાવ્યું હતું કે અમારી સાથે તૃણમૂલના પચાસ વિધાનસભ્ય છે. અમે બધા તાજેતરમાં એક હૉટેલમાં મળ્યા હતા.

રિજુ દત્તાના આ દાવાને પગલે તૃણમૂલ કૉંગ્રેસ અને તેના વડાં મમતા બેનરજીના ભાવિ અંગે પ્રશ્ન ઊભો થયો છે. અગાઉ, પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં તૃણમૂલ કૉંગ્રેસે સત્તા ગુમાવી હતી અને હવે તેમાં (જુઓ પાનું ૨) ▸▸

## ‘લડેંગે યા મરેંગે...’



### કોલકાતામાં ધરણાં પર ઊતરેલા મમતા સાથે ફક્ત પાંચ વિધાનસભ્ય અને ત્રણ સાંસદ જ જોડાયા

કોલકાતાઃ તૃણમૂલ કૉંગ્રેસના સુપ્રીમો મમતા બેનરજીએ મંગળવારે આરોપ લગાવ્યો હતો કે ભાજપે તાજેતરમાં યોજાયેલી પશ્ચિમ બંગાળની ચૂંટણી જીતવા માટે ૨૯૪ બેઠકોમાંથી ૧૭૭ બેઠકો પર મતગણતરીમાં ગોટાળો કર્યો છે. બેનરજીએ જણાવ્યું હતું કે તેઓ આ મુશ્કેલ સમયમાં ટીએમસી (જુઓ પાનું ૨) ▸▸

## ઈઝરાયલના લેબેનોન પરના હુમલાને કારણે...

# ઈરાને શાંતિમંત્રણા બંધ કરીઃ ટ્રમ્પે નેતન્યાહુને ગાળો ભાંડી

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઇરાન સાથેના શાંતિ કરારની પ્રક્રિયામાં વિઘ્ન નાખવાનો પોતાના મિત્ર ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામીન નેતન્યાહુ પર આરોપ મૂકીને તેમને ગાળ દેવા લાગ્યા હતા. બીજી બાજુ, ટ્રમ્પે ઇરાન સાથેની શાંતિ મંત્રણા બહુ ઝડપથી આગળ વધતી હોવાનો દાવો પણ કર્યો હતો, જ્યારે તહેરાન લેબેનોન પર ઇઝરાયલના હુમલાને મુદ્દે ગઈ કાલે મોડી રાત્રે શાંતિ-મંત્રણામાંથી નીકળી ગયું હતું. ઇઝરાયલે મધ્યસ્થીકાર સાથેના સંદેશના આપ-લેની પ્રક્રિયા બંધ કરી હોવાનું તહેરાન તરફથી જણાવવામાં આવ્યું હતું. ટ્રમ્પે ઇઝરાયલ અને હિઝબુલ્લાહ લડાઇ રોકવા સહમત થયા હોવાનો દાવો કર્યો, તેના એક દિવસ પછી ઇઝરાયલે દક્ષિણ લેબેનોન પર કરેલા હુમલામાં એક પિતા, પુત્ર, પુત્રી સહિત આઠ જણ માર્યા ગયાં હતાં. મેડિટરેનિયન શિપિંગ કંપનીએ ઇરાકની પાસે પોતાના એક જહાજ પર ઇરાને હુમલો કર્યો હોવાનો આક્ષેપ કર્યો હતો. ઇરાનમાં મે મહિનામાં મોંઘવારી બીજા વિશ્વયુદ્ધ પછીના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગઇ હતી. દરમિયાન, તહેરાને ચેતવણી આપી હતી કે ઇઝરાયલ જો લેબેનોન અને ગાઝામાં હુમલા ચાલુ રાખશે, તો તેનાથી શાંતિ પ્રક્રિયા સદંતર અટકી શકે છે.ટ્રમ્પે ઇઝરાયલ દ્વારા લેબેનોન પર ચાલુ રખાયેલા હુમલા માટે પોતાના મિત્ર બેન્જામીન નેતન્યાહુને ફોન કરીને ધમકાવ્યા હોવાનું કહેવાય છે. ટ્રમ્પે ઇઝરાયલના વડા પ્રધાનને ફોન પર જણાવ્યું હતું કે હું તમને બચાવી રહ્યો છું. હવે બધા (જુઓ પાનું ૨) ▸▸

# કેરલમમાં આવતી કાલે ચોમાસું બેસી જશે

નવી દિલ્હીઃ કેરલમમાં ૪ જૂને ચોમાસું શરૂ થવાની શક્યતા હોવાનું હવામાન ખાતાએ મંગળવારે કહ્યું હતું. સામાન્ય રીતે કેરલમમાં પહેલી જૂનથી ચોમાસું શરૂ થઈ જાય છે. ચાર જૂને ચોમાસું કેરલમ, તમિળનાડુ અરબી સમુદ્ર, લક્ષદ્વીપ અને બંગાળના અખાત વિસ્તારમાં આગળ વધે તેવી પરિસ્થિતિ આકાર લઈ રહી હોવાનું હવામાન ખાતાએ જણાવ્યું હતું.

અગાઉ હવામાન ખાતાએ કેરલમમાં ૨૬મી મેથી ચોમાસું શરૂ થશે એવી આગાહી કરી હતી, પરંતુ ત્યાર બાદ ચોમાસું વિલંબમાં પડ્યું હતું.

આ વખતનું ચોમાસું સરેરાશ કરતાં નબળું રહેશે એવી આગાહી હવામાન ખાતાએ કરી છે. હવામાન ખાતાના જણાવ્યા અનુસાર આ વરસે સરેરાશ ૯૦ ટકા વરસાદ પડશે. (એજન્સી) ■

# નવી મુંબઈ એપીએમસી બજારનું સંચાલક મંડળ બરખાસ્ત

### રાષ્ટ્રીય બજારનો દરજ્જો આપી, માર્કેટિંગ અને પ્રોટોકોલ પ્રધાન જયકુમાર રાવલે કારભાર સંભાળ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્ર સરકાર દ્વારા ગઈ કાલે એક આદેશ બહાર પાડીને નવી મુંબઈસ્થિત પાંચ માર્કેટનાં પાંચ ડિરેક્ટર સહિતનાં એપીએમસી બજારના સંચાલક મંડળને બરખાસ્ત કરવામાં આવ્યું છે અને માર્કેટને રાષ્ટ્રીય બજારનો દરજ્જો આપીને એપીએમસીનાં ચેરમેન તરીકે રાજ્યના માર્કેટિંગ અને શિષ્ટાચાર ખાતાના પ્રધાન જયકુમાર રાવલે કારભાર સંભાળ્યો છે.

એકંદરે એપીએમસી બોર્ડનાં બેવડા ધોરણો, કાયદાઓના અનેક અર્થઘટનો કરીને યેનકેનપ્રકારેણ માર્કેટ ફીનો બોજો ગ્રાહકો પર પડી રહ્યો હતો. તેમ જ વેપારી આલમ પણ એપએમસીમાં ખદબદતા ભ્રષ્ટાચારથી ત્રસ્ત થઈ હોવાથી તે અંગે મહારાષ્ટ્રથી લઈને દિલ્હી સુધી ફરિયાદ કરવામાં આવી હોવાથી સરકારે ભવિષ્યમાં બજારનાં વિકાસને ધ્યાનમાં લેતા આ પગલું ભર્યું હોવાનું કોન્ફેડરેશન ઑફ ઑલ ઈન્ડિયા ટ્રેડર્સનાં ઉપાધ્યક્ષ અને સ્થાનિક મૂડીબજાર ચેમ્બરનાં અધ્યક્ષે સરકારના આ નિર્ણયને આવકારતા ઉમેર્યું હતું કે હવે સરકાર દ્વારા ગઠન થનારા નવાં બોર્ડમાં કૃષિ નિષ્ણાતો, સરકારી નિયમનકર્તાઓ, કિસાન વર્ગ, (જુઓ પાનું ૨) ▸▸

# સીબીએસઈના પોર્ટલ પર સાયબર અટૅક્સઃ બે મિનિટમાં ૧૫ લાખ હિટ

### શિક્ષણપ્રધાનને બચાવવા બે અમલદારની ઉતાવળે ટ્રાન્સફર કરાઈ

નવી દિલ્હીઃ સેન્ટ્રલ બૉર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઇ)એ મંગળવારે જણાવ્યું હતું કે અમારા ધોરણ ૧૨ના રી-ઇવૅલ્યુએશન (પુનર્મૂલ્યાંકન) પોર્ટલ પર અસંખ્ય સાયબર અટૅક્સ (સાયબર-હુમલા) થયા હતા.

તેણે સોશ્યલ મીડિયા પર એક નિવેદનમાં જણાવ્યું હતું કે અમારી વૅબસાઇટની સેવા (સાયબર અટૅક્સ બાદ) ફરી ચાલુ કરાઇ હતી. અંદાજે ૧૬,૦૦૦થી વધુ વિદ્યાર્થીએ પોતાના સબ્મિશનની કામગીરી પૂરી કરી હતી, જ્યારે અન્ય હજારો વિદ્યાર્થીએ સીબીએસઇ (જુઓ પાનું ૨) ▸▸

# જર્મનીમાં ભારતીયોને ટ્રાન્ઝિટ વિઝાની હવે જરૂરી નહીં રહે

નવી દિલ્હીઃ ભારતીય નાગરિકોએ વિદેશમાં પ્રવાસ કરતી વખતે જર્મનીમાં થોડો સમય રોકાણ કરવાનું હશે, તો તેઓએ જર્મનીની ઍરપોર્ટ ટ્રાન્ઝિટ વિઝા લેવા નહિ પડે.જર્મન વિમાનમથકે ભારતીય મુસાફરો માટેની આ નવી પ્રથા ત્રીજી જૂનથી અમલમાં મુકાશે.

દર વર્ષે અસંખ્ય ભારતીય વિદ્યાર્થીઓ, વ્યાવસાયિકો અને પર્યટકો વિદેશ જતી વખતે જર્મન વિમાનમથકો ખાતે ટૂંકું રોકાણ કરે છે.ભારત સાથેના સંબંધ વધુ ગાઢ બનાવવા જર્મનીએ આ પગલું ભર્યું હોવાનું કહેવાય છે. (એજન્સી) ■

# સુરતના બારડોલી પાસે બે બસની ભીષણ ટક્કર, સાતથી વધુનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં અકસ્માતની ઘટનામાં આઠથી વધુ મુસાફર મૃત્યુ પામ્યા હોવાના અહેવાલો મળ્યા હતા. અહીંના બારડોલીના ઉવા ગામ નજીક ધુલિયા હાઇવે પર મહારાષ્ટ્ર પાસિંગની બે સરકારી એસ.ટી. બસ અને એક ટૅન્કર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ ભયાનક ટક્કરમાં સાત મુસાફરોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હોવાની પ્રાથમિક માહિતી મળી હતી. આ દુર્ઘટનામાં અન્ય મુસાફરો ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા હોવાથી આગામી સમયમાં મૃત્યુઆંક હજુ પણ વધવાની આશંકા સેવાઈ રહી છે.

આ અકસ્માત અંગે મળતી વિગતો અનુસાર હાઇવે પર એક ટૅન્કર પલટી ખાઈ ગયું હતું. આ પલટી ગયેલા ટૅન્કર સાથે અથડાવાનું (જુઓ પાનું ૨) ▸▸



દિલ્હીના મુકુન્દપુરમાં મંગળવારે એલપીજી સિલિન્ડર બ્લાસ્ટને પગલે એક માળની ઈમારત તૂટી પડ્યા બાદ ચાલી રહેલી બચાવ કામગીરી દરમિયાન ઘટનાસ્થળે ઊભેલા પોલીસ અધિકારીઓ. (એજન્સી)

# રૂપિયાને સાચવવા ૧૨ અબજ ડૉલરનું ખજાનામાંનું સોનું વેચ્યું રિઝર્વ બૅન્કે?

નવી દિલ્હીઃ ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા યુદ્ધે ભારતીય અર્થતંત્રને એટલી ગંભીર અસર કરી છે કે ભારતીય રિઝર્વ બૅન્કને તેના ખજાનામાંથી અબજો ડોલરનું સોનું વેચવાની ફરજ પડી છે. બ્લૂમબર્ગના અર્થશાસ્ત્રીઓએ દાવો કર્યો હતો કે મધ્ય વેલ્યુ પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધથી ભારતીય ચલણ પર નોંધપાત્ર દબાણ આવી રહ્યું છે. કરન્સીની ઘટાડો દેશના આયાત બિલમાં પણ વધારો કરી રહ્યો છે. આ બેવડા સંકટને પહોંચી વળવા માટે રિઝર્વ બૅન્કે વિદેશી ચલણ ખરીદવા માટે તેના ખજાનામાંથી ટનબંધ સોનું વેચવાની ફરજ પડી છે.

બ્લૂમબર્ગ ઇકોનોમિક્સના એક વિશ્લેષણ મુજબ, એક અંદાજ છે કે આરબીઆઈએ બાવીસમી મે સુધીના બે અઠવાડિયામાં લગભગ ૧૨અબજ ડૉલરના મૂલ્યના સોનાનો ભંડાર વેચ્યો છે, જ્યારે લગભગ ૭.૫ અબજ ડૉલરની વિદેશી ચલણ સંપત્તિ ખરીદી છે.

આ પગલું સૂચવે છે કે કેન્દ્રીય બૅન્કે ડૉલરની વધતી માંગ, મૂડીના પ્રવાહ અને ચાલુ ખાતા પરના દબાણને નિયંત્રિત કરવા માટે પ્રવાહી વિદેશી ચલણ અનામતને પ્રાથમિકતા આપી શકે છે. બ્લૂમબર્ગ ઇકોનોમિક્સના એક વિશ્લેષણ મુજબ, ભારતીય રિઝર્વ બૅન્કે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધની પ્રતિકૂળ અસરથી તેની વિદેશી ચલણ સંપત્તિઓને બચાવવા માટે તેના સોનાના ભંડારનો એક ભાગ વેચી દીધો હોવાની શક્યતા છે. ■



બાગમ્ભરી મઠના મહંત બલબિર ગિરિએ મંગળવારે પ્રયાગરાજસ્થિત બડે હનુમાન મંદિરમાં પાંટમા બડા મંગળ (બુધવા મંગળ) નિમિત્તે ભગવાન હનુમાનજીની પૂજા કરી હતી. (એજન્સી)

# રશિયાનો યુક્રેન પર ડ્રૉન અને મિસાઈલ હુમલોઃ ૧૮નાં મોત

કિવઃ રશિયાએ યુક્રેનના વધુ એક શહેર પર સેંકડો ડ્રોન અને ડઝનબંધ મિસાઈલથી કરેલા હુમલામાં ઓછામાં ઓછા ૧૮ જણનાં મોત અને ૧૦૦ કરતાં પણ વધુ લોકો ઘાયલ થયા હોવાનું સત્તાધિકારીઓએ સોમવારે કહ્યું હતું. હુમલાને કારણે થયેલા નુકસાનને કારણે અનેક લોકો ઈમારતના કાટમાળ હેઠળ દબાઈ ગયા હોવાનું માનવામાં આવે છે.

બચાવકર્તા ટુકડીએ કાટમાળ હેઠળથી ત્રણ વર્ષના એક બાળક, તેની માતા અને આઠ વર્ષના પુત્રના મૃતદેહ શોધી કાઢ્યા હતા. આખી રાત હુમલા ચાલ્યા હતા અને શહેરભરમાં વિસ્ફોટોના અવાજો સતત સંભળાયા હતા.

રશિયાએ મોટા હવાઈહુમલાની ચેતવણી આપી રાજદ્વારીઓને શહેર છોડી દેવાની અગાઉથી જ ચેતવણી આપી દીધી હોવાને કારણે કિવના રહેવાસીઓ સતત ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા હતા. (એજન્સી) ■

# ડ્રગ્સ કેસમાં દેશનું સાર્વભૌમત્વ મહત્ત્વનું, વ્યક્તિગત આઝાદી નહીંઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે મંગળવારે જણાવ્યું હતું કે જો દેશની સાર્વભૌમત્વ અને વ્યક્તિગત સ્વતંત્રતા વચ્ચે કોઈ ટકરાવ થાય છે તો સાર્વભૌમત્વને પ્રાથમિકતા મળશે, ખાસ કરીને એવા કેસોમાં જેમાં નશીલા પદાર્થો અને સાઈકોટ્રોપિકના કેસ હોય. કોર્ટે આ ટિપ્પણી પંજાબ અને હરિયાણા હાઇ કોર્ટના આ આદેશને રદ કરતી વખતે કરી હતી જેમાં એવા વ્યક્તિને જામીન આપવામાં આવ્યા હતા જેના પર જેલની અંદરથી મોબાઇલ ફોનનો ઉપયોગ કરીને નશીલા પદાર્થોની તસ્કરીનું નેટવર્ક ચલાવવાનો આરોપ છે. જસ્ટિસ સંજય કરોલ અને જસ્ટિસ એન.કોટિશ્વર સિંહની બેન્ચે કહ્યું હતું કે જો દેશની સંપ્રભુતા અને વ્યક્તિગત સ્વતંત્રતા વચ્ચે કોઈ સંઘર્ષ થાય છે તો નિઃશંકપણે સંપ્રભુતા સર્વોપરિ હશે ખાસ કરીને ત્યારે જ્યારે દેશ વિરુદ્ધ કોઈ યુદ્ધ શરૂ કરવામાં આવ્યું હોય પછી ભલે તે ડ્રગ્સની સપ્લાયના સ્વરૂપમાં કેમ ના હોય. કારણ કે આ રાષ્ટ્રીય અર્થવ્યવસ્થા અને લોકોના સ્વાસ્થ્યને ખૂબ જ ગંભીર અસર કરે છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે આ કેસમાં આરોપીનો ભૂતકાળનો રેકોર્ડ બતાવે છે કે તેણે નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાઈકોટ્રોપિક સબસ્ટન્સિસ (એનડીએસ) એક્ટ હેઠળ આ પ્રકારના ગુનાઓ અગાઉ પણ કર્યા હતા. તેથી એવું કહી શકાય નહીં કે આરોપી જામીન પર હોય ત્યારે આવો ગુનો કરે તેવી શક્યતા નથી.

આરોપીએ ફક્ત એક વર્ષ અને સાત મહિના જેલમાં વિતાવ્યા છે. ■

# નેપાળ સાથેના સીમાવિવાદમાં ત્રીજાની મધ્યસ્થી નહીંઃ ભારત

નવી દિલ્હીઃ ભારતે નેપાળ સાથેનો સરહદવિવાદ ઉકેલવા કોઇ ત્રીજા દેશની મધ્યસ્થીની શક્યતા મંગળવારે નકારી કાઢી હતી. અગાઉ, નેપાળના વડા પ્રધાન બાલેન્દ્ર શાહે ભારત સાથેનો સીમાવિવાદ ઉકેલવા માટે ચીન અને યુનાઇટેડ કિંગડમને મધ્યસ્થી કરવા વિનંતિ કરી હતી.

નેપાળના વડા પ્રધાને ‘ભારતની ભૂમિ પરના અતિક્રમણ’ અંગે કરેલા નિવેદન સંબંધે પત્રકારો દ્વારા પુછાયેલા સવાલના જવાબમાં ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે ભારત અને નેપાળ વચ્ચેની કોઇ પણ બાબત દ્વિપક્ષી સ્તરે જ ઉકેલાશે અને તેમાં કોઇ ત્રીજા દેશની મધ્યસ્થી થવા નહિ દેવાય.

તેમણે જણાવ્યું હતું કે ભારત અને નેપાળની સરહદના અંદાજે ૯૮ ટકા વિસ્તારનું સીમાંકન થઇ ગયું છે. ગંડક નદીના બદલાયેલા વહેણને લીધે અમુક મુદ્દા ઊભા થયા છે, પરંતુ તે બન્ને દેશ આપસમાં મળીને જ ઉકેલશે. રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે સરહદ પરના માનવ-વિહોણા વિસ્તારમાં અતિક્રમણની અમુક સમસ્યા ઊભી થઇ છે. અગાઉ, રૅપરમાંથી રાજકારણી બનેલા નેપાળના વડા પ્રધાન શાહે રવિવારે જણાવ્યું હતું કે ભારત સાથેની સરહદના લિપુલેખ ઘાટને લગતો વિવાદ ઉકેલવામાં મદદ મેળવવા નેપાળ ચીન અને બ્રિટનના સંપર્કમાં છે. આ વિવાદ બ્રિટિશ-શાસન વખતનો હોવાથી અમે માનીએ છીએ કે તેના ઉકેલ માટેની મંત્રણામાં ઇંગ્લેન્ડનો સમાવેશ કરવો જોઇએ. (એજન્સી

# ટ્રમ્પે કૃષિ અને ઔદ્યોગિક સાધનોની ટૅરિફમાં દસ ટકાનો ઘટાડો કર્યો

નવી દિલ્હીઃ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રોકાણને પ્રોત્સાહન આપવા અને અમેરિકન અર્થતંત્રના મુખ્ય ક્ષેત્રોને ટેકો આપવાના વ્યાપક પ્રયાસના ભાગ રૂપે, વિવિધ કૃષિ અને ઔદ્યોગિક સાધનો પરના ટૅરિફમાં કામચલાઉ ઘટાડો કરવાની જાહેરાત કરી છે, જેમાં ડ્યૂટી પચીસ ટકાથી ઘટાડીને ૧૫ ટકા કરવામાં આવી છે.નવી ઘોષણા દ્વારા જાહેર કરાયેલ આ પગલું ડિસેમ્બર ૨૦૨૭ સુધી અમલમાં રહેશે અને તેનો હેતુ સ્થાનિક ઉત્પાદન અને કૃષિ ઉત્પાદનને મજબૂત બનાવતા વ્યવસાયો માટે ખર્ચ ઘટાડવાનો છે.ટૅરિફમાં ઘટાડો અનેક પ્રકારની કૃષિ મશીનરી પર લાગુ પડે છે, જેમાં કમ્બાઈન્સ, હાર્વેસ્ટર અને અન્ય કૃષિ સાધનોનો સમાવેશ થાય છે.

વાઇટ હાઉસે જણાવ્યું હતું કે નીચો ડ્યૂટી દર ખેડૂતો અને કૃષિ ઉત્પાદકોને ઓછા ખર્ચે નવા સાધનોમાં રોકાણ કરવામાં મદદ કરવાનો છે.

પ્રશાસને ઘટાડેલા ટેરિફ દર માટે પાત્ર ઔદ્યોગિક સાધનોની સૂચિ પણ વિસ્તૃત કરી છે. અમેરિકા વેપાર કરારો દ્વારા આવરી લેવામાં આવતા દેશોમાંથી આયાત કરાયેલ બુલડોઝર, ફોર્કલિફ્ટર અને સમાન સાધનો જેવી મોબાઇલ ઔદ્યોગિક મશીનરી હવે ૧૫ ટકા ટૅરિફ માટે પાત્ર બનશે, જે અગાઉના પચીસથી નીચે છે.

# વેદાન્તા ગ્રૂપ પર ઈડીના દરોડા

નવી દિલ્હીઃ ફૉરેન ઍક્સચેન્જ મેનેજમેન્ટ ઍક્ટ (ફેમા)ના નિયમોના ભંગને મામલે ઍન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ અબજપતિ અનિલ અગ્રવાલના વેદાન્તા ગ્રૂપ વિરુદ્ધ તપાસ આરંભી તેમના સત્તાવાર કાર્યાલય પર દરોડા પાડ્યા હોવાનું અધિકારીઓએ મંગળવારે કહ્યું હતું. દિલ્હી, મુંબઈ અને રાજસ્થાનના ઉદયપુર સહિત વેદાન્તા ગ્રૂપના વિવિધ ચાર સ્થળે સોમવારે દરોડા પાડવામાં આવ્યા હોવાનું તેમણે કહ્યું હતું. ‘ફેમા’ની નાગરિક જોગવાઈ હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું. ભારતીય કંપની વેદાન્તા લિ.ની લંડનસ્થિત પિતૃકંપની વેદાન્તા રિસોર્સિસે વર્ષ ૨૦૨૩માં વેદાન્તા લિ.ને બ્રાન્ડ ફીનો અમુક હિસ્સો રિફંડ કર્યો હોવા પર ઈડીની નજર હતી. (એજન્સી)■

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# નીટ પછી સીબીએસઇ: ભાવિ પેઢીની આપણને ચિંતા છે ખરી?

**દેશભરની** મેડિકલ કોલેજોમાં એમબીબીએસ સહિતના અંડર ગ્રેજ્યુએટ કોર્સીસ માટે લેવાતી નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ એક્ઝામિનેશન નીટનું પેપર ફૂટી ગયું. તેના કારણે આખી પરીક્ષા રદ કરીને નવેસરથી લેવી પડશે તેનો ડખો ચાલુ જ છે ત્યાં સેન્ટ્રલ બોર્ડ ફોર સેકન્ડરી એજ્યુકેશન સીબીએસઇના બારમા ધોરણની પરીક્ષાનાં પેપર તપાસવામાં થયેલું ભોપાળું બહાર આવ્યું છે. બોર્ડે આ વખતથી પેપર તપાસવા માટે ઓન-સ્ક્રીન માર્કિંગ ઓએસએમ સિસ્ટમ અમલી બનાવી છે પણ તેમાં પહેલા ગ્રાસે જ મક્ષિકા જેવો ઘાટ થઈ ગયો છે. ઓન-સ્ક્રીન માર્કિંગ ઓએસએમ સિસ્ટમમાં જાત જાતની ગરબડો થઈ તેમાં બારમા ધોરણનું આખું પરિણામ જ શંકાના દાયરામાં આવી ગયું છે.

પહેલાં બોર્ડનાં પેપર તપાસવા હોય તો શિક્ષકોને ઉત્તરવહીનાં બંડલ મોકલાતાં હતાં. બોર્ડને તુક્કો સૂઝયો એટલે ઓન-સ્ક્રીન માર્કિંગ ઓએસએમ શરૂ કરાવ્યું તેમાં ઉત્તરવહીઓને સ્કેન કરીને શિક્ષકોને મોકલાય છે. શિક્ષકો ઓનલાઈન ચકાસણી કરે ને માર્ક મૂકે. સ્કેન કરાયેલી ઉત્તરવહીઓ મોકલાઈ તેમાંથી હજારો ઝાંખી હતી કેમ કે યોગ્ય રીતે સ્કેન નહોતી કરાઈ. ઘણી ઉત્તરવહીઓમાં લખાણ કપાતું હતું કેમ કે સરખી રીતે ક્રોપ નહોતી કરાઈ. વિદ્યાર્થીઓએ આન્સર શીટ (ઉત્તરવહી) ની ફોટોકોપીમાંથી કેટલાક પાનાં ગાયબ હોવાની ફરિયાદ પણ કરી છે.

સ્કેન કરેલી ઉત્તરવહી વિદ્યાર્થીના નંબરને બદલે ભળતા જ નંબરો સાથે જોડાઈ ગયેલી તેથી વિદ્યાર્થીએ પોતે લખેલી ઉત્તરવહીના બદલે બીજા કોઈની ઉત્તરવહીના આધારે માર્ક આપી દેવાયા હોય એવા હજારો કિસ્સા બન્યા. વિદ્યાર્થીઓ પરિણામ આવ્યા પછી પોતાની ઉત્તરવહી જોઈ શકે છે. હજારો વિદ્યાર્થીઓએ દાવો કર્યો છે કે, પોતાના પરિણામ સાથે જોડાયેલી ઉત્તરવહીમાં પોતાના અક્ષરો જ નથી ને પોતે આપેલા જવાબો પણ નથી. આ ભવાડા બહાર આવ્યા તેમાં સીબીએસઈની ઈજ્જતનો કચરો થઈ ગયો.

આ બેઈજ્જતી ઓછી હોય તેમ સીબીએસઈએ રીવેલ્યુએશન એટલે કે પુનર્મૂલ્યાંકન માટેનું પોર્ટલ ચાર દાડા સુધી ખૂલ્યું જ નહીં. સીબીએસઈએ પહેલાં જાહેરાત કરેલી કે, ૨૯ મેના દિવસે પોર્ટલ ખૂલશે તેથી વિદ્યાર્થીઓ ફરી ભરીને તૈયારી કરીને બેઠેલા પણ સીબીએસઈએ ગ્રહણ ટાણે જ સાપ કાઢીને જાહેર કર્યું કે, ટેકનિકલ સમસ્યાના કારણે હવે ૧ જૂને પોર્ટલ ખૂલશે. ૧ જૂને લાખો વિદ્યાર્થીઓ આખો દિવસ મથામણ કરીને થાકી ગયા પણ પોર્ટલ ના ખૂલ્યું તે ના જ ખૂલ્યું. ૨ જૂન ને મંગળવારે પણ આ રેઢિયાળપણું ચાલુ રહ્યું.

સવારથી મથતા હોવા છતાં મોટા ભાગના વિદ્યાર્થી તો લોગ-ઈન જ ના કરી શક્યા. કેટલાક નસીબના બળિયા લોગ-ઈન કરી શક્યા તો એ પછી તેમનાં નસીબ ફૂટી ગયાં કેમ કે ફ્રોઝન સ્ક્રીનની સમસ્યા આવી ગઈ. લગભગ ચાર લાખ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે તેથી આ વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો પાંચ દિવસ પછી પણ અધ્ધર જીવે છે. ક્યારે પોર્ટલ સરળતાથી કામ કરતું થશે એ તેમને ખબર નથી. માનો કે કામ કરતું થાય તો પણ સરખી રીતે ચાલશે કે નહીં એ નક્કી નથી ને અંતે જે પણ પરિણામ આવશે એ ખરેખર સાચું હશે કે પરિણામની જેમ તેમાં પણ ઝોલમઝોલ હશે એ નક્કી નથી તેથી આ ચાર લાખ પરિવારોની સમસ્યાઓનો ક્યારે અંત આવશે એ ખબર નથી.

આ રામકથાની વચ્ચે એવી વાત બહાર આવી છે કે, સીબીએસઈના પુનઃમૂલ્યાંકન (રી-ઇવેલ્યુએશન) પોર્ટલની પેમેન્ટ સિસ્ટમ પર 'સાઇબર એટેક' થયો હતો અને ૫૦ વિદ્યાર્થીઓએ પોર્ટલ હેક કરી લીધું હતું. તેના કારણે સીબીએસઈ (સીબીએસઇ) પોર્ટલ પર આન્સરશીટની ફોટોકોપી મેળવવા માટેની અરજી ફી અલગ-અલગ દેખાવા લાગી હતી. સીબીએસઈએ ફી ૭૦૦ રૂપિયાથી ઘટાડીને ૧૦૦ રૂપિયા કરી નાખેલી તેથી બધે સરખી ફી દેખૌવી જોઈએ પણ ક્યાંક ફી એક રૂપિયો દેખાતી હતી તો ક્યાંક ૬૮,૦૦૦૦ રૂપિયા દેખાતી હતી. ફીમાં પાછો વધારો ઘટાડો પણ થયા કરતો હતો.

આ બધાથી અલિપ્ત આપણી કેન્દ્ર સરકાર કશું ના બન્યું હોય એમ વર્તવામાં વ્યસ્ત છે. ઓન-સ્ક્રીન માર્કિંગ (ઓએસએમ) સિસ્ટમનો કોન્ટ્રાક્ટ હૈદરાબાદની ખાનગી આઈટી કંપની કોએમ્પ્ટ એજ્યુટેકને અપાયો છે. કેન્દ્ર સરકારે ગરબડ મુદ્દે સરકારી રાહે રિપોર્ટ માગ્યો છે પણ કંપની સામે હજુ લગી તો કોઈ પગલાં લીધાં નથી કે આટલા મોટા પાયે ગોબાચારી છતાં કોઈ દંડ પણ ફટકાર્યો નથી. પરિણામમાં ગરબડની ફરિયાદ આવી ત્યારે પહેલાં તો કંપનીએ કશું ના બન્યું હોય એમ એકલદોકલ કિસ્સામાં આવું બન્યું છે એવું કહીને હાથ ખંખેરી નાખેલા. સીબીએસઈએ પોતે પાછળથી સત્તાવાર રીતે કહ્યું કે, લગભગ ૬૮ હજાર ઉત્તરવહીઓમાં લોચા છે. આ ઉત્તરવહીઓના સ્કેનિંગ અને ક્રોપ કરવામાં થયેલી ગરબડોના કારણે તેમનાં બંડલ મોકલીને ફરી તેમનાં પેપર તપાસીને નવેસરથી માર્ક મૂકવા પડ્યા છે. આ નવેસરથી પેપર તપાસવાની પ્રક્રિયા કેટલી સાચી હશે એ પણ ખબર નથી.

આ તો સીબીએસઈનો પોતાનો સત્તાવાર જવાબ છે ને ખરેખર તો તેના આધારે ભવાડો કરનારી કંપનીને સૌથી પહેલાં તો બ્લેક લિસ્ટ કરી દેવી જોઈએ. કંપનીના કારભારીઓ સામે હજારો વિદ્યાર્થીઓના ભાવિ સાથે ચેડાં કરવા બદલ ફોજદારી કેસ કરીને તેમને અંદર નાખવા જોઈએ . આ કંપનીને કોન્ટ્રાક્ટ અપાયો ત્યારે આટલી મોટી પરીક્ષા લેવાની તેનામાં ક્ષમતા છે કે નહીં તેની ચકાસણી કરાયેલી કે નહીં તેની તપાસ થવી જોઈએ, કોન્ટ્રાક્ટ આપવામાં ગોબાચારી થઈ છે કે નહીં તેની તપાસ કરવાની હોય ત્યારે કેન્દ્ર સરકાર હજુ રિપોર્ટ રિપોર્ટ રમ્યા કરે છે. આ વલણ ખરેખર આઘાતજનક કહેવાય.

સીબીએસઈના ઓએસએમ અને રીવેલ્યુએશનના ભવાડાએ બે વાત સાબિત કરી છે. પહેલી વાત એ કે, આપણે ડિજિટલ ઈન્ડિયાની મોટી મોટી વાતો કરીએ છીએ પણ હજુય આપણે પછાત દેશ છીએ. આપણે પછાત ના હોઈએ તો એક પરીક્ષા માટેની ફુલપ્રૂફ સિસ્ટમ કેમ ઊભી કરી શકતા નથી ? આ બધા ભવાડા કેમ થાય છે? કેમ કે ડિજિટલ ઈન્ડિયાના નામે મળતિયાઓને મોટા મોટા કોન્ટ્રાક્ટ આપીને ઘર ભરવાનો ખેલ થાય છે. વાસ્તવિક રીતે ડિજિટલ ઈન્ડિયાનું નિર્માણ થઈ રહ્યું નથી ને તેમાં દેશની આબરૂના પણ ભડાકા થઈ ગયા છે. વિદેશી મોડલો પર બનેલી પેમેન્ટ એપ્સ ચાલે એટલે ડિજિટલ ઈન્ડિયા ના કહેવાય.

બીજી વાત એ કે, આ દેશમાં મહેનત કરીને તૂટી જતા વિદ્યાર્થીઓની મહેનતની કોઈ કદર નથી. લાખો વિદ્યાર્થીઓના ભાવિ સાથે ચેડાં કરનારા અધિકારીઓ કે કોન્ટ્રાક્ટરોને ખરેખર તો આરબ દેશોના ન્યાયની જેમ જાહેરમાં ચાબૂકથી સટાકા મારવા જોઈએ પણ તેમને કશું થતું નથી. કોઈ પણ પરીક્ષા આપો પણ તેનાં પરિણામો શંકાથી પર હોતાં નથી તેથી મહેનત કરનારો આપણો દીકરો કે દીકરી સતત ટેન્શનમાં જીવ્યા કરે છે ને આપણે પણ ટેન્શનમાં જીવ્યા કરીએ છીએ. બીજી તરફ દેશનું ભાવિ મનાતા વિદ્યાર્થીઓની જિંદગી સાથે ક્રૂર રમત રમનારા જલસા કરે છે.

આ કેવા ભારતનું નિર્માણ થઈ રહ્યું છે? ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મ ઋતુ, બુધવાર, તા. ૩–૬–૨૦૨૬, સંકષ્ટી ચતુર્થી

- ભારતીય દિનાંક ૧૩, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, અધિક જયેષ્ઠ વદ –૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે અધિક જયેષ્ઠ, તિથિ વદ–૩
- પારસી શહેનશાહી રોજ ૨૩મો દએપદીન, માહે ૧૦મો દએ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૩મો દએપદીન, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૬મો મેહેર, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૭મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૮મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- નક્ષત્ર પૂર્વાષાઢા મધ્યરાત્રિ પછી ક. ૨૪–૫૯ સુધી (તા. ૪), પછી ઉત્તરાષાઢા
- ચંદ્ર ધનુમાં ● ચંદ્ર રાશિ નામાક્ષર: ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદય: મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્ત: મુંબઈ ક. ૧૯ મિ. ૧૦, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૦, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : બપોરે ૧૩–૫૯, મધ્યરાત્રિ પછી ક. ૦૧–૩૨ (તા. ૪)
- ઓટ: સવારે ક. ૦૬–૫૯, રાત્રે ક. ૨૦–૦૫
- વ્રત પર્વાદિ: વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, અધિક જયેષ્ઠ કૃષ્ણ – તૃતીયા. સંકષ્ટી ચતુર્થી ચંદ્રોદય રાત્રે ક. ૨૧–૫૧, ભદ્રા સવારે ક. ૦૮–૧૧ થી રાત્રે ક. ૨૧–૨૧.
- શુભાશુભ દ્દિનશુદ્ધિ: સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષ: પરગામ પ્રયાણ મધ્યમ, વિદ્યારંભ, માલ વેંચવો, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, પશુ લે–વેંચ, નેતરનું વૃક્ષ વાવવું, આંબળાના ઔષધીય પ્રયોગો, સંકષ્ટ ચતુર્થી ઉપવાસ, બુધ–શુક્ર ગ્રહદેવતાનું પૂજન, વિશેષમાં શ્રી ગણેશને કેરી અથવા કેરીની ખીર પણ અર્પણ કરવી. ચુરમાના લાડુ અર્પણ કરવા. દિવસ દરમિયાન વિષ્ટિ દોષ ગ્રાહ્ય નથી.
- પુરુષોત્તમ માસ મહિમા: પુરુષોત્તમ માસના વ્રત નિયમ પાલન શ્રદ્ધાપૂર્વક કરવાથી મનની હતાશા દૂર થાય છે. ભક્તિમાં શ્રદ્ધાનું નિરુપણ થવાથી ઈશ્વર તત્ત્વોનો અનુભવ થાય છે. જેમ બાળકને માતાપિતામાં શ્રદ્ધા હોય છે તેમ મનુષ્ય, સ્ત્રીઓ, સર્વેને જગતના પાલક ભગવાન પુરુષોત્તમમાં શ્રદ્ધા છે. અધિક માસમાં તીર્થસ્નાન અથવા પવિત્ર નદીઓમાં સ્નાન કરવાનું વિશેષ માહાત્મ્ય છે. ઘરે સ્નાનના પાણીમાં ગંગાજળ ઉમેરીને પણ સ્નાન કરી શકાય.
- આચમન: ચંદ્ર–મંગળ ત્રિકોણ બળવાન જીવનતત્ત્વ, ચંદ્ર–શનિ ચતુષ્કોણ મતલબી, ચંદ્ર–શુક્ર પ્રતિયુતિ ઉડાઉ સ્વભાવ, બુધ–રાહુ ત્રિકોણ વિચારશીલ, બુધ–નેપ્ચ્યૂન ચતુષ્કોણ ચાલબાજીવાળા
- ખગોળ જ્યોતિષ: ચંદ્ર–મંગળ ત્રિકોણ, ચંદ્ર–શનિ ચતુષ્કોણ, ચંદ્ર–શુક્ર પ્રતિયુતિ, બુધ–રાહુ ત્રિકોણ, બુધ–નેપ્ચ્યૂન ચતુષ્કોણ
- ગ્રહગોચર: સૂર્ય–વૃષભ, મંગળ–મેષ, માર્ગી બુધ–મિથુન, માર્ગી ગુરુ–કર્ક, શુક્ર–મિથુન, માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

# ૮૦૦ કરોડનું ચિટ ફંડ કૌભાંડ: મુંબઈમાંથી બે માસ્ટરમાઇન્ડ પકડાયા

નવી દિલ્હી: સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ) એ ઉત્તરાખંડમાં ૮૦૦ કરોડ રૂપિયાના એલયુસીસી ચિટ ફંડ કૌભાંડમાં બે કથિત માસ્ટરમાઇન્ડની મુંબઈથી ધરપકડ કરી છે. અધિકારીઓએ મંગળવારે આ જાણકારી આપી હતી. એવો આરોપ છે કે લોની અર્બન મલ્ટી-સ્ટેટ ક્રેડિટ એન્ડ થ્રિફ્ટ કો-ઓપરેટિવ સોસાયટી (એલયુસીસી) ના ૧૦૦,૦૦૦થી વધુ રોકાણકારોને આકર્ષક વળતરનું વચન આપીને આશરે ૮૦૦ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ઉત્તરાખંડ પોલીસે કૌભાંડમાં ૧૮ એફઆઈઆર દાખલ કર્યા પછી કથિત મુખ્ય કાવતરાખોરો કિશન જૈન અને પંકજ જૈન ફરાર થઈ ગયા હતા. તેમણે જણાવ્યું હતું કે ઉત્તરાખંડ હાઈકોર્ટે ગયા વર્ષે નવેમ્બરમાં આ કેસ સીબીઆઈને ટ્રાન્સફર કર્યા હતા. સીબીઆઈના પ્રવક્તાના નિવેદન અનુસાર, એજન્સીએ બંને આરોપીઓને મુંબઈમાં શોધી કાઢ્યા અને સોમવારે તેમની ધરપકડ કરી હતી.

એજન્સીએ જણાવ્યું હતું કે આ કેસમાં એલયુસીસી દ્વારા કથિત ગેરકાયદે રીતે થાપણો એકત્રિત કરવા, છેતરપિંડી, ગુનાઇત વિશ્વાસ ભંગ, ગુનાઇત કાવતરું, અનિયમિત થાપણ યોજનાઓ ચલાવવી અને ભંડોળનો દુરુપયોગ સામેલ છે.

### સમ્રાટ ચૌધરીએ રાબડી દેવીને સંભળાવ્યું...

# 'મા-દીકરાને અલગ-અલગ ઘર જોઈએ છે, આ કાંઈ રાજાશાહી નથી'

શેખપુરા (બિહાર): બિહારના મુખ્ય પ્રધાન સમ્રાટ ચૌધરીએ મંગળવારે રાજ્યની મુખ્ય વિપક્ષી પાર્ટી રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી) પર આડકતરી રીતે નિશાન સાધ્યું હતું. આરજેડી ભૂતપૂર્વ મુખ્યમંત્રી રાબડી દેવી જે બંગલામાં રહેતા હતા તે સરકારી બંગલાની ફાળવણી પર નારાજગી વ્યક્ત કરી રહ્યું છે.

વિરોધ પક્ષ કે તેના નેતાઓનું નામ લીધા વિના ચૌધરીએ વિવાદનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, ''આ રાજાશાહી નથી... માતાને એક ઘર જોઈ છે અને તેના દીકરાને બીજું ઘર જોઈએ છે.''

મુખ્ય પ્રધાન સમ્રાટ ચૌધરી શેખપુરામાં ''સહયોગ શિબિર''ને સંબોધિત કરી રહ્યા હતા. રાજ્ય સરકારે તાજેતરમાં વિવિધ વિભાગો સાથે સંબંધિત લોકોની ફરિયાદોના નિરાકરણને ઝડપી બનાવવા માટે આ પહેલ શરૂ કરી છે.

રાબડી દેવી ૧૦, સર્ક્યુલર રોડ ખાતેના સરકારી નિવાસસ્થાનમાં રહે છે અને તેમણે વિધાન પરિષદમાં નેતા વિપક્ષના રૂપમાં ફાળવવામાં આવેલા ૩૯, હાર્ડિંગ રોડ ખાતેના નિવાસસ્થાનમાં ગયા નથી. દરમિયાન તેમના પુત્ર અને વિધાનસભામાં વિપક્ષના નેતા તેજસ્વી યાદવ ૧, પોલો રોડ ખાતેના નિવાસસ્થાનમાં રહે છે.

ચૌધરીએ કહ્યું હતું કે, હું છેલ્લા ઘણા વર્ષોથી કોઈ સરકારી બંગલામાં રહ્યો નથી. હું મારા ખાનગી ઘરમાં રહું છું. તેમણે દાવો કર્યો હતો કે મુખ્યપ્રધાનનું પદ સંભાળ્યા પછી તેઓ ભૂતપૂર્વ મુખ્યપ્રધાન નીતીશ કુમારની વિનંતી પર કામ કરવા માટે મુખ્યપ્રધાનના સત્તાવાર નિવાસસ્થાનમાં ગયા હતા.

તેમની સરકારે તેનું નામ બદલીને ''લોક સેવક ભવન' રાખ્યું છે.

મુખ્યપ્રધાને કહ્યું હતું કે નીતીશ કુમારે તેમના સત્તાવાર નિવાસસ્થાનને ખાલી કરવામાં વિલંબ ન કરીને એક ઉદાહરણ રજૂ કર્યું. હું એમ પણ કહેવા માંગુ છું કે જે દિવસે મારા નેતા મને પદ છોડવા માટે કહેશે ત્યારે હું મારો સામાન પેક કરીને એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના નીકળી જઈશ.

# સુરક્ષાનાં કારણસર શ્રી અમરનાથ યાત્રામાં હેલિકોપ્ટરસેવા રદ

**સુરેશ એસ. ડુગ્ગર**

જમ્મુ: આ વખતની અમરનાથ યાત્રા દરમિયાન શ્રદ્ધાળુને સતત બીજા વર્ષે હેલિકોપ્ટર સેવાનો લાભ નહીં મળે. પ્રશાસને સુરક્ષાનું કારણ આપીને હેલિકોપ્ટર સંચાલનની પરવાનગી ન આપવાનું જાહેર કર્યું હતું. આ નિર્ણયથી સુરક્ષા એજન્સીને રાહત મળશે, પરંતુ દિવ્યાંગ અને બીમારીથી પીડાતા શ્રદ્ધાળુઓને હતાશા થશે.

અમરનાથ યાત્રાનો સમાવેશ દેશની મહત્ત્વની ધાર્મિકયાત્રામાં થાય છે. દર વર્ષે લાખો શ્રદ્ધાળુ દક્ષિણ કાશ્મીરસ્થિત પવિત્ર અમરનાથ ગુફાના દર્શન માટે પહોંચે છે. પારંપરિક રીતે આના બે રૂટ છે-પહલગામ અને બાલટાલનો. અગાઉ શ્રદ્ધાળુ મોટી સંખ્યામાં સમય અને શારીરિક ક્ષમતાની બચત માટે હેલિકોપ્ટર સેવાનો ઉપયોગ કરતા હતા. ખાસ કરીને આ સેવા વૃદ્ધો અને દર્દીઓ માટે સુવીધાજનક હોય છે.

# સુપ્રીમ કોર્ટની જજની સંખ્યા ૩૭ પર પહોંચી: નવા પાંચ ન્યાયમૂર્તિની સોગંદવિધિ

નવી દિલ્હી: ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્ય કાન્તે પાંચ નવા ન્યાયાધીશને સોમવારે હોદ્દાના સોગંદ લેવડાવ્યા હતા અને આને લીધે સર્વોચ્ચ અદાલતમાં જજની સંખ્યા ૩૭ પર પહોંચી હતી જે સૌથી વધારે છે. સૂર્ય કાન્તે જસ્ટિસ શીલ નાગુ, શ્રી ચંદ્રશેખર, સંજીવ સચદેવ, અરૂણ પલ્લી અને વી. મોહનાને શપથ લેવડાવ્યા હતા. સોગંદવિધિ સમારોહ સર્વોચ્ચ અદાલતના પરિસરમાં યોજાયો હતો. જજની સંખ્યા ૩૭ થઈ હતી જે સુધારેલી મહત્તમ સંખ્યા કરતાં એક ઓછી છે. કેન્દ્ર સરકારે સોમવારે પંજાબ અને હરિયાણા વડી અદાલતના જજ નાગુ, બોમ્બે હાઈ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટિસ ચંદ્રશેખર, મધ્ય પ્રદેશ હાઈ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટિસ સચદેવ, જમ્મુ અને કાશ્મીર અને લદાખના મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટિસ પલ્લી અને સિનિયર મહિલા ઍડવોકેટ મોહનાની નિમણૂકને બહાલી આપી હતી. સરકારે ગયા મહિને એક વટહુકમ બહાર પાડીને કાયદામાં સુધારો કર્યો હતો અને સર્વોચ્ચ અદાલતની મંજૂર કરાયેલી ક્ષમતા મુખ્ય ન્યાયમૂર્તિ સહિત ૩૪ને બદલે ૩૮ની કરી હતી. સર્વોચ્ચ અદાલતના કોલેજિયમે ૨૭મેએ આ જજના નામની ભલામણ કરી હતી. જસ્ટિસ મોહના જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રા પછી દેશની બીજી મહિલા છે જેમણે બારમાંથી સીધી બઢતી અપાઈ છે.

# અમેરિકામાં ગેરકાયદે વસવાટ કરતા 30 ભારતીયની ધરપકડ

ન્યૂ યૉર્ક: અમેરિકામાં ગેરકાયદે વસવાટ અને ટ્રક ડ્રાઈવર તરીકે કામ કરી રહેલા અંદાજે ૩૦ જેટલા ભારતીયની ધરપકડ કરવામાં આવી છે અને જલદી જ તેમને ભારત મોકલી આપવામાં આવશે, એમ યુએસ કસ્ટમ્સ ઍન્ડ બૉર્ડર પ્રોટેક્શન દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

અમેરિકામાં ગેરકાયદે વસવાટ કરતા લોકોને શોધી કાઢવા શરૂ કરવામાં આવેલા 'ઑપરેશન ચૅકમેટ'ના ભાગરૂપ ૧૧થી ૧૫મે દરમિયાન ઍરિઝોનાના યુમા સેક્ટરમાં હાથ ધરવામાં આવેલી કાર્યવાહીમાં સેમી-ટ્રક ચલાવતા ૩૬ સહિત કુલ ૫૬ જણની ધરપકડ કરવામાં આવી હતી.

સેમી-ટ્રક ચલાવતા ધરપકડ કરાયેલા ૩૬ ડ્રાઈવરમાંથી ૩૦ ભારતીય અને બાકીના છ મૅક્સિકો, અલ સાલ્વાડૉર અને રશિયાના રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું. (એજન્સી)

પહેલા પાનાનું ચાલુ

### લડેંગે યા મરેંગે...

કાર્યકરોનો સાથ છોડશે નહીં. તેમણે ભ્રષ્ટાચાર, ધાકધમકી અને ખંડણીના આરોપોમાં નેતાઓની મોટા પાયે ધરપકડ અને તાજેતરની વિધાનસભા ચૂંટણીમાં ટીએમસીની હાર પછી પાર્ટી કાર્યકરો પર થયેલા કથિત ત્રાસનો ઉલ્લેખ કર્યો હતો. મમતા રસ્તા પર ઊતરી આવ્યાં હતાં અને કહ્યું હતું કે, લડેંગે યા મરેંગે. તમને સત્તા પરથી હટાવીને જ રહીશ. જોકે મમતા માટે આઘાતજનક વાત એ હતી કે કુલ ૮૦માંના માત્ર પાંચ વિધાનસભ્ય અને ફક્ત ત્રણ સાંસદ જ ધરણામાં જોડાયા હતા.

તાજેતરની વિધાનસભા ચૂંટણીમાં ભાજપની જીત બાદ પાર્ટી કાર્યકરો અને નેતાઓ પર થયેલા કથિત ચૂંટણી પછીના હુમલાઓના વિરોધમાં મધ્ય કોલકાતામાં એક દિવસના ધરણામાં ટીએમસી સમર્થકોને સંબોધતા બેનરજીએ કહ્યું કે ભાજપ વિરોધી પક્ષો ટૂંક સમયમાં દેશવ્યાપી વિપક્ષી કાર્યક્રમ બનાવશે. ખૂબ જ ટૂંક સમયમાં બધા ભાજપ વિરોધી પક્ષો દિલ્હીમાં મળશે.

થોડા દિવસો રાહ જુઓ અને અમે ટૂંક સમયમાં અમારી દેશવ્યાપી કાર્યવાહીની ઘોષણા કરીશું.

કોલકાતા પોલીસે રાની રશ્મોની રોડ પર વિરોધ પ્રદર્શન કરવાની ટીએમસીની અપીલને ફગાવી દીધા બાદ બેનરજી એસ્પ્લેનેડના વાય-ચેનલ પર ધરણા સ્થળે પહોંચ્યા હતા. 'એક્સ' પરની એક પોસ્ટમાં બેનરજીએ ધરણા પ્રદર્શનને ચૂંટણી પછીની હિંસા, પુનર્વસન વિના ફેરિયાઓને બહાર કાઢવા, નીટ પરીક્ષામાં અનિયમિતતા/છેતરપિંડી અને ભાજપ સરકારની બદલો લેવાની ભાવનાથી કરવામાં આવેલી કાર્યવાહીના વિરોધમાં એક વિરોધ પ્રદર્શન ગણાવ્યું હતું.

બેનરજીએ કહ્યું હતું કે અમને એ સ્થળ પર કાર્યક્રમ યોજવાની મંજૂરી આપવામાં આવી ન હતી જ્યાં અમે વિનંતી કરી હતી. બીજા સ્થળે પણ પોલીસે અમને મંચ બનાવવા અને માઇક્રોફોનનો ઉપયોગ કરવાની મંજૂરી આપી ન હતી. જો અન્ય પક્ષોને તે સ્થળે રાજકીય કાર્યક્રમો યોજવાની મંજૂરી આપવામાં આવે અથવા જો તેમને માઇક્રોફોન સાથે મીટિંગો કરવાની મંજૂરી આપવામાં આવે તો અમે કોર્ટમાં જઈશું. કાયદો ભેદભાવ સાથે લાગુ કરી શકાય નહીં. ભૂતપૂર્વ મુખ્યમંત્રીના ભાષણ દરમિયાન ટીએમસીના કાર્યકરોએ સૂત્રોચ્ચાર કરતા વિરોધ પ્રદર્શન વચ્ચે અંધાધૂંધી જોવા મળી હતી.

ટીએમસી સુપ્રીમો સાથે પાર્ટીના જૂના કાર્યકરો ફિરહાદ હકીમ, મદન મિત્રા, કલ્યાણ બેનરજી, શોભનદેવ ચટ્ટોપાધ્યાય, ચંદ્રિમા ભટ્ટાચાર્ય અને ડોલા સેન પણ હતા, જેમાં ટીએમસી ટિકિટ પર વિધાનસભા બેઠકો જીતનારા મોટાભાગના નવા ચહેરાઓની સ્પષ્ટ ગેરહાજરી જોવા મળી હતી.

જોકે, પાર્ટી સુપ્રીમોએ ભારપૂર્વક જણાવ્યું હતું કે શનિવારે તેમના ભત્રીજા અને ટીએમસી સાંસદ અભિષેક બેનરજી પર થયેલા હુમલો, ચૂંટણી પછીની હિંસા અને ફેરિયાઓને બહાર કાઢવાના આરોપના વિરોધમાં ધરણા કરવામાં આવી રહ્યા છે.

બેનરજીએ આરોપ લગાવ્યો કે સોનારપુરમાં અભિષેક પર તાજેતરમાં થયેલ હુમલો યોજનાબદ્ધ રીતે કરવામાં આવ્યો હતો. જો ટીએમસી કાર્યકર્તાએ અભિષેકને હેલ્મેટ ન આપ્યું હોત તો તેના પર ફેંકાયેલા પથ્થરથી થયેલી ઈજા જીવલેણ બની શકી હોત.

### સીબીએસઇના

રી-વૅલ્યુએશન પોર્ટલની મંગળવારે ઍક્સેસ મેળવી હતી.

સેન્ટ્રલ બૉર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશને જણાવ્યું હતું કે અમારી વૅબસાઇટ સર્વિસ પરના હુમલાને કારણે પોર્ટલ પર માત્ર બે મિનિટમાં ૧૫ લાખ હિટ્સ મળી હતી.

જોકે આ આખા મામલે અગાઉ જ ઘણો વિવાદ થયો છે અને એજ્યુકેશન મિનિસ્ટર ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું વિપક્ષો માગી રહ્યા છે ત્યારે વિવાદને શાંત કરવા માટે ગઈ કાલે સાંજે ઉતાવળે બે અમલદારો – સીબીએસઈને અધ્યક્ષ રાહુલ સિંહ તથા સચિવ હિમાંશુ ગુપ્તા-ની બદલી કરાઈ હતી.

સીબીએસઇએ જણાવ્યું હતું કે અમારા પોર્ટલ પર ગેરકાયદે ફાઇલ ઍક્સેસના એક લાખથી વધારે પ્રયાસ કરાયા હતા.

કેન્દ્રીય બૉર્ડે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ પાસેથી મળેલી ફીડબૅકને આધારે અમે વૅબસાઇટ પરની કામગીરી વધુ સુવિધાવાળી અને સરળ બનાવવા પ્લેટફૉર્મમાં જરૂરી સુધારા-વધારા કર્યા હતા. અમારા વહાલા વિદ્યાર્થીઓને કોઇ તકલીફ ન પડે, તે માટે અમારી ટીમ્સ ચાંપતી નજર રાખે છે.સેન્ટ્રલ બૉર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશને ધોરણ ૧૨ની બૉર્ડ પરીક્ષામાંના ગુણાંક (માર્ક્સ)ના વૅરિફિકેશન (તપાસવા) અને રી-ઇવૅલ્યુએશન (ફેરતપાસ) માટેનું પોર્ટલ મંગળવારે શરૂ કર્યું હતું. અગાઉ, આ પોર્ટલ ૨૯ મેએ શરૂ થવાનું હતું. આમ છતાં, બૉર્ડે કોઇ ભૂલ ન થાય અને પારદર્શકતા જળવાઇ રહે, તે માટે પોર્ટલ પહેલી જૂને શરૂ કરવાનું નક્કી કર્યું હતું.

જે વિદ્યાર્થીઓએ રી-ઇવૅલ્યુએશન અને વૅરિફિકેશન માટે અરજી કરવી હોય, તેઓ સીબીએસઇ વૅબસાઇટ ભબતય.લજ્ઞદ.શક્ષ ઉપરથી સીધી લિંક મેળવી શકે છે. (એજન્સી)

### સુરતના બારડોલી

ટાળવાના પ્રયાસમાં મહારાષ્ટ્ર એસ.ટી. બસના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. પરિણામે, બસ ડિવાઇડર કૂદીને રોંગ સાઇડ પર ઘૂસી ગઈ હતી અને સામેથી આવતી અન્ય એક મહારાષ્ટ્ર એસ.ટી. બસ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ સામસામે થયેલી ટક્કર એટલી ભીષણ હતી કે બંને બસનો સંપૂર્ણપણે કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને તેમાંથી એક બસ રસ્તા પર પલટી મારી ગઈ હતી.

અકસ્માત સર્જાયા બાદ પરિસ્થિતિ વધુ ડરામણી બની ગઈ હતી કારણ કે અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, અકસ્માતનો ભોગ બનેલી એક બસ સીએનજી (સીએનજી) સંચાલિત હતી. ટક્કર થયાની ગણતરીની સેકન્ડોમાં જ વાહનમાં આગ ભભૂકી ઉઠી હતી અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા સમગ્ર વાહનને પોતાની લપેટમાં લઈ લીધું હતું. આ ભયાવહ દશ્યોને કારણે ઘટનાસ્થળે મુસાફરો અને રાહદારીઓમાં ભારે નાસભાગ અને અફરાતફરી મચી ગઈ હતી. દુર્ઘટનાની જાણ થતાં જ બારડોલીથી ફાયર બ્રિગેડ અને પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ફાયર બ્રિગેડના જવાનોએ આગ પર કાબૂ મેળવવા અને ફસાયેલા મુસાફરોને રેસ્ક્યૂ કરવાના પ્રયાસો યુદ્ધનાં ધોરણે શરૂ કર્યા હતા. વહીવટી તંત્ર દ્વારા બચાવ અને રાહત કામગીરી ઝડપી બનાવી તમામ ઇજાગ્રસ્ત મુસાફરોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. બીજી તરફ, સ્થાનિક પોલીસે ઘટનાસ્થળ પર પહોંચીને પંચનામું કરવાની કાર્યવાહી શરૂ કરી છે અને આ અકસ્માત પાછળનાં ચોક્કસ કારણો જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

### નવી મુંબઈ

નાણાં, સહકાર અને આયાત-નિકાસ ક્ષેત્રનાં હિસ્સેધારકોનો સમાવેશ કરવામાં આવશે, એવી અમે અપેક્ષા રાખી રહ્યા છીએ.

નવી મુંબઈનાં દાણા બજારની અગ્રણી સંસ્થા ગ્રેઈન રાઈસ ઍન્ડ ઑઈલ સીડ્સ મર્ચન્ટ્સ એસોસિયેશન (ગ્રોમા)નાં પ્રમુખ અને નીલેશભાઈ વીરા સહિતના અન્ય પદાધિકારીઓએ ગઈ કાલે નવા નિયુક્ત થયેલા ચેરમેન જયકુમાર રાવલને બજારની રોજિંદી સમસ્યાઓથી અવગત કર્યા હતા તેમ જ તેમણે સમસ્યાઓનું નિરાકરણ કરવાનું આશ્વાસન આપ્યું હોવાનું ગ્રોમાના પ્રમુખે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું.

વધુમાં રાજકીય સ્તરે થયેલા આ પરિવર્તનને ધ્યાનમાં બજાર સમિતિનાં ભવિષ્યના ધોરણો કેવા હશે તે બાબતે વેપારી આલમ, હમાલ, કામદાર અને ખેડૂત વર્ગમાં પણ ઉત્સુકતા જાગી છે.

### મમતા સામે

આંતરિક બળવો થયો છે.

તૃણમૂલ કૉંગ્રેસના બરતરફ કરાયેલા બે વિધાનસભ્ય – ઋતવ્રત બંદોપાધ્યાય અને સંદીપન સાહાએ પશ્ચિમ બંગાળ વિધાનસભામાં સુપરત કરાયેલા દસ્તાવેજોમાં પોતાની સહી બનાવટી હોવાનો દાવો કર્યો હતો.

રિજુ દત્તાએ જણાવ્યું હતું કે અમે વિધાનસભાના સ્પીકરને મળીને અમારો દાવો રજૂ કરીશું. અમારી પાસે પચાસ જેટલા એટલે કે બે-તૃતીયાંશ વિધાનસભ્યનો ટેકો છે એટલે અમારું જૂથ જ ખરો તૃણમૂલ કૉંગ્રેસ પક્ષ છે. તેથી રાજ્ય વિધાનસભામાં વિપક્ષના નેતા શોભનદેવ ચટ્ટોપાધ્યાય નહિ, પરંતુ ઋતવ્રત બંદોપાધ્યાય જ હોવા જોઇએ.

તેમણે જણાવ્યું હતું કે બંગાળમાં હાલમાં 'શિવસેના મહારાષ્ટ્ર મૉડલ' રચાયું છે.

મહારાષ્ટ્રની શિવસેનામાં ૨૦૨૨માં એકનાથ શિંદે જૂથ અને ઉદ્ધવ ઠાકરે જૂથ, એમ બે ભાગલા પડ્યા હતા અને બન્ને જૂથ વચ્ચે પક્ષના ચિહ્ન માટે ખેંચતાણ શરૂ થઇ હતી તેમ જ છેવટે આખો મામલો સર્વોચ્ચ અદાલત સુધી પહોંચ્યો હતો.

અગાઉ, તૃણમૂલ કૉંગ્રેસના વિધાનસભ્યોની એક બેઠકમાં ૮૦માંથી ૬૧ વિધાનસભ્ય ગેરહાજર રહ્યા હતા અને તેને પગલે સોમવારે સંદીપન સાહા અને ઋતવ્રત બેનરજીને પક્ષમાંથી બરતરફ કર્યા હતા. (એજન્સી)

### ઈરાને શાંતિમંત્રણા

તમને અને ઇઝરાયલને ધિક્કારે છે. તમે આ શું કરી રહ્યા છો? ટ્રમ્પે ટ્રૂથ સોશ્યલ પર લખ્યું હતું કે ઇરાન સાથેની શાંતિ-મંત્રણા ઝડપથી આગળ વધી રહી છે.

ઇરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ જણાવ્યું હતું કે ઇઝરાયલે લેબેનોન પર મોટા પાયે હુમલા કર્યા છે અને તે લેબેનોનમાં અંદર ઘૂસી ગયું છે. ઇઝરાયલ હુમલા નહિ અટકાવે અને અમેરિકાએ ઇરાનના બંદરો સામેની નાકાબંધી ઉઠાવી નહિ લે ત્યાં સુધી આ વિસ્તારમાં શાંતિ નહિ સ્થપાય. (એજન્સી)

# માંજલપુરના ધારાસભ્ય યોગેશ પટેલનું ૮૦ વર્ષની ઉંમરે નિધન

અમદાવાદ: ભાજપના વરિષ્ઠ નેતા અને માંજલપુરના ધારાસભ્ય યોગેશ પટેલનું મંગળવારે ૮૦ વર્ષની વયે હૃદયરોગના કારણે અવસાન થયું હતું. તેઓ વડોદરાની સ્ટર્લિંગ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા, જ્યાં તેમને બે દિવસ પહેલા દાખલ કરવામાં આવ્યા હતા. યોગેશ પટેલ કાકા તરીકે જાણીતા હતા અને વડોદરાના સૌથી પ્રભાવશાળી રાજકીય વ્યક્તિઓમાંના એક હતા. ૧૯૯૦માં જનતા પાર્ટીમાંથી યોગેશ પટેલ પ્રથમ વખત ધારાસભ્ય બન્યા હતા. ૧૯૯૫માં તેઓ ભાજપમાં જોડાયા હતા. જે બાદરાવપુરા બેઠક પરથી ૫ વખત ધારાસભ્ય બન્યા હતા. માંજલપુર બેઠક પર ૩ ટર્મથી ચૂંટાઈ આવતા હતા. પટેલને ગુજરાતના સૌથી વરિષ્ઠ ધારાસભ્યોમાંના એક ગણવામાં આવતા હતા અને વિજય રૂપાણીની આગેવાની હેઠળની સરકારમાં તેમણે રાજ્યના નર્મદા વિકાસ અને ગૃહનિર્માણ પ્રધાન તરીકે પણ સેવા આપી હતી. તેમણે વડોદરા અને મધ્ય ગુજરાતમાં વિકાસ પ્રોજેક્ટ્સને વેગ આપવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. રાજકારણ ઉપરાંત, પટેલ વડોદરાના સાંસ્કૃતિક અને સામાજિક જીવન સાથે ગાઢ રીતે સંકળાયેલા હતા. તેમના નિધનને લીધે ગુજરાત વિધાનસભા ફરી ખંડિત થઈ છે.

# અમદાવાદમાં ખરાબ હવામાનને કારણે સાત ફ્લાઈટ સુરત ડાઈવર્ટ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના ઘણા જિલ્લાઓમાં વાતાવરણમાં પલટો નોંધાયો હતો. રવિવારે મોડી રાત્રે અમદાવાદમાં અચાનક ભારે પવન અને ધૂળની ડમરીઓ સાથે વરસાદ વરસ્યો હતો. આ બગડી ગયેલા વાતાવરણને કારણે હવાઈસેવાઓને ભારે અસર થઈ હતી. આને કારણે ઓછામાં ઓછી સાત ઇનબાઉન્ડ ફ્લાઇટ્‌ને સુરત એરપોર્ટ તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી, જેના કારણે સુરત એરપોર્ટ પર ભારે હવાઈ ટ્રાફિક જોવા મળ્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર, અમદાવાદ એરપોર્ટ પર પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓ અને સલામતીના કારણોસર બેંગ્લુરુ-અમદાવાદ, હૈદરાબાદ-અમદાવાદ, પુણે-અમદાવાદ, મુંબઈ-અમદાવાદ, પટના-અમદાવાદ અને ભુવનેશ્વર-અમદાવાદ રૂટ પર ચાલતી ફ્લાઇટ્‌સ ડાયવર્ટ કરવામાં આવી હતી.

અચાનક વિમાનોના ધસારાને કારણે સુરત એરપોર્ટ પર હવાઈ ટ્રાફિકમાં નોંધપાત્ર વધારો થયો હતો. મોડી રાત સુધી એક પછી એક વિમાનો આવતા રહ્યા હતા, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. એરપોર્ટ સત્તાવાળાઓ, એર ટ્રાફિક કંટ્રોલ અને ગ્રાઉન્ડ હેન્ડલિંગ ટીમોએ વધારાની કામગીરીનું સંચાલન કરવા માટે ખાસ વ્યવસ્થા કરી હતી. અધિકારીઓએ સતત પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું કારણ કે એક સાથે અનેક વિમાનોને પાર્ક કરવા અને સર્વિસ કરવાની જરૂર હતી. અમદાવાદમાં હવામાનમાં સુધારો થયા પછી ફ્લાઇટ કામગીરી ધીમે ધીમે સામાન્ય થઈ ગઈ હતી. એર ઇન્ડિયા એક્સપ્રેસ ૩ જૂનથી સુરત અને દુબઈ વચ્ચે તેની સીધી ફ્લાઇટ સેવા ફરી શરૂ કરશે, જે પશ્ચિમ એશિયામાં શરૂ થયેલી અશાંતિને કારણે સ્થગિત કરાવામાં આવી હતી. એરલાઇન આ સેવા અઠવાડિયામાં ત્રણ વખત, બુધવાર, શુક્રવાર અને રવિવારે ચલાવશે.

# ભારે વરસાદ અને પવનને લીધે વાવ-થરાદમાં ત્રણનાં મોત

અમદાવાદ: ગુજરાતમાં ચોમાસા પહેલા જ આવેલા વરસાદ અને જોરદાર પવનને કારણે ઠેર ઠેર નુકસાનના સમાચાર આવી રહ્યા છે. ગુજરાતના ઘણા જિલ્લામાં વરસાદી વાતાવરણ વચ્ચે વાવ-થરાદ તાલુકામાં ત્રણ જણનાં મોત નિપજ્યાં હોવાની માહિતી મળી હતી. અચાનક વાતાવરણમાં પલટો આવતા થરાદ પંથકના જામપુર ગામે ધનીબેન ડાયાભાઈ કટારીયા નામની મહિલા પર વીજળી ત્રાટકી હતી. જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. આ સાથે ખેતરમાં બાંધેલી એક ભેંસનું પણ મોત નિપજ્યું હતું. બીજી એક ઘટનામાં વાવ તાલુકાના માડકા ગામે રહેતા ભગવાનભાઈ નાગજીભાઈ પટેલ નામના ૪૨ વર્ષીય યુવક પણ મૃત્યુ પામ્યાં હતાં. તેઓ ગત રાત્રે પોતાના પશુઓના શેડ પાસે હાજર હતા. અતિશય પવનને કારણે ઘરના પશુઓનો શેડ પડી ગયો હતો. આ દુર્ઘટનામાં લોખંડનો ભારે એન્ગલ ભગવાનભાઈના માથાના ભાગે વાગતા તેમનું ઘટનાસ્થળે જ કરુણ મોત થયું હતું. આ સાથે એક વૃદ્ધાનું પણ ભાભર તાલુકામાં મોત થયું હોવાના અહેવાલો મળ્યા હતા. આ સાથે ખેડૂતો તેમ જ કાચા ઘરમાં રહેતા લોકોએ પણ ભારે હાલાકી ભોગવવી પડી હતી.

# ગુજરાતના દોઢસો તાલુકામાં વરસાદ, તાપ ઘટ્યો પણ બફારો અસહ્ય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સોમવારે મોડી રાત્રે ભારે પવન અને ધૂળની ડમરીઓ સાથે અમદાવાદ સહિત ઘણા જિલ્લામાં વરસાદ વરસ્યો હતો. સૌથી વધારે વરસાદ અમદાવાદ જિલ્લાના ધંધુકામાં પડ્યો હતો. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગરના આંકડા પ્રમાણે, મંગળવારે સવારે ૬ કલાકે પૂરા થયેલા ૨૪ કલાક દરમિયાન ગુજરાતના ૧૫૦ તાલુકામાં વરસાદ પડ્યો હતો. અમદાવાદના ધંધૂકામાં સૌથી વધુ ૩.૭૪ ઇંચ વરસાદ ખાબક્યો હતો.

રાજ્યમાં એક તાલુકામાં ૩ ઇંચથી વધારે, એક તાલુકામાં ૨ ઇંચથી વધુ, ૧૬ તાલુકામાં ૧ ઇંચથી વધુ, ૨૭ તાલુકામાં અડધા ઇંચથી વધુ વરસાદ પડ્યો હતો. જ્યારે ૧૦૫ તાલુકામાં ૧ ઇંચથી ઓછો વરસાદ નોંધાયો હતો. દરમિયાન દાહોદમા સોમવારે સાંજે ભારે પવનને લીધે સાઈન બોર્ડ ધરાશાયી થતાં એક ૬૦ વર્ષના વયસ્કનું મોત નિપજ્યું હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. વરસાદ સાથે પવન હોવાથી અંતરિયાળ વિસ્તારોમાં નાગરિકોએ હાલાકી ભોગવી હતી.

દરમિયાન આજે પણ વરસાદી માહોલ રહેવાની શક્યતા છે. ઉત્તર ગુજરાતના જિલ્લાઓ અને કચ્છ માટે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. જ્યાં ૫૦-૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. અમદાવાદ, વડોદરા, સુરત, ભરૂચ, દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ અને સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં ૪૦-૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે તેવી પણ આગાહી કરવામાં આવી છે. આવનારા બે-ત્રણ દિવસો દરમિયાન સમગ્ર રાજ્યમાં વરસાદી માહોલ રહે તેવી આગાહી કરવામાં આવી છે. જોકે આ લખાય છે ત્યાં સુધી મંગળવારે પાટણમાં ૧૪ એમએમ સિવાય નોંધપાત્ર વરસાદ નોંધાયો ન હતો.

વરસાદી માહોલને લીધે ગરમીનો પારો નીચે ગયો હતો, પરંતુ બફારા અને ઉકળાટનો અનુભવ નાગરિકોએ કર્યો હતો. જોકે અમદાવાદ, વડોદરા, રાજકોટ, અમરેલી, સુરેન્દ્રનગર જેવા શહેરોમાં ગરમીનો પારો ૪૦થી ૪૧ ડિગ્રી વચ્ચે જ નોંધાયો હતો.

# મંદીના એંધાણ વચ્ચે મે મહિનામાં ગુજરાતની જીએસટીની આવક ૧૬ ટકા વધી

અમદાવાદ: ગુજરાત સહિત દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારો થતાં મોંઘવારી આસમાને પહોંચી છે. દેશમાં પણ આર્થિક મંદીની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ત્યારે ગુજરાતને મે-૨૦૨૬માં જીએસટી હેઠળ રૂ. ૭,૨૬૨ કરોડની આવક થઈ છે. એક વર્ષમાં જીએસટી આવકમાં રૂ.૯૯૫ કરોડનો વધારો નોંધાતા ૧૬ ટકાનો વૃદ્ધિદર પ્રાપ્ત થયો છે. આ સમયગાળામાં રાજ્યની જીએસટી વસૂલાતનો વૃદ્ધિદર રાષ્ટ્રીય સરેરાશ કરતાં ઘણો ઊંચો રહ્યો છે. મે-૨૦૨૬ માં દેશમાં જીએસટી આવકમાં માત્ર ૩.૨ ટકાનો વધારો નોંધાયો છે. ગુજરાતની જીએસટી આવકમાં થયેલો આ નોંધપાત્ર વધારો રાજ્યની આર્થિક સક્રિયતા અને વેપારિક મજબૂતીનો સંકેત છે.

રાજ્ય કર વિભાગે જાહેર કરેલા આંકડા મુજબ ગુજરાત સરકારની ગુડ્‌સ એન્ડ સર્વિસ ટેક્સની આવક તો વધી છે તદુપરાંત મૂલ્ય વર્ધિત વેરા હેઠળ પેટ્રોલ, ડીઝલ અને સીએનજી પર લેવામાં આવતા વેટની મે ૨૦૨૬ની આવક રૂ. ૨૭૧૭ કરોડની થઈ છે. ગુજરાતમાં વેટની રૂ. ૭૨૬૨ કરોડની આવક ઉપરાંત વિદ્યુત શુલ્કની રૂ. ૯૯૮ કરોડની, વ્યવસાય વેરાની રૂ.૨૨ કરોડની આવક થઈ છે. આમ ગુજરાતના કરવેરા વિભાગની ગુડ્‌સ એન્ડ સર્વિસ ટેક્સ, વિદ્યુત શુલ્ક અને વ્યવસાય વેરા થકી થતી કુલ આવક રૂ. ૧૦૯૯૮ કરોડને વટાવી ગઈ છે.

# અમદાવાદમાં ધોળા દિવસે યુવકની હત્યા, કાયદો અને વ્યવસ્થાના સવાલો ઊઠ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની લીરેલીરા ઉડાડતી ઘટનાઓ જેવી કે ખૂન, લૂંટ, દુષ્કર્મ, માદક દ્રવ્યો અને દારૂની તસ્કરી, છેડતી તથા ચોરીના બનાવો સતત વધી રહ્યા છે, જો કે પોલીસ મૂકપ્રેક્ષક બની રહી છે. મંગળવારે શહેરના મેઘાણીનગર વિસ્તારમાં આવેલી ગુલબર્ગ સોસાયટીની બહાર જાહેર રસ્તા પર એક યુવકની તીક્ષ્ણ હથિયારોના ઘા ઝીંકીને ધોળા દિવસે કાયદો ઘાતકી હત્યા કરવામાં આવતા ચકચાર મચી ગઈ હતી.

મૃતક યુવકની ઓળખ હરેશભાઈ પટણી તરીકે થઈ છે, જે મેઘાણીનગર વિસ્તારમાં જ આવેલા લક્ષ્મીનગરનો રહેવાસી હતો. ૨ જૂન સવારે લગભગ ૧૧:૦૦ વાગ્યાની આસપાસ હરેશ પોતાના ઘરની બહાર નીકળીને રિક્ષામાં બેસી ગુલબર્ગ સોસાયટી પાસે સમય પસાર કરી રહ્યો હતો.

ત્યારે કેટલાક શખ્સો અચાનક જ છરીઓ કાઢીને હરેશને મારવા માટે પાછળ દોડ્યા હતા અને જાહેર રોડ ઉપર જ તેના પર છરીના આડેધડ ઘા ઝીંકી દીધા હતા. હુમલા બાદ લોહીલુહાણ હાલતમાં જીવ બચાવવા માટે હરેશ દોડ્યો હતો, પરંતુ ગંભીર ઇજાઓના કારણે તે અસારવા ગુજરાતી સ્કૂલ નજીક ગુલબર્ગ સોસાયટીની બહાર મુખ્ય માર્ગ પર જ ચક્કર ખાઈને ઢળી પડ્યો હતો અને ઘટનાસ્થળે જ તેનું કરુણ મોત નીપજ્યું હતું.

# અમદાવાદમાં રિવરફ્રન્ટ પર સફાઈ અભિયાન, સાબરમતી નદીમાંથી ૬૮ ટન કચરો કઢાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરની મધ્યમાંથી પસાર થતી સાબરમતી નદીમાંથી કચરો કાઢવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા) અને સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ દ્વારા સંયુક્તપણે આયોજિત સ્વચ્છ સાબરમતી મહાઅભિયાન-૨૦૨૬નો મંગળવારે શુભારંભ કરવામાં આવ્યો હતો. સવારે ૭થી ૯ વાગ્યા દરમિયાન યોજાયેલા આ ભગીરથ કાર્યના પ્રથમ દિવસે જ શહેરના વિવિધ વિસ્તારોમાંથી ૭,૫૦૦થી વધુ નાગરિકો જોડાયા હતા અને સાબરમતી નદીના પટ વિસ્તારમાંથી અંદાજે ૬૮ ટન કચરો દૂર કરવામાં આવ્યો હતો.

આ સ્વચ્છતા અભિયાનમાં વિવિધ કોર્પોરેટ કંપનીઓ, જાહેર ક્ષેત્રના સાહસો પીએસયુએસ ૩૦થી વધુ સ્વૈચ્છિક સંસ્થાઓ એનજીઓએસ શૈક્ષણિક સંસ્થાઓ, વિદ્યાર્થીઓ, ક્રેડાઈ, ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન, એનસીસી કેડેટ્‌સ, હોમગાર્ડના જવાનો તેમજ વિવિધ સામાજિક સંગઠનો સહિત ૭,૫૦૦થી વધુ નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આટલો વિશાળ માનવ સમુહ સાબરમતીને સ્વચ્છ બનાવવા માટે એકત્ર થતા જનભાગીદારીનું અદ્‌ભુત દૃશ્ય જોવા મળ્યું હતું. સાબરમતી નદીના પટ વિસ્તારમાં હાથ ધરાયેલી સફાઈ કામગીરી દરમિયાન જેસીબી જેવી ભારે મશીનરીની મદદથી અંદાજે ૬૮ ટન જેટલો ઘન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. દૂર કરાયેલા કચરામાં પ્લાસ્ટિક, ધાર્મિક મૂર્તિઓ, ચૂંદડીઓ, પાણીની બોટલો તેમજ અન્ય ઘરગથ્થુ કચરાનો સમાવેશ થતો હતો. નદીના પર્યાવરણને સ્વચ્છ અને સ્વસ્થ બનાવવા માટે હાથ ધરાયેલી આ કામગીરી દરમિયાન નાગરિકોની સક્રિય ભાગીદારી નોંધપાત્ર રહી હતી. આ પ્રસંગે કેબિનેટ પ્રધાન ઋષિકેશ પટેલ, રાજ્યપ્રધાન દર્શનાબેન વાઘેલા, મેયર હિતેશ બારોટ, ડેપ્યુટી મેયર અંજુબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશભાઈ પટેલ, શહેરના ધારાસભ્યો, મ્યુનિ. કમિશનર બંછાનિધી પાની, સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશનના ચેરમેન આઈ.પી.ગૌતમ, કાઉન્સિલરો, પદાધિકારીઓ સહિતના મહાનુભાવો મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે સ્વચ્છ સાબરમતી મહાઅભિયાન તા. ૨ જૂન ૨૦૨૬થી શરૂ થઈને તા. ૫ જૂન ૨૦૨૬ના વિશ્વ પર્યાવરણ દિવસ સુધી સતત ચાલુ રહેશે.

# જુગાર સંબંધિત કેસમાં શંકાસ્પદ કામગીરી બજાવનાર એસીપીને નિવૃત્તિના કલાકો પહેલા બરતરફ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પોલીસ અધિકારી તરીકેની લાંબી કરિયર બાદ નિવૃત્ત થવા જઈ રહેલા એક ઉચ્ચ અધિકારીને ગૃહ વિભાગે નિવૃત્તિના કલાકો પહેલા સેવામાંથી બરતરફ કરી નાખ્યો હતો. અધિકારીએ એક જુગાર સંબંધિત કેસમાં યોગ્ય કામગીરી ન નિભાવી હોવાનું જાણવા મળ્યું હતું.

રાજકોટ શહેર પોલીસ કંટ્રોલ રૂમમાં ફરજ બજાવતા એસીપી વિનાયક પટેલને ૩૧ મેના રોજ નિવૃત્તિના એક દિવસ પહેલા ૩૦ મેના રોજ બરતરફીનો આદેશ જારી કરવામાં આવ્યો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

પટેલના વડોદરાના એચ ડિવિઝનના એસીપી તરીકેના કાર્યકાળ દરમિયાનના આરોપોની તપાસ બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. તપાસમાં એવું તારણ નીકળ્યું હતું કે તેમણે મકરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા જુગારના કેસમાં આરોપીને કથિત રીતે મદદ કરી હતી.

તપાસ બાદ આવેલા અહેવાલ મુજબ, પટેલે કથિત રીતે સંજય ઉર્ફે ભૂરો અમૃતલાલ છગાણી નામના આરોપીને તેના ઘરે રહેવાનું ટાળવાની સલાહ આપી હતી, જેના કારણે તે પોલીસ કાર્યવાહીથી બચી શક્યો હતો.

તે સમયે આ આરોપોએ વિવાદ જગાવ્યો હતો, જેમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે પટેલે પૈસા લઈ આ કામ કર્યું હોઈ શકે. વિગતવાર વિભાગીય તપાસ બાદ, તારણો ગૃહ વિભાગને સુપરત કરવામાં આવ્યા હતા. અહેવાલની સમીક્ષા બાદ ગૃહ વિભાગે પટેલને સેવામાંથી બરતરફ કરવાનો આદેશ આપ્યો હતો. તેમની નિવૃત્તિના થોડા કલાકો પહેલા જ લેવાયેલા આ નિર્ણયે પોલીસ વર્તુળોમાં ધ્યાન ખેંચ્યું છે.

# ગામડામાં મોબાઈલ-ઈન્ટરનેટનો ઉપયોગ કરતી મહિલાઓનું પ્રમાણ ઓછુંઃ સર્વેક્ષણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગ્રામીણ અને શહેરીજીવનમાં ઘણો ફરક છે. આ ફરક રહેણીકરણીથી માંડી ભાષા અને વિચારસરણીમાં પણ જોવા મળે છે. સારું શિક્ષણ અને વધું એક્સપોઝર મળવાને કારણે અમુક બાબતોમાં ગ્રામ્યજીવન પાછળ રહી જતું હોય છે. આવું એક તારણ નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-૬માં જાણવા મળ્યું છે, જેમાં મોબાઈલ અને ઈન્ટરનેટનો ઉપયોગ કરવામા શહેરી સ્ત્રી વધારે પાવરધી હોવાનું બહાર આવ્યું હતું.

જોકે સરેરાશ મોબાઈલનો વપરાશ ઘણો જ વધ્યો છે. સર્વેક્ષણ દર્શાવે છે મોબાઈલનો ઉપયોગ જે સર્વે-૫માં ૩૦.૮% થી વધીને સર્વે-૬ માં ૬૫.૭% થયો છે. સરળ શબ્દોમાં કહીએ તો, ગુજરાતમાં દર ત્રણમાંથી લગભગ બે મહિલા હવે ઇન્ટરનેટનો ઉપયોગ કરે છે. પુરુષોએ પણ ડિજિટલ પરિવર્તનને સ્વીકાર્યું છે, આ જ સમયગાળા દરમિયાન પુરુષોમાં ઇન્ટરનેટનો ઉપયોગ ૫૨.૬% થી વધીને ૮૩.૯% થયો છે, તેમ અહેવાલ દ્વારા જાણવા મળ્યું હતું.

શહેરી અને ગ્રામીણ મહિલાઓ વચ્ચે વપરાશમાં ઘણું અંતર છે. શહેરી વિસ્તારોમાં ૮૧.૩ ટકા મહિલાઓ ઈન્ટરનેટ સેવાનો ઉપયોગ કરે છે, જ્યારે ગામડામાં આ પ્રમાણ ૫૪.૩ ટકા છે. આનો અર્થ કે હજુપણ લગભગ અડધાભાગની ગ્રામીણ મહિલાઓ ઈન્ટરનેટની સેવાથી દૂર છે.

આવો જ તફાવત પોતાનો મોબાઈલ હોવામાં પણ છે. સમગ્ર ગુજરાતમાં પોતાનો મોબાઈલ હોય અને ઉપયોગ કરતી હોય તેવી મહિલાઓનું પ્રમાણ ૫૮.૮ ટકા છે, પરંતુ ગામડામાં પોતાનો મોબાઈલ હોય તેવી મહિલાઓનું પ્રમાણ ૪૬.૨ ટકા છે, જ્યારે શહેરી વિસ્તારોમાં આ પ્રમાણ ૭૬ ટકા હોવાનું અહેવાલમાં બહાર આવ્યું છે.

મોબાઈલના ઉપયોગને શિક્ષણ અને વિવિધ સેવાઓ સાથે જોડવામાં આવ્યો હોવાથી મહિલાઓમાં વધી રહેલું ડિજિટલ કનેક્ટિવિટીનું પ્રમાણ આશાસ્પદ હોવાનું નિષ્ણાતો જણાવે છે.

# માનસિક તાણની હદઃ સુરતમાં માતાએ ચાર મહિનાના દીકરાને ઍસિડ પિવડાવી પોતે પણ પીધું

અમદાવાદ: માનસિક સ્વાસ્થ્ય જોખમાતા ઘણાં ગંભીર પરિણામો આવી શકે છે. આ વાતનો ખૂબ જ દુઃખદ અનુભવ સુરતના બે પરિવારને થયો હતો. મૂળ અમરેલીના વતની અને સુરતના યોગીચોકમાં રહેતા એક પરિવારની ૨૯ વર્ષીય મહિલાએ કથિત રીતે માનસિક બીમારીથી કંટાળી પોતાના માત્ર ચાર મહિનાના દીકરાને એસિડ પિવડાવ્યું હતું અને પોતે પણ પી લીધું હતું. આને કારણે બન્નેનાં મોત નિપજ્યાં હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ધારા નામની મહિલાના લગ્ન દોઢેક વર્ષ પહેલાં થયાં હતાં. છ મહિના પહેલા તેનાં સીમંતનો પ્રસંગ ઉજવાયો હતો અને ત્યારબાદ તે પિયર આવી હતી. પિયરમાં ચાર મહિના પહેલા તેણે એક દીકરાને જન્મ આપ્યો હતો, જે બન્ને પરિવાર માટે આનંદનું કારણ બન્યો હતો. જોકે પહેલેથી માનસિક રીતે થોડી અસ્વસ્થ ધારા બાળકના જન્મ બાદ વધુ બીમાર થઈ હતી અને અમદાવાદ ખાતે તેની દવા પણ ચાલુ હતી, તેવી માહિતી પરિવારના સૂત્રોએ આપી હતી.

ધારાનો માનસિક તણાવ વધ્યો હતો અને છેલ્લા બે ત્રણ દિવસથી તે ખાવાપીવાને પણ ધ્યાન આપતી ન હતી. દરમિયાન સોમવારે મોડી સાંજે તે પોતાના દીકરા રીશાનને લઈ સોસાયટીમાં ગઈ હતી. અહીંના ટોઇલેટમાં તેણે દીકરાને એસિડ પિવડાવી પોતે પણ પી લીધું હોવાનું જાણવા મળ્યું હતું. પરિવારને જાણ થતા તેઓ દોડ્યા હતા અને બન્નેને તાત્કાલિક હોસ્પિટલે ખસેડ્યા હતા,

# અમદાવાદમાં ખાનગી બસમાંથી ૧૨૦ કિલો ચાંદી સહિત ૪.૨૫ કરોડનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સ્ટેટ જીએસટીની મોબાઇલ સ્કવોડ ટીમે અગાઉથી મળેલી બાતમીના આધારે અમદાવાદના નારોલ નજીક રાજસ્થાનથી આવેલી ખાનગી ટ્રાવેલ્સની ડેકીમાંથી લગભગ ૧૨૦ કિલો ચાંદી, ૭૦૦ ગ્રામ સોનું તેમજ ૩ કિલો જેટલા કિંમતી પથ્થરોના જથ્થા સહિત ૪.૨૫ કરોડનો માલસામાન જપ્ત કર્યો હતો. રાજ્ય વેરા ખાતાની અત્યાર સુધીની આ સૌથી મોટી કાર્યવાહી માનવામાં આવે છે. રાજ્ય વેરા ખાતાએ આ તમામ માલસામાન જપ્ત કરીને વધુ તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય વેરા ખાતાએ આ તમામ માલસામાનના બિલ અને અન્ય પુરાવા માગ્યા હતા, પરંતુ બિલ અને જરૂરી પુરાવા ન મળતા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી હતી. ખાનગી બસમાંથી અન્ય રાજ્યમાંથી માલ અમદાવાદ લાવવામાં આવતો હોવાની માહિતી મળી હતી. આ માલસામાનને નાના વાહનોમાંથી આગળ જતા પહેલા જ રોકીને કાર્યવાહી કરવામાં આવતા સમગ્ર રેકેટનો પર્દાફાશ થયો હતો.

# અમદાવાદના નવ બ્રિજ નીચે બનશે સ્પોર્ટ્‌સ એક્ટિવિટી સેન્ટર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : અમદાવાદને વિશ્વ કક્ષાનું રમતગમત કેન્દ્ર બનાવવા અને રહેવાસીઓમાં ફિટનેસને પ્રોત્સાહન આપવાના વિઝનના ભાગ રૂપે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા) શહેરના નવ બ્રિજ નીચે સ્પોર્ટ્‌સ એક્ટિવિટી સેન્ટર વિકસાવવા માટે તૈયાર છે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

મનપાએ સિમ્સ અને રાણીપ અંડરબ્રિજ હેઠળ આવા સેન્ટર પહેલાથી જ વિકસાવી દીધાં છે, જે બાળકો, યુવાનો અને અન્ય રહેવાસીઓ માટે વિવિધ સુવિધાઓ પૂરી પાડે છે. લક્ષ્મણરાવ વકીલ સાહેબ બ્રિજ, અંજલી બ્રિજ અને ઘોડાસર બ્રિજ હેઠળ આવા જ પ્રોજેક્ટ્‌સનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ટેન્ડરિંગ પ્રક્રિયા જાહેર-ખાનગી ભાગીદારી મોડેલ હેઠળ હાથ ધરવામાં આવી રહી છે. આગામી તબક્કામાં, દિનેશ ચેમ્બર ફ્લાયઓવર બ્રિજ, ગુરુજી ઓવર બ્રિજ, ગુજરાત કોલેજ રેલવે ઓવર બ્રિજ અને રાજેન્દ્ર પાર્ક ફ્લાયઓવર બ્રિજ હેઠળ સ્પોર્ટ્‌સ ફેસેલિટી ઊભી કરવામાં આવશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. મનપા અધિકારીઓએ જણાવ્યું હતું કે અમદાવાદના વિવિધ ભાગોમાં રમતગમતના માળખાગત સુવિધાઓનો વિસ્તાર કરવા માટે પ્રોજેક્ટ્‌સ ઝડપી બનાવવામાં આવી રહ્યા છે. આ સેન્ટરમાં ક્રિકેટ, ફૂટબોલ, બાસ્કેટબોલ, બેડમિન્ટન, સ્કેટિંગ અને ફિટનેસ એક્ટિવિટી માટેની સુવિધાઓ છે. સિમ્સ બ્રિજ હેઠળના સેન્ટરમાં ઍર હોકી, ટેબલ ટેનિસ, ચેસ, કેરમ, બોક્સ ક્રિકેટ, પિકલેબોલ, બાસ્કેટબોલ, માટેની સુવિધાઓનો સમાવેશ થાય છે, જ્યારે રાણીપ અંડરબ્રિજ હેઠળ પણ આવી રમતો માટે સુવિધાઓ વિકસાવવામાં આવી છે.

# ગુજરાતના ૨૭ ગ્રાહક કમિશન પ્રમુખ વિનાના, હજારો કેસના થપ્પા થયા

અમદાવાદ: ગ્રાહકોને ન્યાય આપવા માટે બનેલા ગુજરાતના તમામ ૨૭ ગ્રાહક કમિશન ફૂલટાઈમ પ્રેસિડેન્ટ વિના ચાલી રહ્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. આ ઉપરાંત કમિશનોમાં ૪૮ જગ્યા અને સપોર્ટ સ્ટાફની ૧૫૨ જગ્યા ખાલી પડી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, આ ખાલી જગ્યાઓ ભરવામાં થઈ રહેલા વિલંબને કારણે પેન્ડિંગ કેસોની સંખ્યામાં ભારે વધારો થયો છે અને લાંબી મુદતો પડી રહી છે, જેના લીધે અંતે તો ગ્રાહકોએ જ ભોગવવું પડી રહ્યું છે. સ્ટાફની અછતને કારણે ફરિયાદ નિવારણ પ્રક્રિયા ખૂબ જ ધીમી પડી ગઈ છે. જાન્યુઆરી ૧૯૯૦થી જિલ્લા કમિશનોમાં દાખલ કરાયેલી ૩.૨૨ લાખ ફરિયાદોમાંથી ૪૫,૧૬૭ કેસો હજુ પણ પેન્ડિંગ છે. રાજ્ય સ્તરે ૪૩,૨૪૧ અપીલો અને ફરિયાદોમાંથી ૫૮૪૭ કેસો વણ ઉકલ્યા છે. માત્ર અમદાવાદ જિલ્લાની જ વાત કરીએ તો, તેના ત્રણ ગ્રાહક કમિશનોમાં જ ૧૧,૮૦૬ કેસો પેન્ડિંગ છે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. આરટીઆઈના જવાબમાં વિભાગે સુપ્રીમ કોર્ટના ૨૧ મે, ૨૦૨૫ના એક આદેશનો હવાલો આપ્યો હતો. આ આદેશમાં સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને ચાર મહિનામાં નિમણૂકના નિયમોમાં સુધારો કરવા અને રાજ્ય સરકારોને તે સુધારાના ચાર મહિનાની અંદર નિમણૂકો પૂરી કરવા આદેશ આપ્યો હતો. સૂત્રોએ જણાવ્યું કે, સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ સમયમર્યાદા નક્કી કરી હોવા છતાં, એક વર્ષ પછી પણ આ જગ્યાઓ ખાલી જ છે અને ઇન-ચાર્જ પ્રમુખો દ્વારા કામકાજ ચલાવવામાં આવી રહ્યું છે. મંજૂર થયેલી આ જગ્યાઓ ખાલી રાખવાને કારણે અરજદારોની મુશ્કેલીઓ માત્ર વધી રહી છે.

# રાજકોટમાં ‘ગોલ્ડ સ્પા’ની આડમાં ચાલતા કૂટણખાનાનો પર્દાફાશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ શહેરની મધ્યમાં આવેલા નવા બસ સ્ટેન્ડના એક કોમ્પલેક્ષમાં કૂટણખાનું ચાલતું હોવાનો પર્દાફાશ થયો હતો. રાજકોટ શહેર એ ડિવિઝન પોલીસ ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ઢેબર રોડ પર આવેલા એસટી બસપોર્ટમાં ત્રીજા માળે ગોલ્ડ સ્પાના નામે દેહ વ્યાપારનો ધંધો ચાલી રહ્યો છે તે બાતમીના આધારે પોલીસે ગોલ્ડ સ્પામાં રેડ પાડીને પર્દાફાશ કર્યો હતો. પોલીસે મેનેજર અને સંચાલકની ધરપકડ કરી હતી. પોલીસે રેડ કરતા કાઉન્ટર ઉપર મેનેજર નરેશ રાણા અને સંચાલક રવિ ખેરૈયા મળી આવ્યા હતા. ત્યાર બાદ પોલીસે અલગ અલગ રૂમમાં ચેક કરતા રૂમ નંબર ૪માં સ્ત્રી પુરુષ કઢંગી હાલતમાં મળી આવ્યા હતા.

# વડોદરાના ગુતરડી ગામમાંથી ગાંજાનું વાવેતર ઝડપાયુંઃ બે ભાઈની અટકાયત

અમદાવાદ: ગુજરાતમાં પ્રતિબંધિત ગાંજાનું વાવેતર સતત વધી રહ્યું છે. સોમવારે વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના ગુતરડી ગામમાંથી સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ (એસએજી)ની ટીમે ગાંજાના લીલા છોડનો મોટો જથ્થો જપ્ત કર્યો હતો. આ સાથે જ પોલીસે બે ઇસમોની અટકાયત કરી હતી. પોલીસે આ દરોડા દરમિયાન કુલ રૂ. ૯.૯૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સાવલી તાલુકાના ડેસર પોલીસ સ્ટેશનની હદમાં આવેલા ગુતરડી ગામમાં ગાંજાનું વાવેતર થઈ રહ્યું છે તે બાતમીના આધારે એસઓજીની ટીમે ગુતરડી ગામના તે ખેતરમાં અચાનક અને આયોજનબદ્ધ રીતે દરોડો પાડ્યો હતો અને નશાકારક ગાંજાના વાવેતરનો પર્દાફાશ કર્યો હતો.

નવમા પાનાનું ચાલુ

## ગુજરાતમાં ૭૪.૪૬ કરોડ

મેફેડ્રોન (એમડી) ડ્રગ્સ જપ્ત કરાયા બાદ તેની વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો.

મુસ્કાન ખાને મેફેડ્રોન ડ્રગ્સ કૌસા-મુંબ્રામાં રહેમાનિયા હોસ્પિટલની નજીક આવેલી માહેર ચાલમાં રહેતા વઝુલ કમર અબુલ વફા ચૌધરી ઉર્ફે પપ્પુ (૫૬) પાસેથી ખરીદ્યું હોવાનું પૂછપરછમાં જાણવા મળ્યા બાદ પોલીસ ટીમે વઝુર ચૌધરીની શોધ ચલાવી હતી અને ૨૬ મેના રોજ થાણેમાં શિળફાટા ખાતેથી તેને પકડી પાડ્યો હતો.

વઝુલ ચૌધરીએ પૂછપરછમાં કબૂલ્યું હતું કે તેણે ગુજરાતમાં નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકામાં રાજપિપળા ખાતે અજાણી વ્યક્તિનું ઘર ભાડા પર લીધું હતું અને ત્યાં તે ડ્રગ્સ બનાવતો હતો. આ માહિતી મળ્યા બાદ પોલીસની ટીમ ગુજરાત રવાના કરવામાં આવી હતી અને તેમણે રાજપિપળામાં આવેલા ઘરમાં રેઇડ પાડી ડ્રગ્સ બનાવવાનું કારખાનું પકડી પાડ્યું હતું. પોલીસે ત્યાંથી ૨૦.૦૪૦ કિલો લિક્વિડ એમડી, ડ્રગ્સ બનાવવા માટેનું વિવિધ કેમિકલ્સ, હિટિંગ મેટલ, ત્રણ સ્ટેરર મશીન સહિત ૭૪.૭૪ લાખ રૂપિયાની મતા જપ્ત કરી હતી.

## ૫૬ લાખ ખેડૂતોને

જાહેરાત નહીં કરવામાં આવે એમ સૂત્રોએ જણાવ્યું હતું.

સૂત્રોએ આપેલી જાણકારી અનુસાર આ યોજનામાં ૬૫ લાખથી વધુ ખાતા આવરી લેવામાં આવશે અને લગભગ ૫૬ લાખ ખેડૂતોના ૩૬ હજાર ૫૮૫ કરોડ રૂપિયાના દેવા માફ થવાની ધારણા છે. પ્રધાન મંડળે નિયમિતપણે પાક લોન ચૂકવનારા ખેડૂતોને ૫૦ હજાર રૂપિયા સુધીનું પ્રોત્સાહન આપવાનો પણ નિર્ણય લીધો છે. (પીટીઆઈ)

## પસ્તાવો થતો હોય

માથું કાપી નાખ્યું હતું એવા શિંદેની આગેવાની હેઠળના શિવસેના જૂથ સાથે જોડાયેલા પૂર્વ રાજ્ય પ્રધાન અબ્દુલ સત્તારના નિવેદનને પગલે રાઉતે આ પ્રતિક્રિયા આપી છે. બંને શિવસેનાએ ભેગા થવું એવા સવાલના જવાબમાં હા પાડી સત્તારે કહ્યું હતું કે જો અમારા મોટા ભાઈ અમને ખતમ કરી રહ્યા છે તો શિવસેના-ભાજપ ગઠબંધનનો કોઈ અર્થ નથી.

શિવસેના (યુબીટી)ના પ્રવક્તા સુષમા અંધારેએ પણ સત્તારના નિવેદન પર પ્રતિક્રિયા આપી જણાવ્યું હતું કે ‘અમે શરૂઆતથી જ જાણતા હતા કે ભાજપ ધીમું ઝેર છે. પરંતુ સત્તારભાઈ, તમે લાચાર હતા કારણ કે તમને સત્તા જોઈતી હતી.’ (પીટીઆઈ)

## ₹ ૩૬,૫૮૫ કરોડના

લીધો છે, જેમાં ગ્રામીણ વિકાસ વિભાગ માટે ૪,૨૨૯ કરોડ રૂપિયા અને જાહેર બાંધકામ વિભાગ માટે ૧,૦૦૦ મિલિયન ડોલરની લોન મંજૂર કરવામાં આવી છે.

કેબિનેટ બેઠકમાં સરકારે લોન માફી ઉપરાંત અન્ય મહત્વપૂર્ણ નિર્ણયો પણ લીધા. જેમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત થનારા કાર્યો માટે એશિયન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બૅન્ક તરફથી ૫૦૦ મિલિયન અમેરિકન ડોલરની લોન તેમજ રાજ્યના ભંડોળના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી છે.

રાજ્યમાં રસ્તાઓના સુધારા માટે એશિયન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બૅન્ક અને ન્યૂ ડેવલપમેન્ટ બેંક તરફથી આર્થિક સહાય મળશે. ‘મહારાષ્ટ્ર રાજ્ય રસ્તા સુધારણા પ્રોજેક્ટ’ માટે બંને બૅન્કો તરફથી રૂ. ૮,૭૦૦ - ૮,૭૦૦ કરોડની આર્થિક સહાય મળશે, જેનાથી રાજ્યમાં રસ્તાઓના વિકાસને વધુ વેગ મળશે.

આ સિવાય મુંબઈની ‘હૈદરાબાદ નેશનલ કોલેજીયેટ યુનિવર્સિટી’ ક્લસ્ટર યુનિવર્સિટીમાં ૬ નવી કોલેજોનો સમાવેશ કરવાની મંજૂરી આપવામાં આવી છે. આમાં પ્રિન્સિપાલ કે. એમ. કુંદનાની કોલેજ ઓફ ફાર્મસી, મુંબઈ, કિશનચંદ ચેલ્લારામ લો કોલેજ, મુંબઈ, શ્રીમતી મીઠીબાઈ મોતીરામ કુંદનાની કોલેજ ઓફ કોમર્સ એન્ડ ઇકોનોમિક્સ, મુંબઈ, ઋષિ દયારામ અને સેઠ હસરામ નેશનલ અને સેઠ વાસીયમુલ અસોમુલ્લા સાયન્સ કોલેજ, મુંબઈ અને થાડોમલ શાહાની કોલેજ ઓફ એન્જિનિયરિંગ, મુંબઈનો સમાવેશ ઘટક કોલેજો તરીકે કરવામાં આવશે.

## રાજ્યમાં આગામી

માત્ર વરસાદ જ નહીં, પરંતુ કરા પડવાની પણ ચેતવણી આપવામાં આવી છે. વરસાદ માટે યલો અલર્ટની ચેતવણી જારી કરવામાં આવી છે. પરભણી, ધારાશિવ અને ધુળેમાં તાપમાન ૪૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. રાજ્યમાંથી ગરમી ઓછી થઈ ગઈ છે. હવે કમોસમી વરસાદ મોટા પ્રમાણમાં જોવા મળી રહ્યો છે.

દેશનાં ઘણાં રાજ્યોમાં વરસાદ પડ્યો છે. તોફાની પવનો સાથે ભારે વરસાદ પડી રહ્યો છે. ચક્રવાત અને ભારે વરસાદની સ્થિતિ છે. સોમવારે રાજ્યના કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદ પડ્યો હતો.

રાજ્યમાં ચોમાસાનું આગમન આગામી દિવસોમાં થવાનું છે તે પહેલાં કમોસમી વરસાદ પડી રહ્યો છે. નાંદેડ જિલ્લામાં સાંજે પવન સાથે ભારે વરસાદ પડ્યો હતો. આ વરસાદ ગાજવીજ સાથે હતો. ઉમરી તાલુકાના બોલસામાં એક ઘટના પ્રકાશમાં આવી છે જ્યાં વીજળી પડવાથી આઠ બકરા અને એક ગાયનું મોત થયું છે. બોલસાના સંતોષ ચિક્તાવડ ખેતરમાંથી પોતાના પશુઓ સાથે ઘરે જઈ રહ્યા હતા ત્યારે અચાનક જોરદાર પવન સાથે વરસાદ શરૂ થયો હતો. પરભણીમાં સાંજના સુમારે ઘણા વિસ્તારોમાં જોરદાર પવન સાથે પ્રી-મોન્સૂન વરસાદ પડયો હતો.

અચાનક જોરદાર પવનને કારણે પોખરની શિવરામાં ઘરોની છત ઊડી ગઈ. પોખરના રેલવે સ્ટેશનો પર છત ઊડી ગઈ અને વીજળીના વાયર તૂટી ગયા, જેના કારણે ટ્રેન વ્યવહાર ખોરવાઈ ગયો હતો. ગંગાખેડ તાલુકાના ગૌંડગાંવ શિવરામાં વીજળી પડવાથી બે પ્રાણીઓનાં મોત થયાં હતાં. ભારે પવન અને વરસાદને કારણે ભારે નુકસાન થયું હતું. ઘણા ઘરોને નુકસાન થયું હતું.

## ડુંગળી-શેરડી

છે. વળસે પાટીલએ એમ પણ જણાવ્યું હતું કે તેઓ એનસીપી (એસપી) પ્રમુખ શરદ પવારને પણ મળશે અને તેમને દિલ્હીમાં થયેલી ચર્ચા વિશે માહિતી આપશે અને ડુંગળીના ખેડૂતોને મહત્તમ અને તાત્કાલિક રાહત આપવા માટે કેન્દ્ર પર દબાણ લાવવા માટે તેમનો ટેકો માગશે. (પીટીઆઈ)

## ડુંગળીના ભાવ

હજારો ખેડૂતોએ આંદોલનમાં ભાગ લીધો હતો. એનસીપીના પ્રદેશ અધ્યક્ષ શશીકાંત શિંદે, વિધાન સભ્ય રોહિત પવાર, સંસદ સભ્ય નીલેશ લંકે અને શિવસેના યુબીટીના નેતાઓ પણ સહભાગી થયા હતા.

સપકાળે જણાવ્યું હતું કે ડુંગળીના ઉત્પાદકોને તીવ્ર અસર થઈ છે કારણ કે બજારના ભાવ ઉત્પાદન ખર્ચથી નીચે આવી ગયા છે. સરકારે ડુંગળીની ખરીદીની જાહેરાત કરી હોવા છતાં પ્રક્રિયા હજી શરૂ થઈ નથી. (પીટીઆઈ)

## સલીમ ડોલા

માટે ડોલા અને અન્યો વિરુદ્ધ દાખલ ઘણા બધા એફઆઇઆરમાંથી ઊભો થયો છે. એનસીબીના જણાવ્યા મુજબ ડોલાએ છેલ્લાં ૨૦ વર્ષમાં મિડલ ઇસ્ટ, આફ્રિકા અને યુરોપમાં ડ્રગ્સનું નેટવર્ક નિર્માણ કર્યું અને ભારતમાં એનસીબી, મહારાષ્ટ્ર પોલીસ, ગુજરાત એટીએસ અને ડીઆરઆઇ સહિતની ઘણી બધી તપાસ એજન્સીઓ માટે તે વોન્ટેડ હતો.

ડોલાની ધરપકડ અને તેને ભારતમાં લાવવાની જાહેરાત ૨૮ એપ્રિલે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે પોતાના એક્સ હેન્ડલ પર કરી હતી. ભારતીય એજન્સીઓ દ્વારા શરૂ કરાયેલા ‘ઑપરેશન ગ્લોબલ હંટ’ના ભાગરૂપે તમામ ભાગેડુ ડ્રગ્સ તસ્કરો અને સંગઠિત ગુનાખોર ટોળકીના ગુંડાઓને ભારત લઇ આવવાના મોદી સરકારના ‘મક્કમ નિર્ધાર’નો પુનરોચ્ચાર કર્યો હતો.

દરમિયાન તપાસ સાથે સંકળાયેલા એક અધિકારીએ જણાવ્યું હતું કે ડોલાએ એવું નેટવર્ક બનાવ્યું હતું કે તેને મેફેડ્રોન કિંગ તરીકે ઓળખાવવામાં આવતો હતો. ડોલાએ તુર્કીમાં હમઝા અને અબ્દુલ નામ ધારણ કર્યું હતું. તે તુર્કીમાં નાગરિકત્વ પ્રાપ્ત કરવા અમુક સ્થાવર મિલકતો ખરીદી કરવાના ચક્કરમાં હતો. ડોલાના પુત્ર તાહિલ અને અન્ય સાગરીતોની ૨૦૨૫માં યુએઇથી પ્રત્યર્પણ બાદ મુંબઈ પોલીસે ધરપકડ કરી હતી. (પીટીઆઇ)

## પુરુષો પાસેથી

કરતાં કહ્યું કે, સરકારી ઓડિટ અને તપાસ દરમિયાન મોટી ગેરરીતિઓ સામે આવી છે. તપાસમાં જાણવા મળ્યું કે લાભાર્થીઓમાં ૧૪ હજાર પુરુષો હતા, ૫ લાખ પરિવારો પાસે ફોર-વ્હીલર છે, અને ઘણા લોકોની વાર્ષિક આવક રૂ. ૨.૫ લાખથી વધુ છે. આ સિવાય ઘણા લોકોએ કેવાયસી પ્રક્રિયા પણ પૂરી ન કરી, જેના કારણે અપાત્ર લોકોની સંખ્યા ૮૦ લાખ સુધી પહોંચી ગઈ છે.

તેમણે વધુમાં કહ્યું કે, જેઓ અરજી કરી શકે છે, તેઓ કેવાયસી ન કરે તે મંજૂર નથી. પાત્રતાના માપદંડો પૂરા કરનારી ૧ કરોડ ૭૦ લાખ મહિલાઓને પૈસા મળતા રહેશે, પણ જેમણે કેવાયસી નથી કર્યું તેમને પૈસા નહીં મળે. જોકે, બહેનો પાસેથી પૈસા પાછા લેવાશે નહીં. લાડકી બહેન યોજનાના પૈસા લેનારા ૧૪,૦૦૦ પુરુષો સામે આવ્યા છે, જેમની પાસેથી તમામ રકમ વસૂલ કરવામાં આવશે. જો મહિલાઓ કેવાયસી કરવા તૈયાર હશે, તો અમે ફરીથી વિન્ડો ઓપન કરવા તૈયાર છીએ,“ એવી માહિતી દેવેન્દ્ર ફડણવીસે આપી હતી.

## ...તો મુખ્ય પ્રધાનને

આવે. બીજી તરફ, પંઢરપુરના કરકંબમાં જમીન માપણી માટે આવેલા સરકારી અધિકારીઓ અને પોલીસ કાફલાને ખેડૂતોએ ઘેરીને ભારે વિરોધ કર્યો હતો. ખેડૂતોનો આક્રોશ જોઈને અધિકારીઓને માપણી કર્યા વગર જ પાછા ફરવું પડ્યું હતું.

અગાઉ, નાગપુર-ગોવા શક્તિપીઠ હાઇવેનો પશ્ચિમ મહારાષ્ટ્ર તરફથી ભારે વિરોધ થયા બાદ, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે હાઇવેનો રૂટ બદલવાનો સંકેત આપ્યો હતો.

તેમ છતાં, નવી યોજના મુજબ આ માર્ગ જે ગામોમાંથી પસાર થઈ રહ્યો છે, ત્યાં સરકાર અને વહીવટીતંત્રને ખેડૂતોના તીવ્ર વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે. હવે અષાઢી એકાદશીની પૃષ્ઠભૂમિ પર સોલાપુર જિલ્લાના ખેડૂતોએ અપનાવેલા આ આક્રમક વલણને કારણે રાજ્ય સરકાર મુશ્કેલીમાં મુકાય તેવી શક્યતા છે. આ આંદોલનનો અંત લાવવા અને ખેડૂતોના આક્રોશને શાંત કરવા માટે સરકાર શક્તિપીઠ એક્સપ્રેસ-વે અંગે શું મોટો નિર્ણય લેશે? તે જોવું મહત્ત્વનું રહેશે.

## તેલંગણામાં ૨૦ કરોડની

આગ્રીપાડા, માલવણી અને મનોરી વિસ્તારમાંથી ડ્રગ્સ, તે બનાવવા માટેનું કેમિકલ, લેબોરેટરીનાં ઉપકરણો સહિત ૧૩.૬૫ કરોડની મતા જપ્ત કરીને પંદર જણની ધરપકડ કરી હતી.

દરમિયાન ગુનામાં સંડોવાયેલા સંદીપ વિરાસ્વામી નાયડુ અને નસીર ઉર્ફે બાબા જાનિમિયાં શેખની ૨૮ મેના રોજ રાયગડના ખાલાપુરથી, જ્યારે ૨૯ મેના રોજ મેહમૂદ મેહબૂબ ખાનની હૈદરાબાદથી ધરપકડ કરવામાં આવી હતી. આરોપી નસીર શેખે તેલંગણાના ઝહિરાબાદ તાલુકામાં પોતાના ફાર્મ હાઉસમાં ડ્રગ્સ બનાવવાનું કારખાનું શરૂ કર્યું હોવાનું પૂછપરછમાં જાણવા મળ્યા બાદ પોલીસ ટીમે ઉપરોક્ત કારખાનામાં રેઇડ પાડી હતી.

રેઇડ દરમિયાન પોલીસે ત્યાંથી ત્રણ કિલો એમડી ડ્રગ્સ, ડ્રગ્સ બનાવવા માટે વપરાતું ક્લોરોફોર્મ, એસેટોન, મોનોમેથીલામાઇન, હાઇડ્રોક્લોરિક એસિડ, ૨-બ્રોમો સહિત ૨૨૯૩ લિટર કેમિકલ અને લેબોરેટરીનાં ઉપકરણો જપ્ત કર્યાં હતાં. આ પ્રકરણે તપાસ ચાલી રહી હોઇ ગુનામાં સંડોવાયેલા અન્ય આરોપીઓની પોલીસ શોધ ચલાવી રહી છે.

## દેવું-સ્ત્રીમિત્રથી

જાણ થતાં પત્ની તેને છોડીને પિયર રહેવા જતી રહી હતી. બીજી બાજુ લિવ-ઈનમાં રહેતી મહિલા નીતિનને સતત ત્રાસ આપતી હતી. દેવું અને મહિલાથી પીછો છોડાવવા નીતિને ભયાનક ષડ્યંત્ર રચ્યું હતું. આ માટે તેણે પોતાના સગા આકાશ અને મિત્ર અમિતને પણ કાવતરામાં સામેલ કર્યા હતા.

પોલીસના જણાવ્યા મુજબ નીતિને પાંચ લાખ રૂપિયાની લાલચ આપીને અમિતને તેના જેવો શારીરિક બાંધો ધરાવતા યુવાનને શોધી કાઢવાનું કહ્યું હતું. અમિતે ઉત્તર પ્રદેશના વતની અને હાલમાં નાશિકમાં રહેતા સંદીપ ચૌહાણને ટાર્ગેટ કર્યો હતો. કાવતરાને અંજામ આપવા નીતિને એક કાર પણ ખરીદી હતી. પછી ગામ જવાને બહાને અને નોકરી અપાવવાની લાલચે ૩૧ મેની રાતે સંદીપને સાથે આવવા મનાવી લીધો હતો. રસ્તામાં તેને દારૂ પણ પીવડાવવામાં આવ્યો હતો. મધરાતે એકાદ વાગ્યાની આસપાસ કાર જાલનાના ગોપી શિવાર પરિસરમાં પહોંચી ત્યારે ગળું દબાવીને સંદીપની હત્યા કરવામાં આવી હતી. બાદમાં નીતિનની કારની ડ્રાઈવિંગ સીટ પર સંદીપના મૃતદેહને ગોઠવવામાં આવ્યો હતો. એક ઝાડ નજીક કાર પર પેટ્રોલ રેડી આગ ચાંપવામાં આવી હતી. આગને કારણે કાર અને મૃતદેહ સંપૂર્ણપણે સળગી ગયા હતા.

કાવતરાને અંજામ આપ્યા પછી નીતિન અકોલા જતો રહ્યો હતો, જ્યારે અમિત અને આકાશે પોલીસ કન્ટ્રોલ રૂમને કૉલ કરી અકસ્માત થયો હોવાની જાણ કરી હતી. બન્નેએ પોલીસને કહ્યું હતું કે અમે બીજી કારમાં આવતા હતા, જ્યારે અમારી આગળ નીતિન કારમાં જઈ રહ્યો હતો. કાર ઝાડ સાથે અથડાવાની સાથે સળગી ઊઠી હતી, જેમાં નીતિનનું મૃત્યુ થયું હતું.

ઈન્સ્પેક્ટર જાધવે જણાવ્યું હતું કે ઘટનાસ્થળના નિરીક્ષણ, કારની અવસ્થા અને આરોપીએ જણાવેલું અકસ્માતનું વર્ણન સાંભળી શંકા ગઈ હતી. પુરાવા સાથે પૂછપરછ કરતાં અમિત અને આકાશે હકીકત જણાવી હતી. નીતિને ૨૦ લાખ રૂપિયાનો વીમો ઉતરાવ્યો હતો. વીમાની રકમ મેળવવા અને દેવું તથા મહિલાથી પીછો છોડાવવા આ યોજના બનાવી હતી.

## ગેરરીતિ માટે

૨૦ મહિના સુધી તેમને કેમ મદદ કરી?

સરકારે સ્પષ્ટતા કરી છે કે ચકાસણી કર્યા પછી અને ૩૦ એપ્રિલની ઇ-કેવાયસી સમયમર્યાદા સમાપ્ત થયા પછી યોજનાના લગભગ ૮૦ લાખ લાભાર્થીઓને દૂર કરવામાં આવ્યા હતા. વિપક્ષ દ્વારા આની આકરી ટીકા કરવામાં આવી હતી. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું છે કે સરકાર ‘મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ’ કલ્યાણ યોજનાને બંધ નહીં કરે. તાજેતરમાં લાખો લાભાર્થીઓને દૂર કરવામાં આવ્યા હોવા છતાં ૧.૭૦ કરોડ પાત્ર મહિલાઓને લાભ મળતો રહેશે.

પાટીલએ દાવો કર્યો હતો કે છેલ્લા ૨૦ મહિનામાં દર મહિને ૧,૫૦૦ રૂપિયાના દરે આ (ગેરકાયદે) લાભાર્થીઓને લગભગ ૨૪ હજાર કરોડ રૂપિયા વિતરિત કરવામાં આવ્યા છે. જો સરકારનો દાવો સાચો હોય તો આ મોટા ખર્ચ માટે કોણ જવાબદાર છે? શું આ ભ્રષ્ટાચાર ખૂબ જ ગણતરીપૂર્વકની રીતે કરવામાં આવ્યો છે?

પાટીલે માગ કરી હતી કે સરકાર કથિત ક્ષતિઓની જવાબદારી નક્કી કરે અને સ્પષ્ટ કરે કે આટલી મોટી સંખ્યામાં લાભાર્થીઓ લાંબા સમય સુધી નાણાકીય સહાય મેળવ્યા પછી કેવી રીતે અયોગ્ય સાબિત થયા. (પીટીઆઈ)

## લાડકી બહિણ

વાતચીતમાં ફડણવીસે જણાવ્યું હતું કે રાજ્ય સરકારે યોજના શરૂ થયા પછી લાભાર્થીઓની ચકાસણી શરૂ કરવામાં આવતા ઘણી ગેરરીતિઓ ધ્યાનમાં આવી હતી. આ યોજના રજૂ કરવામાં આવી હતી, ત્યારે મહિલાઓને તેમની યોગ્યતા સ્વ-પ્રમાણિત કરવાની મંજૂરી આપવામાં આવી હતી, કારણ કે ઘણાની પાસે દસ્તાવેજો રજૂ કરવા માટે પૂરતો સમય ન હતો. ત્યારબાદ, સરકારી ખર્ચ ઓડિટને આધિન હોવાથી ચકાસણી કરવામાં આવી હતી. તપાસમાં વિસંગતતાઓ બહાર આવી છે, જેમ કે સરકારી કર્મચારીઓના પરિવારોની મહિલાઓ લાભો મેળવે છે અને કેટલાક કિસ્સાઓમાં પુરુષોએ અરજી કરી છે.

ફડણવીસે એમ પણ જણાવ્યું હતું કે લગભગ ૧૦ લાખ લાભાર્થીઓમાં વિસંગતતા હોવાનું જણાયું હતું અને અંદાજે ૧૪ હજાર પુરુષોએ આ યોજના હેઠળ અરજી કરી હતી. સરકારે પાત્રતાની ચકાસણી કરવા માટે આવકવેરા, પરિવહન અને રેશનકાર્ડ ડેટાબેઝની મદદથી લાભાર્થીઓના રેકોર્ડની તપાસ કરી હતી. અપાત્ર મહિલાઓ અને ફરજિયાત ઇ-કેવાયસી પ્રક્રિયા પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયેલા લોકોને ચુકવણી અટકાવી દેવામાં આવી છે.

મુખ્ય પ્રધાનએ વધુમાં સ્પષ્ટતા કરી હતી કે સરકાર અયોગ્ય લાભાર્થીઓને ચૂકવવામાં આવેલા નાણાં પાછા નહીં મેળવે પણ છેતરપિંડી કરી લાભ મેળવનારા પુરુષોએ પૈસા પરત કરવાં પડશે. (પીટીઆઈ)

## અભિનેત્રી રવીના ટંડનના

જગદીશને આપ્યા હોવાનો દાવો કર્યો હતો. એ દાગીના પાછા આપવાની ખાતરી તેણે આપી હતી. જોકે દાગીના બાબતે વારંવાર પૂછતાં રાશિ ઉડાઉ જવાબ આપતી હતી. આખરે રાશિએ દાગીના ન આપતાં મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો.

ફરિયાદમાં રાજીવ ટંડને જણાવ્યું હતું કે ૨૦૨૦થી રાશિ તેમના ઘરે આવ-જા કરતી. પતિ અને વડીલોના નિધન પછી રાશિના ટંડન પરિવાર સાથેના સંબંધ વધુ ગાઢ બન્યા હતા, જેને પગલે તે બેરોકટોક ઘરમાં આવી શકતી. માત્ર પરિવારના સભ્યો અને રાશિને જ ઘરના બીજા માળે જવાની છૂટ હતી અને એ જ માળે કીમતી મતા રાખવામાં આવી હતી, એવું ફરિયાદમાં જણાવાયું હતું. ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે દાગીનાની માગણી વારંવાર કરવામાં આવશે તો પોતાના સાથીની મદદથી ડ્રગ્સના કેસમાં સપડાવવાની ધમકી રાશિએ આપી હતી. પોતાનો સાથી પોલીસનો ખબરી હોવાનો દાવો રાશિએ કર્યો હતો. ફરિયાદને આધારે પોલીસે ૨૧ મેના રાશિની ધરપકડ કરી હતી. કોર્ટે તેને ૨૯ મે સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. પછી તેને અદાલતી કસ્ટડીમાં મોકલી દેવાઈ હતી.

## મહાયુતિમાં બળવો

હતી. રાષ્ટ્રવાદી કૉંગ્રેસ અને ભાજપના સત્તાવાર ઉમેદવારો સામે બળવો કરનારા નેતાઓનો સંપર્ક કરવાનું શરૂ કરી દેવાયું છે. આ દરમિયાન, જો ઉમેદવારી ફોર્મ પાછું ખેંચવામાં નહીં આવે તો પક્ષ તરફથી શિસ્તભંગનાં પગલાં લેવામાં આવશે તેવી ચેતવણી પણ આપવામાં આવી છે. તેથી આ કડક ચેતવણી પછી બળવાખોર ઉમેદવારો પોતાના ફોર્મ પાછા ખેંચે છે કે નહીં તે જોવું મહત્ત્વનું રહેશે. રવિન્દ્ર ચવ્હાણના સરકારી નિવાસસ્થાન ‘રાયગઢ’ ખાતે બંને નેતાઓ વચ્ચે લાંબી ચર્ચા ચાલી હતી. બેઠક બાદ સુનીલ તટકરેએ જણાવ્યું કે, ‘કોંકણ મતવિસ્તારમાં રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષના ઉમેદવાર છે, તે સંદર્ભમાં અને ૧૭ બેઠકો પર પરસ્પર સમજૂતી સાધવા અંગે બેઠકમાં ચર્ચા થઈ અને મને વિશ્વાસ છે કે ચૂંટણીઓ સુમેળભર્યા વાતાવરણમાં સંપન્ન થશે. આ અંગે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સાથે પણ ચર્ચા થઈ છે અને દળવી અંગે યોગ્ય રસ્તો નીકળી જશે.’

## ટ્રેનમાં વેપારીની

હવે ગુનામાં સામેલ અન્ય ફરાર આરોપીઓની શોધ ચલાવી રહી છે. પ્રાપ્ત માહિતી અનુસાર ગોરેગામ પશ્ચિમમાં રહેનારો વેપારી અભયકુમાર મદનલાલ જૈન (૫૨)નો સોનાનાં ઘરેણાં વેચવાનો વ્યવસાય હોઇ તે સોલાપુર અને જળગાંવમાં ચોક્કસ જ્વેલર્સને વેચવા માટે ઘરેણાં ત્યાં લઇ જાય છે. ૪ ડિસેમ્બર, ૨૦૨૫ની રાતે ટ્રેન પકડીને સોલાપુર અભયકુમાર ગયો હતો. ત્યાં અમુક જ્વેલર્સને મળ્યા બાદ તે ૬ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સિદ્ધેશ્વર એક્સપ્રેસ ટ્રેનમાં સોલાપુરથી પાછો ફરવા નીકળ્યો હતો. અભયકુમાર પાસેની બેગમાં ઘરેણાં હતા અને બેગ તેણે સીટ નીચે સાંકળથી બાંધી રાખી હતી. જોકે મધરાતે અભયકુમાર સૂઇ ગયો હતો ત્યારે કોઇએ તેની ઘરેણાં ભરેલી બેગ ચોરી લીધી હતી. બીજે દિવસે સવારે અભયકુમાર જાગી ગયો ત્યારે તેને સીટ નીચે બંને બેગ નજરે પડી નહોતી. બંને બેગ ચોરાઇ હોવાનું ધ્યાનમાં આવતાં તે ઘરે ગયો હતો અને બાદમાં કલ્યાણ રેલવે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ગુનો દાખલ કરાયો હતો. દરમિયાન કેસની તપાસ કરી રહેલી રેલવે ક્રાઇમ બ્રાન્ચે સોલાપુરથી કલ્યાણ દરમિયાનના સ્ટેશન પરના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા અને તેને આધારે ૧૦ આરોપીને ઓળખી કાઢવામાં આવ્યા હતા. આરોપીઓ સોલાપુરના રહેવાસી હોવાનું જાણવા મળ્યા બાદ પોલીસ ટીમ સોલાપુર કરવાના કરવામાં આવી હતી. પોલીસ ટીમે સોલાપુરમાં માઢા તાલુકામાં તપાસ કર્યા બાદ ગુનામાં સામેલ ચાર આરોપીને ઝડપી પાડ્યા હતા.

## પારસી મરણ

અસ્પી મેહરવાનજી કરકરીયા તે મરહુમ ગલના ધની. તે મરહુમો ગુલબઇ મેહરવાનજી કરકરીયાના દીકરા. તે રુસીના ભાઇ. તે હુફરીશ ને ફેનીના ભાનજી. તે મરહુમો ગોદરેજના સાલા. (ઉં. વ. ૯૩) રે. ઠે. ૪/૨૬, તાતા મીલ કો. હો. સોસાયટી, ૮મે માળે, એલફિન્સ્ટન રોડ, પરેલ, મુંબઇ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયા : તા. ૩-૬-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે, દાદરમાં નારીયેલવાળા અગિયારીમાં.

ખુરશેદ માનેકશા સાદેર (નવસારીવાળા) તે મરહુમ કપીલાબેનના ધની. તે મરહુમો તેહમીના માનેકશા સાહેરના દીકરા. તે કોકિલા, રતન, જોશનંદ, શીલ્પા, નયનાના પપા. તે ભરતરાય, કીશન, મરહુમ રશને, સતીશના સસરા. તે મરહુમો ફરામ, રુસી, જમશેદ, ધનમાયના ભાઇ તે દરશન ને રુતીકાના બપાવા. (ઉં. વ. ૯૮) રે. ઠે. સાવંતવાડી, ચીરાગ નગર, વીર શંભાજી પથ ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૮૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૩-૬-૨૬ના દીને બપોરે ૩.૪૦ વાગે, વાડીયાજી આતશ બહેરામ.

દોશી ફરામરોઝ વાડીયા તે મીથીના ધની. તે મરહુમો પીલું ફરામરોઝ વાડીયાના દીકરા. તે ફરઝાનાના નેબરહુડ. (ઉં. વ. ૮૫) રે. ઠે. ઓલબલેસ વીંડો ચાલ, ગીલ્ડર લેન, મુંબઇ-૪૦૦૦૦૮. ઉઠમણાંની ક્રિયા : તા. ૪-૬-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે પ્રેતરસ ડુંગરવાડી દાદરમાં.

## હિન્દુ મરણ

**કપોળ**

ભાડવાંકિયા નીવાસ હાલ સુરત, સુરેશભાઈ ગોરધનદાસ મોદી (ઉં. વ. ૭૨) ૩૧/૫/૨૬ના સુરત શ્રીજીશરણ પામેલ છે. તે પ્રીતિબેનના પતિ. સાગર-ક્રિષ્ના તથા મોનીકા હિરેન પારેખના પિતા. જીતેન્દ્રભાઈ, સ્વ. લલિતભાઈ, સ્વ. પ્રદીપભાઈ, રસીલાબેન હરિદાસ કીકાણી, ગં.સ્વ. મંજુલાબેન વિનોદરાય પારેખ, સ્વ. જશવંતીબેન ધર્મેન્દ્રકુમાર મથુરીયા, ગં.સ્વ. નીરુબેન કિર્તીકુમાર શાહના ભાઈ. સાસરાપક્ષે ગં.સ્વ. ઇન્દુબેન શાંતિલાલ પારેખના જમાઈ. મોસાળપક્ષે સ્વ. ભાઇલાલ મોહનલાલ કરવત, સ્વ. પરમાનંદાસ મોહનલાલ કરવતના ભાણેજ.

**કચ્છી ભાટિયા**

કું તરલા રામદાસ મટાણી (ઉં. વ. ૯૬) તે સ્વ. કેસરબાઈ તથા સ્વ. રામદાસ લક્ષ્મીદાસ મટાણીના પુત્રી. સ્વ. માનસિંહ, સ્વ. રૂક્ષ્મણી, પુષ્પા, જયવંતી, જ્યાં અને જ્યોતિબાના બહેન. રશ્મિ માનસિંહના નણંદ. મોસાળપપક્ષે વિજયસિંહ લીલાધર ભીમાણીના ભાણેજ. ૩૧/૫/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**મચ્છુ કઠિયા સઇ સુતાર જ્ઞાતિ**

રંજનબેન નિરંજનભાઇ પરમાર (ઉં. વ. ૭૫) તે સ્વ. નિરંજનભાઇ કરસનદાસ પરમારના ધર્મપત્ની. ધ્રુમનભાઇ, વિપુલભાઇ, સિદ્ધિના માતુશ્રી. તે રેશમાબહેન, હીનાબહેનના સાસુ. તે ઓમ, રિદ્ધિકા સર્વના દાદી. સ્વ. લલિતાબેન તથા સ્વ. રાઘવજીભાઇ કોઇયા (જામખંભાળિયા વાળા)ના દીકરી. તા. ૩૦-૫-૨૬ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૪-૬-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. વનીતા વિશ્રામ ૩૯૨, સરદાર વલ્લભભાઇ પટેલ માર્ગ, નાનુભાઇ દેસાઇ રોડ, પ્રાર્થનાસમાજ, ગિરગાંવ, મુંબઇ ૪૦૦૦૦૪.

**શ્રીમાળી સોની**

કડી નિવાસી હાલ મલાડ સ્વ. નવીનચંદ્ર માણેકલાલ ચોકસીના ધર્મપત્ની સરલાબેન (ઉં. વ. ૮૭) સોમવાર, તા. ૧-૬-૨૬ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. તે સ્વ. અમૃતબેન મુલચંદદાસ ઝવેરીની સુપુત્રી. તે સ્વ. અમીતા, કમલેશ, શિલ્પા તથા સ્વ. નીતા (ટીની)ના માતુશ્રી. મહેન્દ્રકુમાર, અલકાબેન, વિપુલકુમાર તથા અતુલકુમારના સાસુ. ઇવા અને જશના દાદી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૪-૬-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. કેવલબાગ, કાંદિવલી (વેસ્ટ).

## મુંબઈ-અમદાવાદ

છેલ્લા પાંચ મહિનામાં જ ત્રણ પર્વતીય ટનલ સફળતાપૂર્વક ખોદી છે, જે કોરિડોરના ભૌગોલિક રીતે સૌથી જટિલ ભાગોમાંના એકમાં ઝડપી બાંધકામનો સંકેત આપે છે, એમ તેમાં જણાવાયું છે.

નવી ખોદવામાં આવેલી ટનલ ૪૧૭ મીટર લાંબી અને ૧૪.૪ મીટર પહોળી છે. નિવેદન અનુસાર, આ માળખું ખાસ કરીને હાઇ-સ્પીડ બુલેટ ટ્રેન કોરિડોરના અપ અને ડાઉન બંને ટ્રેકને સમાવવા માટે ડિઝાઇન કરવામાં આવ્યું છે.

ખડકાળ ભૂપ્રદેશમાં ખોદકામ માટે,નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડે નિયંત્રિત ડ્રિલિંગ અને બ્લાસ્ટિંગ પદ્ધતિનો ઉપયોગ કર્યો. ખોદકામના લોજિસ્ટિકલ પડકારોને ધ્યાનમાં રાખીને, અદ્યતન દેખરેખ પ્રણાલીઓ અને ભૂ-તકનીકી સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

એમટી-૦૭ ના સફળ ખોદકામથી વાપી (ગુજરાત) અને બોઇસર (મહારાષ્ટ્ર) બુલેટ ટ્રેન સ્ટેશનો વચ્ચે સ્થિત ત્રણેય પર્વતીય ટનલ (એમટી -૦૮, એમટી -૦૭, અને એમટી-૦૬) સત્તાવાર રીતે પૂર્ણ થઇ છે.

આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ માટે કુલ આઠ પર્વતીય ટનલની જરૂર છે, જેમાં સાત પાલઘરમાં અને એક વલસાડ (ગુજરાત)માં સ્થિત છે.

ગુજરાત, મહારાષ્ટ્ર અને દાદરા-નગર હવેલીમાંથી પસાર થતો મુંબઈ અને અમદાવાદને જોડતો ૫૦૮ કિમી.નો રેલવે પ્રોજેક્ટ, ભારતનો એકમાત્ર હાઇ-સ્પીડ રેલ પ્રોજેક્ટ છે જે ૩૨૦ કિમી. પ્રતિ કલાકની ઝડપે દોડતી બુલેટ ટ્રેન માટે રચાયેલ છે.

## જૈન મરણ

**ઘોઘારી દશાશ્રીમાળી જૈન**

પાલીતાણા નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. પ્રભુદાસ નાગજી કપાસીના ધર્મપત્ની મંજુલાબહેન (ઉં. વ. ૮૪) તા. ૧/૬/૨૬, સોમવારે અરિહંતશરણ પામ્યા છે. તે અંબાલાલ વેલજી શાહના દીકરી. ભાવનાબેન વિનોદકુમાર મહેતા. અલકા દીપકકુમાર પારેખ, કેતન તથા મનિષ પ્રભુદાસ કપાસીના માતુશ્રી. અશ્વિની અને જાગૃતિના સાસુ. પ્રિયંકા, હેતવી, પ્રિયાંશી તથા વંશના દાદી. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વઢવાણ નિવાસી, હાલ અંધેરી, કલ્પનાબેન (રેખાબેન) મધુસુદન શાહ (ઉં. વ. ૭૫) તે સ્વ. સુશીલાબેન છોટાલાલ ગોસાલિયાના સુપુત્રી તથા સ્વ. મધુસુદન જયંતિલાલ શાહના ધર્મપત્ની તા. ૩૧ મે, ૨૦૨૬, રવિવારના અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. રમિલાબેન અને અનિલભાઈ શાહ તથા કૈલાશબેન નરેન્દ્રભાઈ શાહના ભાભી. રીટા, દીપ્તિ, તૃપ્તિ, રિદ્ધિ, કૌલિક અને પુત્રવધૂ. બીજલના કાકી. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ છે. સરનામું : ૩/૪૮, ઝાલાવાડ નગર, સી. ડી. બરફીવાળા માર્ગ, અંધેરી પશ્ચિમ.

**કચ્છી વિશા ઓસવાળ જૈન**

ટુંડાનાં માતુશ્રી હીરાવંતી ખીમજી પ્રેમજી ગંગર (ઉં. વ. ૮૩) તા. ૩૧-૫-૨૬નાં અવસાન પામેલ છે. સ્વ. ગોમીબેન પ્રેમજી પાસુના પુત્રવધૂ. સ્વ. ખીમજીના પત્ની. તરૂણ, સ્વ. કેતન, નિલેશના માતુશ્રી. ભુજપુર ધારશી લીલાધરના સુપુત્રી. સ્વ. વજપાર, સ્વ. મોણશી, કપાયા સ્વ. સુંદરબેન ખેતશી, દેશલપર સ્વ. કેસરબેન કેશવજી, ગેલડા હેમલતા દેવચંદ, સ્વ. રતનના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. તરૂણ ગંગર, ૧૦૦૧, એસ.પી.એમ., ઓ.એન.જી.સી.રોડ, માતૃછાયા, વિદ્યાવિહાર (ઇ). મું. ૭૭.

વડાલા (હાલે હૈદરાબાદ)ના યશવંતીબેન અમૃતલાલ ભાણજી નિસર (ઉં. વ. ૮૭) શનિવાર તા. ૩૦-૦૫-૨૬ના અરિહંત શરણ પામેલ છે. માતુશ્રી મુલબાઇ ભાણજી ખેરાજના પુત્રવધુ, સ્વ. અમૃતલાલના ધર્મપત્ની. લીનાના માતુશ્રી. કારાઘોઘાના માતુશ્રી લક્ષ્મીબેન નરસીદાસ ચાંપસી સાવલાના સુપુત્રી. સ્વ. પ્રવીણચંદ્ર, ડો. પ્રફુલચંદ્ર, સાડાઉના સ્વ. કસ્તુરબેન કાનજી, ગુંદાલાના પ્રતિભાબેન નાનજી, સિકંદરાબાદના ગીરાબેન રાકેશના બેન. મુંબઇમાં પ્રાર્થના રાખેલ નથી. હૈદરાબાદમાં પ્રાર્થના તા. ૩૧.૦૫.૨૬ના દિવસે યોજાયેલ. નિ. નિલેશ છેડા, આલાપ, એડનબાગ, રામકોટ, હૈદરાબાદ-૫૦૦૦૦૧.

બિદડાના સરલા જગદીશ મામણીયા/શાહ (ઉં. વ. ૭૧) તા. ૧-૬ના અવસાન પામ્યા છે. મણીબેન વેલજી કચરાના પુત્રવધુ. જગદીશભાઈના પત્ની. હિરેન, કવિતાના માતુશ્રી. મણીબેન વલ્લભજીની સુપુત્રી. રૂપેન્દ્ર, રાજેશ, ભારતી, શિલ્પાના બેન. પ્રા : શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. કરશન લધુ નિસર હોલ (દાદર). ટા. ૨ થી ૩.૩૦. નિ. જગદીશ શાહ : ૩૦૩, અહેસાન હાઉસ, રામદાસ સુત્રાલે માર્ગ, બોરીવલી-વે., મું-૫૭.

કારાઘોઘાના રોનક મુકેશ સૈયા (ઉં. વ. ૩૮) તા. ૧-૬-૨૬નાં અવસાન પામેલ છે. સ્વ. રતનબાઇ ગાંગજી ખીમજી સૈયાના પૌત્ર. સ્વ. કાશ્મીરા, સ્વ. મુકેશના પુત્ર. સ્વ. ચીરાગના ભાઇ. ભાવનગરના ઉષાબેન અરવિંદ દેસાઇના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. ઠે. કાશ્મીરા મુકેશ સૈયા, શ્રી સુંદરમ્ સો., સી-૦૦૪, છેડા પાર્ક, આચોલે તળાવ, નાલાસોપારા (ઇ.) ૪૦૧૨૦૯.

મોટા રતડીયાના માતુશ્રી શાંતીબેન હરશી ડાઈયાભાઈ ગડાના સુપુત્રી ડો. (અ.સૌ.) ઝુલાબેન પટેલ (ઉં. વ. ૫૯) તા. ૩૦-૫-૨૬ ના અક્ષરધામ નિવાસી થયા છે. વડોદરાના હાલે વિલેપાર્લા ડો. સૌરભ પટેલના ધર્મપત્ની. માતુશ્રી કુમુદબેન અરવિંદભાઈ પટેલના પુત્રવધુ. સંત આર્શ યોગીદાસજીના સંસારી માતુશ્રી. અમૃતભાઈ હરશી, ડો. લક્ષ્મીચંદ હરશી, તલવાણાના સુશીલા વસંતલાલ ખીમજી સાવલા, ગોધરાના કલ્પના રમેશ દામજી છેડા, છસરાના વસંતબેન રમેશ નરશી ગાલા, ડોણના નવલબેન સુરેન્દ્ર લક્ષ્મીચંદ છેડા, કપાયાના મીતા ડો. મનોજ વિસનજી સંગોઈના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ડો. લક્ષ્મીચંદ ગડા : ૧/૭, જય મહાવીર, આર.બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ).

**ઝાલાવાડી વિશા શ્રીમાળી દેરાવાસી જૈન**

વઢવાણ નિવાસી હાલ સાયન, કનકબેન અરવિંદભાઇ હરજીવનદાસ શાહ (ઉં. વ. ૮૫) મંગળવાર, તા. ૨૬-૫-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ચેતનાબેન-મુકેશકુમાર, ઉર્વીબેન-અજયકુમાર, મિલનભાઇ-પ્રીતીબેન, હિતેશભાઇ-નીમીષાબેન તથા વિશાલભાઇના માતુશ્રી. સતીષભાઇ-સ્વ. જયોત્સનાબેન, ભારતીબેન-રમેશકુમાર, ચારુબેન-દિલીપકુમારના ભાભી. અનેરી વૈભવકુમાર, ક્રીના, દેવાંગ, પંક્તિ, રાહીલ-હીનલ, દર્શન-વિધિ, પ્રેયલ-ધારા, દિયાંશ, જીઆના, મીશ્કા હિયા, યાશી, સિદ્ધાન તથા તવીશના દાદી. સ્વ. સૂરજબા લક્ષ્મીચંદ નેણશીભાઇ મહેતાના દીકરી. ચંપકભાઇ-વીણાબેન, નવીનભાઇ-રંજનબેન, કીર્તિભાઇ-મીનાબેન, વિનોદીનીબેન મુગટલાલ તથા વસુમતીબેન કીર્તિભાઇના બેન સાયન મુકામે અવસાન પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે, ત્વચાદાન કરેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

પ્રદીપભાઇ રતિલાલ શેઠ વાંકાનેર નિવાસી હાલ મુંબઇ (ઉં. વ. ૮૧) તા. ૨-૬-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. વિજયાબેન રતિલાલ શેઠના પુત્ર. સ્વ. હંસાબેનના પતિ. મંગળાબેન મનહરલાલ અજમેરાના જમાઇ. રિતેશ, નીમા નિરવભાઇ ચોકસીના પિતા. પૂર્વી રિતેશ શેઠ, નિરવ નવીનભાઇ ચોકસીના સસરા. જશ, માન્યા, મિશય, વિહાના દાદા-નાના. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક** |
|---|---|---|

કવર સ્ટોરી_નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com




## SIF: મલ્ટિ-એસેટ પોર્ટફોલિયોને વધુ લાભકારક બનાવવાની વ્યૂહરચના

અર્થજગત અત્યારે વિચિત્ર પરિસ્થિતિમાંથી પસાર થઇ રહ્યું છે. આંતરરાષ્ટ્રીય સ્તરે, નબળા આર્થિક વિકાસ, વધતા ભૌગોલિક રાજકીય તણાવ અને નીતિ અનિશ્ચિતતા વચ્ચે એસેટની ભાવસપાટી ખૂબ જ અસ્થિર છે. એ જ સમયે, ઘરઆંગણે આપણી પાસે પ્રમાણમાં મજબૂત આર્થિક વિકાસનું વાતાવરણ, સ્થિર સરકાર અને ઓછા વ્યાજ દરના માહોલમાં મજબૂત વૃદ્ધિ તરફી નીતિ માળખું છે.

મજબૂત મેક્રો, નીચા વ્યાજ દરો અને વધતા રોકાણકારોના રસ આપણા ઇક્વિટી બજારોને ટકાવી રાખે છે, પરંતુ પ્રમાણમાં ઊંચા મૂલ્યાંકન અને સ્થાનિક તથા વૈશ્વિક બંને પરિબળોમાં ફેરફારને કારણે આપણે એસેટ ક્લાસમાં ઝડપી હલચલ જોઈ રહ્યા છીએ. આ સંદર્ભમાં, મલ્ટી એસેટ પોર્ટફોલિયો ધરાવતા રોકાણકારોએ વધુ લાભ મેળવ્યો છે. ઉદાહરણ તરીકે, ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ પૂરા થયેલા એક વર્ષમાં મલ્ટિ-એસેટ ફંડ્સે સરેરાશ ૫.૭૨ ટકા વળતર આપ્યું છે, જ્યારે મોટાભાગની ઇક્વિટી ફંડ કેટેગરીઓએ નુકસાન નોંધાવ્યું છે.

હાઇબ્રિડ ફંડ્સ મધ્યમ જોખમ પ્રોફાઇલ ધરાવતા રોકાણકારો માટે વધુ સારી રીતે કામ કરે છે, જે નુકસાનના જોખમને સમાવીને અમુક હદનું ઇક્વિટી એક્સપોઝર આપે છે. સ્પેશિયલાઇઝ્ડ ઇન્વેસ્ટમેન્ટ ફંડ (એસઆઇએફ) એક્ટિવ એસેટ એલોકેટર લોંગ શોર્ટ ફંડ (એએએલએસએફ) પણ ઓફર કરે છે. આવા રોકાણકારો માટે તેમના મલ્ટિ-એસેટ પોર્ટફોલિયો સાથે સંકળાયેલા રિસ્ક-રિવોર્ડને વધુ સુધારવા માટે આ એક રસપ્રદ ઓફર હોઈ શકે છે.

એએએલએસએફ ફંડ મેનેજરને મહત્તમ સુગમતા આપે છે. આ યોજના સ્ટોક્સ, બોન્ડ્સ, રિયલ એસ્ટેટ ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટના એકમો અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટના મિશ્રણમાં રોકાણ કરે છે, જેમાં કોમોડિટીઝના દરેકના સંબંધિત આકર્ષણને ધ્યાનમાં લેવામાં આવે છે. મોટાભાગના એસેટ મેનેજરો પાસેથી શિસ્તબદ્ધ અભિગમ સુનિશ્ચિત કરવા માટે દરેક એસેટ ક્લાસ માટે ફાળવણીનો નિર્ણય ઇન-હાઉસ મોડેલ પર છોડી દેવાની અપેક્ષા રાખવામાં આવે છે.

જોકે, ફંડ મેનેજર પાસેથી વ્યક્તિગત સ્ટોક્સ પસંદ કરતી વખતે વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવાની અપેક્ષા રાખવામાં આવે છે, પછી ભલે તે સ્ટોક્સ, બોન્ડ્સ અથવા ડેરિવેટિવ ઇન્સ્ટ્રુમેન્ટ્સ હોય.

એસેટ ક્લાસમાં વ્યાપક કેનવાસ અને ચોક્કસ માર્કેટ કેપિટલાઇઝેશનમાં સ્ટોક્સ અથવા ચોક્કસ ક્રેડિટ રેટિંગના બોન્ડ્સમાં નિર્ધારિત એક્સપોઝર જેવા કોઈ પ્રતિબંધો ન હોવાથી, ફંડ મેનેજરો પાસે રોકાણ કરતી વખતે વિશાળ પસંદગી હોય છે. ફંડ મેનેજર્સ સારા સમયમાં ઝડપી વિકાસ ધરાવતી મિડ કેપ અને સ્મોલ કેપ કંપનીઓમાં રોકાણ કરી સ્કીમના ઇક્વિટી ઘટકનું નિર્માણ કરે છે.

ખરાબ સમયમાં, તેઓ ઇક્વિટી ફાળવણી ઘટાડી શકે છે અને તેને સારા ફંડામેન્ટલ ધરાવતા લાર્જ કેપ શેરો સુધી મર્યાદિત કરી શકે છે, જેમાં ઓછા નુકસાનની અપેક્ષા છે. કોમોડિટીઝમાં, ખાસ કરીને બુલિયન, ગોલ્ડનો ટચ, ઇક્વિટી બજારોના અસ્થિર તબક્કા દરમિયાન મદદ કરી શકે છે, કારણ કે આ બે એસેટ વર્ગો વચ્ચેનો સહસંબંધ ઓછો છે.

ઓફરિંગને વધુ મજબૂત બનાવવા માટે એએએલએસએફ ફંડ મેનેજરને પચ્ચીસ ટકા સુધીના નાણાંનો ઉપયોગ કરીને બોન્ડ અને શેરોમાં ટૂંકા ગાળામાં રોકાણ કરવાની મંજૂરી આપે છે. ફંડ મેનેજર એવા સ્ટોક અથવા બોન્ડને શોર્ટ-સેલ કરી શકે છે જેના પર તેનો મંદીનો દૃષ્ટિકોણ હોય. આ લોંગ -શોર્ટ વ્યૂહરચના ફંડ મેનેજરને વળતરને ઑપ્ટિમાઇઝ કરવામાં મદદ કરી શકે છે.

જો ફંડ મેનેજર એવી સિક્યોરિટીઝ ખરીદી શકે જેના ભાવ સમય જતાં વધે છે અને ટૂંકાગાળામાં એવી સિક્યોરિટીઝ, જેના ભાવ ઘટે છે તો આ યોજના લાભદાયક બની શકે છે. તેથી, લોંગ-શોર્ટ વ્યૂહરચનામાં ફંડ મેનેજરની ભૂમિકા મહત્ત્વપૂર્ણ છે. આ ખાસ કરીને મલ્ટિ એસેટ પોર્ટફોલિયો માટે આ વધુ મહત્ત્વનું છે, કારણ કે દરેક એસેટ ક્લાસમાં એક અલગ રિસ્ક-રિવોર્ડ પ્રોફાઇલ હોઈ શકે છે.

લોંગ-શોર્ટ વ્યૂહરચના અને સંપત્તિ વર્ગોમાં એક્સપોઝર ફંડ મેનેજરને લાંબા ગાળે સ્વસ્થ જોખમ-સમાયોજિત વળતર પ્રાપ્ત કરવામાં મદદ કરશે. રોકાણકારે દરેક સંપત્તિ વર્ગને સંપત્તિ ફાળવણી નક્કી કરવામાં પણ મહેનત કરવાની જરૂર નથી. જો કે, રોકાણકારોએ કેટલીક મર્યાદાઓ ધ્યાનમાં રાખવી જોઈએ.

વૈવિધ્યસભર એક્સપોઝરને જોતાં, આ યોજના તેજીવાળા બજારમાં પ્રમાણમાં મ્યૂટ વળતર આપી શકે છે. સંપત્તિ ફાળવણી ગતિશીલ અને બદલાતી બજાર પરિસ્થિતિઓ સાથે સંરેખિત હોવી જોઈએ, જે યોજનાના અપેક્ષિત વળતરનો અંદાજ લગાવવાનું મુશ્કેલ બનાવી શકે છે. આનાથી એએએલએસએફ પસંદ કરવાનું મુશ્કેલ બની શકે છે.

રોકાણકારોએ આ યોજનાઓના અંતર્ગત સંપત્તિ ફાળવણી પર પણ ધ્યાન આપવું જોઈએ. ઇક્વિટીમાં ૬૫ ટકાથી વધુ ફાળવણી કરતી યોજનાઓ (જેમાં આર્બિટ્રેજ શામેલ હોઈ શકે છે)ને ઇક્વિટી ફંડ્સ તરીકે ગણવામાં આવે છે અને સંપાદનના એક વર્ષ પછી યુનિટ વેચીને બુક કરાયેલા લાભ પર ૧૨.૫૦ ટકાના દરે કર લાદવામાં આવે છે. એ જ રીતે ૩૫ ટકા કે તેથી વધુ પરંતુ ૬૫ ટકાથી ઓછા ઇક્વિટી એક્સપોઝર ધરાવતી યોજનાઓના યુનિટ્સના વેચાણ પર બુક કરાયેલા લાભ પર ૧૨.૫૦ ટકા કર લાદવામાં આવે છે, જો યુનિટ્સ સંપાદનની તારીખથી બે વર્ષ પછી વેચવામાં આવે છે.

આ કરવેરાના દર ઉચ્ચ આવકવેરાના સ્લેબમાં વ્યક્તિઓ માટે સ્લેબ દર કરતા ઓછો છે. અન્ય કોઈપણ એસઆઇએફની જેમ, આ યોજનામાં પણ લઘુતમ રોકાણ મર્યાદા રૂ. ૧૦ લાખ નક્કી કરવામાં આવી છે. આ યોજના મોટાભાગના મોટા પાયે સમૃદ્ધ રોકાણકારો માટે સુલભ બનાવે છે.

મધ્યમ જોખમ લેવાની ક્ષમતા ધરાવતા રોકાણકારો જે ઇક્વિટી એક્સપોઝર સાથે સ્વસ્થ જોખમ સમાયોજિત વળતર મેળવવા માગે છે તેમણે ઓછામાં ઓછા પાંચથી સાત વર્ષના હોલ્ડિંગ સમયગાળા સાથે આ યોજનાનો વિચાર કરવો જોઈએ. વધુ લાંબો સમય વધુ સારો. અંતે રોકાણ માર્કેટ રિસ્કને આધિન હોવાથી કોઇપણ નિર્ણય લેતા પહેલા પોતાના નાણાકીય સલાહકારનું માર્ગદર્શન લઇને આગળ વધવું, આ લેખનો હેતું માત્ર જાણકારી આપવા પૂરતો છે.

### આ SIF શું છે?

*સ્પેશિયલાઇઝ્ડ ઇન્વેસ્ટમેન્ટ ફંડ્સ (એસઆઇએફ)એ સેબી દ્વારા જાહેર કરવામાં આવેલી એક નવી શ્રેણી છે, જે પરંપરાગત મ્યુચ્યુઅલ ફંડ્સ અને પોર્ટફોલિયો મેનેજમેન્ટ સર્વિસિસ વચ્ચેના અંતરને દૂર કરવા માટે રચવામાં આવી છે, જે ફંડ મેનેજર્સને મ્યુચ્યુઅલ ફંડના પૂલિંગ, કર-કાર્યક્ષમતા અને પારદર્શિતા જાળવી રાખીને અત્યાધુનિક વ્યૂહરચના (જેમ કે લોંગ-શોર્ટ ઇક્વિટી, ડેરિવેટિવ્ઝ અને સેક્ટર રોટેશન)નો ઉપયોગ કરવાની છૂટ આપે છે.*

---

## આ તો સ્કેમ છે... સ્કેમ છે..!

feedback@bombaysamachar.com
પ્રફુલ શાહ

## આખરે સી. આર. ભંસાલી સ્કેમની આર્થિક રમતનો આવ્યો કરુણ અંત

હવે એ સમજવું આસાન છે કે ચેન રૂપ ભંસાલીની યોજનાનો ધ્યેય ફક્તને ફક્ત નફાકારકતાનો ભ્રમ ઊભો કરવાનો હતો. શેર બજારમાં સક્રિય ન હોય કે એની જાણકારી ન ધરાવનારાઓને આખી પ્રક્રિયા અને ઘટનાક્રમ ટેક્નિકલ લાગવાની પણ એના વગર છુટકો નથી.

ભંસાલી શેલ કંપનીઓ મારફતે નાણાં ફેરવતા અને ખાનગી માલિકીની કંપનીઓ તથા પોતાની પબ્લિક એન્ટિટીઓ વચ્ચેની ક્રોસ-હોલ્ડિંગ્સ દ્વારા શેરના ભાવોમાં હેરફેર કરતો હતો. પરિણામે એમાં ટોચનાં રોકાણોમાં સામેલ હતાં. રિટેલ રોકાણકારો બહુ ઓછા હતા કારણ કે ભંસાલી મુખ્યત્વે પોતાના મિત્રો પાસે તેમની કંપનીઓના શેર ખરીદવાના બદલે પોતાની યોજનાઓમાં રોકાણ કરાવતો હતો. તેણે અન્ય કંપનીઓના જાહેર લિસ્ટિંગ્સનો પણ લાભ લીધો, જેમાં ઓછા ભાવે શેર ખરીદવા, ઊંચા ભાવે વેચવા અને પછી ફરીથી વધારે ભાવે પાછા ખરીદવાની વ્યવસ્થા ગોઠવવામાં આવતી. આ સોદાઓને તેની લિસ્ટેડ કંપનીઓમાં કૃત્રિમ નફા તરીકે દર્શાવવામાં આવતાં, જેના કારણે કંપનીઓની નાણાકીય સ્થિતિ મજબૂત હોવાનો ભ્રમ ઊભો થતો હતો. આનાથી શેરના ભાવ વધતા જતા હતા અને સરવાળે વધુ જાહેર રોકાણ મળતું હતું.

ચેન રૂપ ભંસાલીનો મૂળ ઈરાદો તો બેંકિંગ લાઇસન્સ મેળવવાનો હતો. વચ્ચે થતા નાના સ્કેમ્સ માત્ર આ મોટા હેતુ સુધી પહોંચવાના નાનાં-નાનાં પગથિયાં હતાં. આ માટે તેણે સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાની મુંબઈ શાખામાંથી ખોટા ડિવિડન્ડ વોરન્ટ્સ દ્વારા રૂપિયા ૫૯ કરોડની છેતરપિંડી કરી હતી અને આ રકમ કોલકાતા અને રાજસ્થાનના ખોટા બેંક ખાતાઓ મારફતે ઉપાડી હતી. આશ્ચર્યજનક રીતે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ ભંસાલીના બેંકિંગ લાઇસન્સ માટેના પ્રસ્તાવ પર વિચાર પણ કર્યો હતો.


સી. આર. ભંસાલી

મીડિયા દ્વારા સી. આર. બી. ગ્રુપની છેતરપિંડીભરી પ્રવૃત્તિઓનો પર્દાફાશ થતા ભંસાલીની નવી યોજનાઓ શરૂ કરવા પર પ્રતિબંધ મુકાઈ ગયો હતો. આ સ્કેમ બહાર આવ્યા પછી સી. આર. બી. મ્યુચ્યુઅલ ફંડને પણ વ્યવસાય કરવામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું. રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ ભુવનેશ્વરમાં બેંક સ્થાપવા માટે તેને આપેલી પ્રાથમિક મંજૂરી પણ પાછી ખેંચી લીધી હતી.

એક અહેવાલ મુજબ સી. આર. બી. સ્કેમમાં આશરે વીસ હજાર રોકાણકારો સપડાયા હતા. આ સાથે જ ‘રીડેમ્પશન’ (કોઈ સિક્યોરિટીઝ, મ્યુચ્યુઅલ ફંડ, બોન્ડ અથવા ડિબેન્ચર પાછા આપીને તેના બદલામાં કંપની અથવા સંસ્થા પાસેથી રોકાણની રકમ કે મૂલ્ય પરત મેળવવું) માટે દિલ્હી હાઈ કોર્ટનો દરવાજો ખખડાવ્યો. અંતે લગભગ ૨૦ વર્ષ બાદ રોકાણકારોને અરિહંત મંગલ સ્કીમ પ્રતિ યુનિટ ૬.૪૮ રૂપિયાનું કામચલાઉ એન. એ. વી. (નેટ એસેટ વેલ્યૂ) આપવાનું મંજૂર કરવામાં આવ્યું હતું .

આ સ્કેમ બાદ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની આકરી ટીકા થઈ હતી કારણ કે તેણે મ્યુચ્યુઅલ ફંડ અને કંપનીના નાણાકીય હિસાબોની પૂરતી તપાસ અને વ્યવસ્થિત દેખરેખ રાખી નહોતી. એટલું જ નહિ, વિવિધ ફરિયાદો મળવા છતાં કંપની સામે કાર્યવાહી ન કરવા બદલ પણ તેની ખૂબ ટીકા થઈ. છે આટલું બધું બની ગયા બાદ રિઝર્વ બેંકે આ સ્કેમની તપાસ માટે ઉચ્ચસ્તરીય સમિતિ રચી હતી અને ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવા માટે સૂચનો પણ જાહેર કર્યાં હતાં.

ખરેખર તો મ્યુચ્યુઅલ ફંડ્સની દુનિયા તકોથી ભરેલી હતી, અનેક સ્કેમ્સે રોકાણકારોને કડવા-કઠોર બોધપાઠ શીખવ્યા પણ ભારે નુકસાન બાદ. હા, આવા સ્કેમે રોકાણકારોને છેતરપિંડીથી બચાવવા માટે મજબૂત નિયમનકારી માળખાની જરૂરિયાત નીચે ઘાટ્ટી લાલ લીટી દોરી આપી હતી. અનેક નિષ્ણાતોએ આ સ્કેમને મ્યુચ્યુઅલ ફંડ ક્ષેત્ર માટે એક સકારાત્મક ઘટના ગણાવી હતી. આને લીધે તેણે ઉદ્યોગની જટિલતાઓ બહાર લાવી અને ભવિષ્યમાં આવા સ્કેમ્સ ઓળખવા માટે રોકાણકારોને જાગૃત કર્યા હતા. આ ઘટનાએ જ સરકારને નાણાકીય કંપનીઓ માટેનું નિયમનકારી માળખું વધુ મજબૂત બનાવવા જરૂરી પગલાં લેવા મજબૂર કરી હતી.

અંતે ૧૯૯૬માં ભીંસ વધતા ભંસાલી દેશ છોડીને ભાગી ગયો, પરંતુ ૧૯૯૭ના જૂનમાં સી. બી. આઈ. અધિકારીઓએ તેને હોંગકોંગમાંથી પકડી ભારત પરત લાવ્યા હતા. એજન્સીએ તેમની કંપનીઓના બેંક ખાતાઓ સીલ કર્યા અને કંપનીઓને બંધ કરવાની અરજી દાખલ કરી. ૧૯૯૭માં ભંસાલીએ ઘણા મહિના જેલમાં વિતાવ્યા.

પછી ભંસાલી ગાઝિયાબાદમાં સ્થાયી થયો. પોતાને શિક્ષણપ્રેમી તરીકે રજૂ કર્યા અને ઘણી વખત વ્હાઇટ-કોલર ગુનેગારો જે આધ્યાત્મિક શરણ લે છે તે માર્ગ અપનાવ્યો. તેણે દેવી સરસ્વતીનો સંદેશ ફેલાવવા માટે ગ્લોબલ સોસાયટી ફોર સરસ્વતી કોન્શ્યિસનેસની સ્થાપના કરી હતી. આ પછી જાહેર જીવનથી દૂર રહેવાનું પસંદ કર્યું હતું. (સમાપ્ત)■

---

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

## અણુસત્તા પર લગામ કોણ તાણશે?




વર્ષ ૨૦૨૬માં વૈશ્વિક રાજકારણ એક એવા વળાંક પર આવીને ઊભું રહ્યું છે જ્યાં શાંતિની વાતો માત્ર કાગળ પર સીમિત લાગી રહી છે. તાજેતરમાં ન્યૂ યોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર (યુએન)ના મુખ્યાલય ખાતે યોજાયેલી ૧૧મી એનપીટી (ન્યુક્લિયર નોન-પ્રોલિફરેશન ટ્રીટી એટલે કે અણુ બિનપ્રસાર સંધિ) રિવ્યુ કૉન્ફરન્સ કોઈ પણ પ્રકારની સર્વસંમતિ વિના નિષ્ફળ સમાપ્ત થઈ ગઈ, જે એ વાતનો સ્પષ્ટ સંકેત છે કે મહાસત્તાઓ વચ્ચેનો ભરોસો હવે સાવ તળિયે બેસી ગયો છે. આ નિષ્ફળતા માત્ર એક રાજદ્વારી ઘટના નથી, પરંતુ તે પૃથ્વી પર તોળાઈ રહેલા એક એવા ભયાનક અણુ જોખમની ચેતવણી છે, જે સમગ્ર માનવ સભ્યતાનો પળવારમાં નષ્ટ કરી શકે છે. આજે અણુ શસ્ત્રોનું જોખમ એટલું વધી ગયું છે કે સાયન્ટિસ્ટોએ ‘ડૂમ્સડે ક્લોક’ના કાંટાને વિનાશની સાવ નજીક એટલે કે ૮૫ થી ૯૦ સેકન્ડ પર લાવી દીધા છે!

વિશ્વમાં અત્યારે સત્તાવાર અને બિનસત્તાવાર રીતે નવ દેશ પાસે પરમાણુ શસ્ત્રોનો જંગી ભંડાર છે. અમેરિકા અને રશિયા પાસે દુનિયાના સૌથી વધુ અણુ શસ્ત્રો છે. એક સમયે બંને દેશ વચ્ચે શસ્ત્રોના નિયંત્રણ માટે ‘ન્યુ સ્ટાર્ટ સંધિ’ અમલમાં હતી, પરંતુ હવે તેના અંત પછી બંને દેશ વચ્ચે ફરીથી એક નવી, અનિયંત્રિત અણુ સ્પર્ધા શરૂ થઈ ગઈ છે. આ સાથે જ ચીન પણ પોતાની અણુ ક્ષમતાઓમાં ગુપ્ત રીતે અને ઝડપથી વધારો કરી રહ્યું છે. ફ્રાન્સ અને યુનાઇટેડ કિંગડમ જેવા પશ્ચિમી દેશો પણ આ દોડમાં સામેલ છે, જ્યારે દક્ષિણ એશિયામાં ભારત અને પાકિસ્તાન તેમજ મધ્ય પૂર્વમાં ઇઝરાયેલ અને ઉત્તર કોરિયા જેવા દેશો પોતાનાં શસ્ત્રોને વધુ આધુનિક બનાવી રહ્યા છે. આ પરિસ્થિતિ પૃથ્વી માટે અત્યંત ઘાતકી સાબિત થઈ શકે છે, કારણ કે આજનાં આધુનિક પરમાણુ શસ્ત્રો હિરોશિમા અને નાગાસાકી પર ફેંકાયેલા બોમ્બ કરતાં હજારો ગણા વધુ શક્તિશાળી છે.

વૈશ્વિક સ્તરે પરમાણુ શસ્ત્રો મેળવવાની આંધળી દોડ હવે માત્ર જૂની અણુસત્તા પૂરતી સીમિત નથી રહી, પરંતુ નવા દેશો પણ આ ક્ષમતા મેળવવા માટે આતુર બન્યા છે. ઇરાનનો અણુ કાર્યક્રમ હવે એવા તબક્કે પહોંચી ગયો છે કે તે ગમે ત્યારે સત્તાવાર રીતે અણુ સંપન્ન દેશ બની શકે છે અને ૧૧મી રિવ્યુ કોન્ફરન્સમાં પણ ઇરાનના આ પરમાણુ કાર્યક્રમ અને તેની સામેના સુરક્ષા પડકારો અંગે સર્જાયેલા મતભેદો જ સંધિની નિષ્ફળતાનું એક મુખ્ય કારણ બન્યા હતા. ઇરાનની આ હિલચાલને કારણે મધ્ય પૂર્વમાં ભારે તનાવ છે અને સાઉદી અરેબિયાએ પણ ખુલ્લેઆમ જાહેરાત કરી દીધી છે કે જો ઇરાન બોમ્બ બનાવશે, તો તે પણ પરમાણુ શસ્ત્રો મેળવશે. આ ઉપરાંત જાપાન, દક્ષિણ કોરિયા અને તુર્કી જેવા દેશ પાસે એવી ટેક્નોલોજી ઉપલબ્ધ છે કે તે બધા ધારે ત્યારે ટૂંકા સમયમાં પરમાણુ શક્તિ બની શકે છે. આ ‘લેટન્ટ ન્યુક્લિયર સ્ટેટ્સ’ (સુષુપ્ત અણુ દેશો)ની વધતી સંખ્યા પૃથ્વી પર પરમાણુ અકસ્માત કે યુદ્ધ થવાની સંભાવનાને અનેક ગણી વધારી દે છે.

આજના આ સમયને વિશ્લેષકો ‘થર્ડ ન્યુક્લિયર એજ’ (ત્રીજો પરમાણુ યુગ) કહી રહ્યા છે. આ યુગનું સૌથી મોટું જોખમ એ છે કે હવે દેશો નાના અને મર્યાદિત વિસ્તારમાં નુકસાન પહોંચાડતા ‘ટેક્ટિકલ ન્યુક્લિયર વેપન્સ’ એટલે કે નાનાં અણુ શસ્ત્રો બનાવવા પર ભાર મૂકી રહ્યા છે. યુક્રેન સંઘર્ષ, તાઇવાનની કટોકટી અને મધ્ય પૂર્વમાં ચાલી રહેલા પ્રોક્સી યુદ્ધો એવા ફ્લેશ પોઇન્ટ છે, જ્યાં કોઈ પણ પક્ષ પોતાની હાર નિશ્ચિત જોઈને આવાં નાનાં અણુ શસ્ત્રોનો ઉપયોગ કરવાની ભૂલ કરી શકે છે અને ઇતિહાસ સાક્ષી છે કે યુદ્ધમાં એકવાર અણુ હુમલો થાય, પછી તેને રોકવો અશક્ય બની જાય છે અને તે મિસકેલ્ક્યુલેશન (ખોટી ગણતરી) અથવા જવાબી હુમલાની પરંપરામાં બદલાઈને મોટા વૈશ્વિક પરમાણુ યુદ્ધનું સ્વરૂપ ધારણ કરી લે છે.

જો વિશ્વમાં ત્રીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળે અને તેમાં અણુ શસ્ત્રોનો ઉપયોગ થાય તો પૃથ્વી પર જે વિનાશ વેરશે તેની કલ્પના પણ ધ્રુજાવી દે તેવી છે. અણુ વિસ્ફોટોને કારણે કરોડો લોકો તો ત્વરિત મૃત્યુ પામશે, પરંતુ તેની અસર ત્યાં સમાપ્ત નહીં થાય. વૈજ્ઞાનિકોના મતે, મોટા પાયે થનારા અણુ યુદ્ધને કારણે જે અબજો ટન ધુમાડો અને રાખ વાતાવરણમાં ફેલાશે, તે સૂર્યના કિરણોને પૃથ્વી સુધી આવતા રોકી દેશે. આ સ્થિતિને ‘ન્યુક્લિયર વિન્ટર’ (પરમાણુ શિયાળો) કહેવામાં આવે છે. આના કારણે પૃથ્વીનું તાપમાન માઈનસમાં જતું રહેશે, વૈશ્વિક ખેતીવાડી સંપૂર્ણપણે નાશ પામશે અને અનાજની અછતને કારણે સમગ્ર પૃથ્વી પર અબજો લોકો ભૂખમરાથી મરી જશે. રેડિયેશનના કારણે આવનારી પેઢીઓ વિકલાંગ પેદા થશે અને પૃથ્વી પરથી માનવ જીવનનું અસ્તિત્વ જ જોખમમાં આવી જશે.

આ ભયાનક વાસ્તવિકતા વચ્ચે ‘મ્યુચ્યુઅલ અશ્યોર્ડ ડિસ્ટ્રક્શન’ (પરસ્પર ખાતરીપૂર્વકનો વિનાશ)નો સિદ્ધાંત જ અત્યાર સુધી દેશોને એકબીજા પર હુમલો કરતા રોકી રહ્યો છે, કારણ કે દરેક દેશ જાણે છે કે જો તે સામે વાળા પર પરમાણુ હુમલો કરશે તો વળતા હુમલામાં પોતે પણ બચી શકશે નહીં, પરંતુ આજના બદલાતા વૈશ્વિક સમીકરણો, આર્થિક યુદ્ધો, સપ્લાય ચેઇન પર નિયંત્રણ મેળવવાની હોડ અને નાટો, ક્વાડ તેમજ બ્રિક્સ+ જેવાં વિરોધી સંગઠનો વચ્ચેની ખાઈ એટલી વધી ગઈ છે કે કોઈ ટેક્નિકલ ખામી, અકસ્માત કે ખોટી ભ્રમણા પણ વિનાશનું કારણ બની શકે છે. ૧૧મી રિવ્યુ કોન્ફરન્સના પ્રમુખે પણ સ્વીકાર્યું હતું કે વર્તમાન આંતરરાષ્ટ્રીય માહોલ અત્યંત તનાવપૂર્ણ છે અને અણુ શસ્ત્રોનું જોખમ ચરમસીમાએ છે.

પૃથ્વીને આ અણુ જોખમમાંથી બચાવવા માટે હવે વૈશ્વિક સમુદાય પાસે સમય બહુ ઓછો બચ્યો છે. જૂની અણુ સંધિઓનું પુનર્જીવન અને શસ્ત્રોના આધુનિકીકરણ પર તાત્કાલિક રોક લગાવવી અનિવાર્ય છે. ભારત જેવા જવાબદાર અણુ દેશે હંમેશાં ‘નો ફર્સ્ટ યુઝ’ (પહેલા હુમલો ન કરવો) અને વિશ્વસનીય ન્યૂનતમ અવરોધની નીતિ અપનાવીને સંતુલન જાળવવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ વૈશ્વિક સ્તરે જ્યાં સુધી મહાસત્તા પોતાના અહંકાર અને સામ્રાજ્યવાદી નીતિ છોડીને ગંભીરતાથી પરમાણુ નિશસ્ત્રીકરણ તરફ આગળ નહીં વધે, ત્યાં સુધી આ પૃથ્વી સુરક્ષિત નથી. માનવતાને સર્વનાશથી બચાવવા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે કૂટનીતિ, ખુલ્લો સંવાદ અને પરસ્પર વિશ્વાસનું પુનઃનિર્માણ જ એકમાત્ર અને આખરી માર્ગ છે, અન્યથા આપણી આવી સુંદર પૃથ્વી અણુ રાખના ઢગલામાં ફેરવાઈ જશે. ■

## સિક્કાની ત્રીજી બાજુ

_જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

# ‘કેવું છે ભારત?...’ આ બે અમેરિકી મહિલા શું કહે છે...

**સોશ્યલ મીડિયા પર બે અમેરિકી મહિલાએ ભારત વિશે પોતાના મનની વાત કરી છે... કેટી શર્મા ભારતમાં બે વર્ષથી છે. તેણે અમેરિકા અને ભારતની જીવનશૈલીની વાત કરી છે તો ક્રિસ્ટન ફિશ્વર પાંચ વર્ષથી અહીં છે. તેણે ભારતમાં રહીને પોતે શું શીખી તેની વાત કરી છે**

**ભારતમાં** રહેતા લોકો કરતાં બહારના લોકો આપણને ભારત કેવું છે, ભારતની વિશેષતા શી છે જણાવે તો તેમનો દૃષ્ટિકોણ જાણવામાં આપણને રસ પડે. બે અમેરિકી મહિલા છેલ્લાં બેથી લઈ પાંચ વર્ષથી ભારતમાં રહે છે. સોશ્યલ મીડિયા પર તેમણે ભારતની વિશેષતાઓ જણાવી છે.

પેલી બેમાંથી એકનું નામ છે કેટી શર્મા. બીજીનું નામ છે ક્રિસ્ટન ફિશ્વર.

કેટી શર્માએ પોતાના અનુભવને આધારે ભારતની અને અમેરિકાની જીવનશૈલીના તફાવત દર્શાવતા કહે છે કે અમેરિકામાં વાતાવરણ શાંત હોય છે, ભારતમાં જીવન ઘોંઘાટિયું છે. અમેરિકામાં નિયમ મુજબ વાહન ચલાવાય છે, જ્યારે ભારતમાં આવું કંઈ નથી. અમેરિકામાં (આટલા ઠંડા વાતાવરણ છતાં) એસી સતત ચાલુ જ હોય છે, જ્યારે ભારતમાં (આટલા ગરમ વાતાવરણ છતાં) એસીને બંધ કરવાનું કહેવાય છે... આ ઉપરાંત તમારા ઘરના દરવાજે કોઈને કોઈ હોય જ છે. અમેરિકામાં એપોઇન્ટમેન્ટ વગર કોઈ આવતું નથી. ભારતમાં તિથિ વગર (જણાવ્યા વગર) અતિથિ આવી ચડે છે ’

કેટીનું કહેવું છે કે અમારે ત્યાં- અમેરિકામાં ફાસ્ટ ફૂડ વધુ ખવાય છે. ભારતમાં ફાસ્ટ ફૂડને બદલે સાદા- પૌષ્ટિક ભોજન પર પહેલી પસંદ હોય છે. અમેરિકામાં તમને ખાવાનો આગ્રહ નથી થતો અને તમે ના પાડી શકો છો, ભારતમાં આ આગ્રહને નકારવો બહુ મુશ્કેલ હોય છે... અમેરિકામાં બાળક ૧૮ વર્ષનું થાય એટલે ઘરની બહાર નીકળી પોતાની રીતે રહેવા માગે છે અને રહે પણ છે. ભારતમાં સંતાન લગ્ન ન થાય ત્યાં સુધી અને ઘણી વાર તો લગ્ન થાય પછી પણ માતા-પિતા સાથે ઘરમાં જ રહે છે. અમેરિકામાં વ્યક્તિગત સ્વતંત્રતાને બહુ મહત્ત્વ છે, જ્યારે ભારતમાં લોકો પરિવારને પ્રથમ ગણે છે, પછી વ્યક્તિને. અમેરિકામાં જો સલાહ કે અભિપ્રાય માગવામાં આવે તો જ લોકો તે આપે છે, જ્યારે ભારતમાં તો તે વણમાગ્યા મળે છે.!

અમેરિકામાં બાળઉછેર એ માળખાગત (સ્ટ્રક્ચર્ડ) હોય છે જ્યારે ભારતમાં બાળઉછેર માત્ર માતા- પિતાનું નહીં, પરિવારનું દાયિત્વ છે. પરિવાર મળીને બાળકને ઉછેરે છે.





ઈન્સ્ટાગ્રામ પરઃ કેટી શર્મા - ક્રિસ્ટન ફિશ્વર

હવે બીજી અમેરિકી મહિલા ક્રિસ્ટન ફિશ્વરની વાત કરીએ. તે ભારતમાં પાંચ વર્ષથી રહે છે, તે વેપાર કરે છે, ચાર સંતાનોની માતા છે. તે બે દેશ વચ્ચેના માત્ર સંસ્કૃતિના તફાવતની વાત નથી કરતી, પરંતુ પોતે ભારતમાં રહીને શું શું શીખી તેની વાત કરે છે.

ક્રિસ્ટન ફિશ્વર કહે છે કે ઘણા પાઠ હું ભારતમાં રહીને શીખી ને હું ઘણી ઘડાઈ છું.

**એને કયા કયા પાઠો અહીં શીખવા મળ્યા?**

૧) તમે જ્યાં જન્મો છો તે નહીં પરંતુ જ્યાં તમને શીખવા મળે, જ્યાં રહેવું ગમે તે તમારું ઘર છે.

૨) અહીં આવીને મને શીખવા મળ્યું કે ‘મારો મત જ સાચો છે, મારો વિકલ્પ/મારો રસ્તો જ સાચો છે, તેવું નથી. એ એક માર્ગ જ માત્ર છે.’

૩) ઘણી વાર મને લાગે છે કે હું ખોટી જગ્યાએ છું અને છતાં હું જાણું છું કે હું ક્યાં હોવી જોઈતી હતી.

૪) સુવિધાઓએ મારા વિશ્વને સીમિત કરી નાખ્યું હતું, પરંતુ બહાર નીકળીને (ભારતમાં) મારા વ્યક્તિત્વનો વિકાસ થયો છે.

૫) મને બે સત્ય એક સાથે જાણવા મળ્યાંઃ એક જ સમયે મને મારા (અમેરિકાના) ઘરની પણ યાદ આવતી હોય, પરંતુ એને કારણે મને ભારત છોડીને જવાની ઇચ્છા ન થાય.

૬) જ્યારે મારી આસપાસ મારા જેવા લોકો ન હોય ત્યારે ય ઓળખનો પ્રશ્ન બહુ સતાવતો નથી. એ સરળતાની (ઓળખ) બની જાય છે.

૭) મને અનુભૂતિ થઈ કે અમેરિકામાં મારું જીવન કેટલું સરળ હતું, પરંતુ અહીં જેટલી તાદાત્મ્યતા ત્યાં નહોતી.

૮) અનુકૂળતા કરતાં સમાજ મહત્ત્વનો છે.

૯) પ્રેમ માટે એક સરખી ભાષાની આવશ્યકતા નથી એટલે કે બે અલગ-અલગ ભાષા બોલતા લોકો વચ્ચે પણ પ્રેમ હોઈ શકે છે. હા, ભાષા શીખવાથી જીવન જીવવું વધુ સરળ મળે છે ખરું...

૧૦) અમેરિકા અને ભારત વચ્ચેના સાંસ્કૃતિક તફાવતો વિઘ્ન નથી, પરંતુ તે વિકાસ માટેનું આમંત્રણ છે.

ક્રિસ્ટન ફિશ્વર અમેરિકાની છે એટલે તેની અભિવ્યક્તિમાં વાક્ય રચનાથી માંડીને કહેવાની રીત અહીં દર્શાવ્યા મુજબની છે, પરંતુ સરળ શબ્દોમાં સમજાવીએ તો તે કહેવા માગે છે કે ભારતમાં લોકો ‘મારો પંથ જ સાચો, તેમાં તમે પંથાંતરણ કરી લો’ કે પછી ‘મારી ભાષા જ મહાન’ તેવું કહીને ઝઘડતા નથી.

*(એક આડ વાતઃ ક્રિસ્ટનની આ વાત સાથે આપણે સહમત ન પણ થઈએ, કારણ કે અહીં ભાષાને લઈને તોફાન દંગા પણ થાય છે!)*

હા, અહીં એક જ સત્યને વિદ્વાનો અલગ-અલગ રીતે વ્યક્ત કરે છે. ઓળખનો પ્રશ્ન ત્યારે આવે જ્યારે આજુબાજુ એક સરખી ઓળખવાળા હોય. અમેરિકા કરતાં ભારતમાં જીવન કઠિન છે, પરંતુ આ જીવનની મજા છે. આ કઠિન જીવન ઘણું બધું શીખવે છે. ■

## ઔર યે મૌસમ હંસીં...

દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# ખરી સંપત્તિઃ જે છે તેમાં નહીં, પણ જેના વગર તમે રહી શકો તે છે...

**માણસ** જ્યારે જન્મે છે ત્યારે મુઠ્ઠી વાળીને આવે છે અને જ્યારે જાય છે ત્યારે મુઠ્ઠી ખોલીને જાય છે.

દરેક વ્યક્તિ પોતાની મહાનતા દર્શાવવા આવું બોલતા હોય છે. હકીકતમાં જીવતા જીવ આપણે એ જ મુઠ્ઠીમાં આખી દુનિયાને કેદ કરી લેવા મથીએ છીએ. આજના જમાનામાં સંપત્તિ એટલે બેંક બેલેન્સ, પ્રોપર્ટી કે સોનું-ચાંદી જેવું માનસિક માળખું બની ગયું છે. શું ખરેખર સંપત્તિ એટલે માત્ર આટલું જ?


‘જો આજે તમારી પાસેથી બધી જ ભૌતિક સુવિધાઓ લઈ લેવામાં આવે, તો શું તમારી શાંતિ અકબંધ રહેશે?’ આ પ્રશ્ન સાંભળવામાં જેટલો સરળ લાગે છે, સુવિધાઓ વગર તો સુખનું અસ્તિત્વ ડગમગી જાય. આપણે બધા એક એવી દોડમાં સામેલ છીએ, જ્યાં લક્ષ્ય માત્ર એક જ છે, મારી પાસે બધા કરતાં ‘વધુ’ છે - વધુ પૈસા, વધુ સુવિધા, વધુ સુખ અને વધુ પ્રતિષ્ઠા. આ વાતમાં ‘વધુ’ શબ્દ વગરનું બધું સ્વીકાર્ય છે.

પૈસો, સુવિધાઓ, સુખ અને પ્રતિષ્ઠા આવશ્યક છે. આધુનિક સમયમાં પૈસા કે સુખસગવડ વગર જીવવું અશક્ય છે, પણ અહીં સવાલ છે ‘અતિ’ માટેના પાગલપનનો... આ દોડના અંતે જ્યારે હાંફતા-હાંફતા ઊભા રહીએ છીએ ત્યારે એક પ્રશ્ન આપણને અંદરથી કોરી ખાય છેઃ શું આ બધું જીવનની સાચી સંપત્તિ છે? દુનિયામાં અનેક લોકો સગવડો ત્યાગીને સાહસિક પ્રવાસો કરે છે કે પછી આત્મશાંતિ માટે યુવાનો સાધુ બને છે એ ‘વધુ’ની કામનાનો પ્રતિકાર માની શકાય?

એપિક્ટેટસનું જીવન આ ફિલોસોફીનો જીવતો જાગતો પુરાવો છે. તે પોતે એક ગુલામ હતો, જેના પાસે અંગત માલિકીની કોઈ વસ્તુ નહોતી. તેને શારીરિક યાતનાઓ મળતી, છતાં તે માનસિક રીતે સૌથી વધુ સ્વતંત્ર હતો. તેણે શીખવ્યું કે દુનિયા તમારી સંપત્તિ છીનવી શકે છે, પણ તમારી ‘માનસિક શાંતિ’ છીનવી શકતી નથી. પોતાના અનુભવોને તે કહીને ગયો, સંપત્તિ તમારી પાસે કેટલી છે તેમાં નથી, પણ જેના વગર તમે શાંતિથી જીવી શકો છે તેમાં છે.

આપણે એવા વ્યસ્ત છીએ કે એ પણ ભૂલી ગયા છીએ કે શાંતિ તો ‘મુક્ત’ હોવામાં છે. ભારતીય સંસ્કૃતિમાં મુક્તતાની વાતને ઘણું મહત્ત્વ આપવામાં આવ્યું છે, જેને અપરિગ્રહ કહેવામાં આવે છે. મહાવીર સ્વામીએ કહ્યું હતું કે જેટલી વસ્તુઓ તમારી પાસે વધારે હશે, તેટલી ચિંતાઓ પણ વધશે. એક અભ્યાસ મુજબ ભૌતિક સગવડ અને વ્યક્તિગત ખુશી વચ્ચે ૧૯%નો નકારાત્મક સંબંધ છે. અન્ય એક અભ્યાસ મુજબ, લોટરી જીતનારો અને પોતાનું અંગ ગુમાવનારા સરેરાશ અઢાર મહિનામાં ઓરિજિનલ ખુશીના સ્તર પર પાછા આવી જાય છે.






માનવ સ્વભાવની એક વિચિત્ર લાક્ષણિકતા છે કે તેને જે નથી મળ્યું તેના તરફ તે આંધળી દોટ મૂકે છે. મનોવિજ્ઞાન માને છે કે માણસની ખુશી એ ‘હેડોનિક ટ્રેડમિલ’ જેવી છે. તમે જેટલી પણ ભૌતિક સંપત્તિ મેળવો, થોડા સમય પછી તમારું મન તેની આદત પાડી દે છે અને તમને ફરી ખાલીપો લાગે છે. આ ખાલીપો ભરી શકાતો નથી. આપણને અમેરિકા ઇરાનના યુદ્ધની જેટલી ચિંતા નથી, એના કરતાં વધુ ચિંતા તો દરિયામાં ઇન્ટરનેટ માટે લાગેલા કેબલને કાપી ના નાખે એની છે. માણસો ભલે મરે, પણ ઇન્ટરનેટ બંધ થવું જોઈએ નહીં.

આજની યુવા પેઢી સત્યને સારી રીતે સમજી રહી છે. યુવાનો મોજશોખથી જીવતા થયા છે, પહાડોમાં કે પ્રકૃતિની ગોદમાં જાય છે. આ ભાગેડુ વૃત્તિ નથી, પણ ખુશીઓની શોધ છે. યુવાનો માટે સંપત્તિ એટલે એક સારો વિચાર, કોઈની મદદ કરી શકવાની ક્ષમતા કે શાંતિથી માણી શકાયેલી એક સાંજ. તમે તમારી આસપાસ જુઓ, જે લોકો પાસે અઢળક સંપત્તિ છે પણ સમય નથી, તે ગરીબ છે.

અમેરિકામાં ૨૦૧૪માં એક ફિલ્મ આવી હતીઃ ‘વાઈલ્ડ’. આ ફિલ્મ ચેરીલ સ્ટ્રેડ નામની એક યુવતીના વાસ્તવિક જીવન પર આધારિત છે. તેની માતાનું અચાનક કેન્સરથી મૃત્યુ થયા પછી તેનું આખું જીવન તૂટી ગયું. લગ્ન તૂટ્યા, તે ડ્રગ્સના ચક્કરમાં ફસાઈ ગઈ અને ફાઈનલી ખોટાં કામોના રવાડે ચડીને વિનાશની ખાઈમાં ઊતરી ગઈ. એક દિવસ તેને લાગ્યું કે જો તે આ રીતે જીવતી રહેશે તો તે વહેલી મરી જશે. તેણે બદીઓમાંથી મુક્ત થવા માટે એક નિર્ણય લીધો.

પોતે જે વાતાવરણમાં રહેતી હતી ત્યાંથી નીકળીને એક સાહસ યાત્રા કરવાનું નક્કી કર્યું. તેણે પેસિફિક ક્રેસ્ટ ટ્રેઇલ પર જોખમી માર્ગમાં લગભગ ૧,૭૭૦ કિલોમીટર લાંબી એકલી યાત્રાનો નિર્ધાર કર્યો. આ યાત્રા તેના માટે માત્ર શારીરિક નહીં, પણ સ્વ તરફની ગતિ હતી. તેણે તેની તમામ સંપત્તિ, સંબંધો અને ભૂતકાળના બોજને દૂર સુધી પાછળ છોડી દીધા. રસ્તા પૂરતો સામાન અને પોતાની અંદરની તાકાત સાથે તે જંગલમાં નીકળી પડી.

આ યાત્રા દરમિયાન તેને ભૂખ, તરસ, થાક, એકલતા અને પોતાના ભૂતકાળના ભયનો અવારનવાર સામનો કરવો પડ્યો, પરંતુ જેમ જેમ તે આગળ વધતી ગઈ, તેમ તેમ તે સમજતી ગઈ કે બહારના ભાર કરતાં અંદરનો ભાર વધુ હોય છે. યાત્રાના અંતે તેણે પોતાનામાં ગજબનું પરિવર્તન જોયું, એક નવી વ્યક્તિ બનીને પાછી ફરી. પ્રવાસના અંતે તેની ગરીબી દૂર થઇ ન હતી, પરંતુ અંદરથી અમીર અને મજબૂત બની ગઈ હતી. ક્યા સમજે? ■

**ધ એન્ડ**

***તમારી પાસે જે છે તે તમને શાંતિ આપે છે કે ચિંતા?***

## તસવીરની આરપાર

ભાટી એન.
feedback@bombaysamachar.com

# એકવીસમી સદીનું અનમોલ રત્નઃ ફોટોગ્રાફી ને વીડિયોગ્રાફી



આપણને એવી કલ્પના સુદ્ધાં નહીં હોય કે એક દિવસ ફોટોગ્રાફી, વીડિયોગ્રાફી આપણી મુખ્ય જરૂરત બની જશે. આજે ડિજિટલયુગ ને મોબાઈલ આવતા ડગલેને પગલે ફોટો... ફોટો... વિડીયો... શબ્દ આપણા કાને સંભળાય છે. સેલ્ફી, ફોટોગ્રાફી પૂરઝડપે ચાલે છે, તો લગ્ન માટે ફોટોગ્રાફીમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. જો કે ફોટોગ્રાફીનાં ઘણા વિષયો છે, એ વિશે થોડી વાતો જાણીએ. ફિલ્મ યુગ દરમિયાન, ફોટોગ્રાફરો રંગીન નકારાત્મક ફિલ્મ અને મધ્યમ-ફોર્મેટ કેમેરાને પસંદ કરતા હતાં. ખાસ કરીને હેસલબ્લેડ. આજે ઘણા લગ્નો ડિજિટલ SLR કેમેરાથી ફોટોગ્રાફ કરવામાં આવે છે, કારણ કે ડિજિટલ સુવિધા લાઇટિંગ ભૂલોની ઝડપી શોધ પૂરી પાડે છે અને સર્જનાત્મક અભિગમોની તાત્કાલિક સમીક્ષા કરવાની મંજૂરી આપે છે.

આ વલણ હોવા છતાં, કેટલાક ફોટોગ્રાફરો ફિલ્મ સાથે શૂટિંગ કરવાનું ચાલુ રાખે છે કારણ કે તેઓ ફિલ્મ સૌંદર્યલક્ષીને પસંદ કરે છે, લગ્ન ફોટોગ્રાફી એ ફોટોગ્રાફીમાં એક વિશેષતા છે, જે મુખ્યત્વે લગ્ન સંબંધિત પ્રસંગો અને પ્રવૃત્તિઓના ફોટોગ્રાફી પર કેન્દ્રિત છે. તેમાં લગ્નના દિવસ પહેલાં દંપતીના અન્ય પ્રકારના પોટ્રેટ ફોટોગ્રાફીનો સમાવેશ કરે છે, જેમ કે લગ્ન પહેલાની સગાઈ, જેમાં ફોટોગ્રાફ્સનો ઉપયોગ પછીથી દંપતીના લગ્ન આમંત્રણો માટે કરવામાં આવે છે. લગ્નના દિવસે, ફોટોગ્રાફર દિવસ દરમિયાન લગ્નના વિવિધ કાર્યક્રમો અને ધાર્મિકવિધિઓનું દસ્તાવેજીકરણ કરવા માટે પોટ્રેટ ફોટોગ્રાફી તેમજ દસ્તાવેજી ફોટોગ્રાફી પ્રદાન કરશે.

ફોટોગ્રાફિક કલા સ્વરૂપની શોધ થઈ ત્યારથી લગ્ન ફોટોગ્રાફીની પ્રથા વિકસિત અને વિકસતી રહી છે. જોકે, ફોટોગ્રાફીના શરૂઆતના દિવસોમાં, મોટાભાગના યુગલો વાસ્તવિક લગ્નને રેકોર્ડ કરવા માટે ફોટોગ્રાફરને રાખતા નહોતા. ૨૦મી સદીની શરૂઆતમાં, રંગીન ફોટોગ્રાફી ઉપલબ્ધ થઈ, પરંતુ તે હજુ પણ અવિશ્વસનીય અને ખર્ચાળ હતી, તેથી મોટાભાગની લગ્ન ફોટોગ્રાફી હજુ પણ કાળા અને સફેદ રંગમાં થતી હતી. લગ્ન ‘પ્રસંગ’ને કેદ કરવાનો ખ્યાલ બીજા વિશ્વયુદ્ધ પછી આવ્યો. કોમ્પેક્ટ ફ્લેશ બલ્બની શોધ સાથે ઉપલબ્ધ ફિલ્મ રોલ ટેકનોલોજી અને સુધારેલી લાઇટિંગ તકનીકોનો ઉપયોગ કરીને, શરૂઆતમાં ઓછી ગુણવત્તાવાળા ફોટોગ્રાફ્સ હોવા છતાં, સ્ટુડિયો ફોટોગ્રાફરોને સ્થાન પર કામ શરૂ કરવાની ફરજ પાડી. આજે ફોટોગ્રાફી, વીડિયોગ્રાફી આપણી જીવન જરૂરી તકનીક બની ગઈ છે. ■

## શરદ જોશી સ્પીકિંગ

સંજય છેલ
feedback@bombaysamachar.com

# કલા પર ‘અવેલેબલ’નું લેબલ : આપણી આઇટમ્સ ફોરેનમાં...

આ દેશમાં જ્યાં સુધી પાડોશી આંખ ન મારે ત્યાં સુધી લોકોને એમની પત્નીઓ સુંદર નથી લાગતી. એ જ રીતે જ્યારથી વિદેશોમાં ભારતીય કલ્ચર અને કળાકૃતિઓનું વેચાણ વધવા માંડ્યું છે ત્યારથી ભારતીયોમાં પણ આપણી ભારતીય કળા વિશે શોખ જાગ્યો છે. ઇંડિયનો પણ ભારતીય હસ્તકલાની દુકાનોમાં હવે વધારે આંટાફેરા મારવા માંડ્યા છે. ખાદી અને હસ્તકલાનું ખરેખર તો ત્યારે જ જોરદાર વેચાણ થાય છે જ્યારે મોટું વાર્ષિક સેલ આવે છે. લોકો આખું વર્ષ રાહ જુએ છે કે ક્યારે સેલ શરૂ થાય અને અમે ચાદર-તકિયા ખરીદીએ. જોકે નવાઈ તો ત્યારે લાગે છે જ્યારે વેચનાર પણ એ જ સિઝનની રાહ જોઈને આખું વર્ષ હાથ પર હાથ રાખીને બેઠા રહે છે.

આપણા દેશમાં પરાણે ખાદી પહેરનારા કહેવાતા નેતાઓ પણ દર વરસે કાગડોળે ખાદી સસ્તી થવાની રાહ જોતા હોય છે. આઝાદી બાદ હવે તો લગભગ નિયમ બની ગયો છે કે ગાંધીજીની ફિલોસોફી ગઈ તેલ




પીવા, પણ કમસે કમ ખાદીનાં ક્ષેત્રોમાં ગાંધી બાપુને જીવતા રાખવા હોય તો ખાદીમાં થોડું ડિસ્કાઉન્ટ આપો, નહીં તો ૧૦-૨૦ વર્ષમાં ‘ગાંધી, ખાદી ને ગ્રામોદ્યોગ’ ક્યાં ગુમ થઈ જશે એ ખુદ ગાંધીનેય કલ્પના નહીં હોય!

છેક ૨૫-૩૦ વરસ અગાઉ ‘મુન્ના’ નામનું એક ભારતીય રીંછ પેરિસના કોઈ ફેસ્ટિવલમાં પોતાની કળા દેખાડીને આવેલું ત્યારે આપણા દેશના લોકો એ રીંછના ડાન્સ તરફ અચાનક આકર્ષાવા માંડેલા, જાણે રીંછ કોઈ હેલન કે ગોપી કૃષ્ણ જેવું વિખ્યાત ડાન્સર ના હોય! અગાઉ પણ ગામે ગામ ગલી ગલી રીંછના ખેલ થતા જ હતા, રીંછ પહેલાં પણ કમર લચકાવીને નાચતાં જ હતાં પણ ત્યારે રસ્તા પર જતા આવતા ઈંડિયન લોકો પાસે મામૂલી રીંછ માટે ઊભા રહેવાનો સમય નહોતો. એ પછી પેલા મુન્ના નામના રીંછ પર આર્ટિકલો અને ફોટા, અનેક છાપાંઓમાં છપાવા લાગ્યા.

આખી વાતનો સાર એ કે ભારતીય કળાનો જે માલ ભારતમાં જ વેચાતો નહોતો તે હવે વિદેશોમાં યોજાતા મહોત્સવોમાં ઘણો વેચાય રહ્યો છે. આમ ને આમ વિદેશીઓ ક્યાંક ધીમે ધીમે આપણા નકામા કલાત્મક દેશી માલને હજમ કરનારી કચરાપેટીઓ ના બની જાય!

ખરેખર સત્ય તો એ છે કે આપણી બજારમાં આપણી કલાના માલની ઘટતી માગને કારણે શુદ્ધ, પ્રાદેશિક કલા હવે સાવ અદૃશ્ય થઈ ગઈ છે, જેમ કે રાજસ્થાની દુપટ્ટા કલકત્તામાં બને છે, બંગાળની બાટિક પ્રિન્ટ મધ્ય પ્રદેશમાં બને છે, કોલ્હાપુરની ચપ્પલ કાનપુરમાં બને છે, આર્ટિફિશ્યલ કોસા સિલ્ક બનાવવામાં આવે છે, ટેરીકોટમાંથી ખાદી ઈફેક્ટ બનાવવામાં આવે છે. કોઈ પણ પ્રદેશની કળાની ક્વોલિટી કે એના વિશિષ્ટ રંગો, હવે બીજા પ્રદેશો દ્વારા અપનાવાય છે. બંગાળ આજે જે મીઠાઈ બનાવે છે તેના નમૂના લઈને હવેથી ગુજરાત એ બનાવવાનું શરૂ કરશે. (અરે, કરી દીધું !) આજે દેશમાં પંજાબી ફૂડ આઇટેમો દેશના હાઇ-વેમાં ધાબે-ધાબે એટલી વેચાય છે જેટલી તો ખુદ પંજાબમાં પણ નથી વેચાતી. ઈન શોર્ટ, આપણા દેશમાં ખાદી હોય કે ખાણી-પીણી, બધું અહીંનું તહીં થઈને ભેલસેળિયું થઈ ગયું છે.

આવી સ્થિતિમાં છેતરપિંડી કરવી અને જૂઠું બોલવું સ્વાભાવિક છે અને એ માટે વિદેશ જ શ્રેષ્ઠ જગ્યા કે માર્કેટ છે. વિદેશોના મહોત્સવોની મદદથી આપણી સ્વદેશી વસ્તુઓ ગમે તે રીતે ગમે તે ભાવે, ત્યાં વેચી મારો અને પછી વધેલી આઇટેમોને અહીં ભારતમાં વાર્ષિક સેલ અને ડિસ્કાઉન્ટની મદદથી વેચી નાખો.

મતલબ કે ટૂંકમાં ભારતીય કળાની પ્રગતિ આ રીતે થઈ રહી છે. ભારતીય બજારોની સ્થિતિ એવી છે કે અહીં બિચારી સસ્તી વસ્તુઓ, અમીર ઘરાકોની રાહ ગમે તે ભાવે જુએ છે અને મોંઘી વસ્તુઓ ગરીબ ગ્રાહકોની રાહ જુવે છે! હેન્ડલૂમની સાડી ખરીદનાર ગ્રાહકો મર્સિડીસમાં બેસીને આવે છે અને ટેરીકોટન કે નાયલોનનાં કપડાં ખરીદનાર ગ્રાહકો પગપાળા કે બસોમાં આવે છે.

સસ્તા હેન્ડિક્રાફટસનું સદ્ભાગ્ય એ છે કે એના ચાહકો કે ગ્રાહકો, ભારતીય કે વિદેશી એવા અમીર લોકો છે. જો ભારતના ગરીબ લોકો આવી હસ્તકળાની વસ્તુઓ ખરીદે અને ઘરને સજાવવા લાગે તો અમીર લોકો એ વસ્તુઓ તરફ નજર પણ ન નાખે. આપણી કલાના કૌશલ કે સ્કિલ તરફ ધ્યાન કોણ આપે છે? જ્યાં સુધી એ વિદેશીઓ આપણી કળાને ચાહીને પણ ખરીદનાર તરીકે આપણને સતત નીચા દેખાડે રાખે છે ત્યાં સુધી આવું જ ચાલુ રાખશે. ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com


## કોર્પોરેટ નહીં, કાપરિટ કરિયર



ગમે એવી ખ્યાતિ ધરાવતી કંપની કે તગડા પગાર કરતા જોબ સેટિસ્ફેક્શન - નિજાનંદ વધુ ચડિયાતા એ જનરેશન ઝીનો જીવનમંત્ર છે. યંગસ્ટર્સને પૈસાની-ઝાઝા બધા પૈસાની કમાણી કરવી છે, પણ પોતાની શરતે. પાંચ પચીસ ઓછા ભલે મળે, કોઈ પણ પ્રકારની રોકટોક વિના મસ્તીથી કામ કરવા મળે તો એનાથી રૂડું શું એવા સમીકરણમાં આ લોકો જીવે છે.

મુંબઈના એક એન્જિનિયરિંગ ગ્રેજ્યુએટની ગાથા સમીકરણનું સમર્થન કરે છે. ભણીગણી નોકરી માટે અરજી કરતા ભાઈસાહેબને મહિને ત્રીસ હજાર રૂપિયાની કૉર્પોરેટ કંપનીમાં નોકરી ઓફર થઈ. જોકે, ન મામા કરતાં કેહણો મામો સારો એ કહેવતમાં શ્રદ્ધા નહીં ધરાવતા હોંશિલા યુવાને નોકરી નહીં સ્વીકારવાનું નક્કી કર્યું. પરંપરાગત નાઈન ટુ ફાઈવ જોબ કરવાને બદલે પોતાનો બિઝનેસ શરૂ કરી ‘સ્કાય ઇઝ ધ લિમિટ’ પ્રકારે કમાણી કરવાનો મનસૂબો રચ્યો. શરૂઆત એક કારથી કરી અને બેન્ક બેલેન્સ તગડું થયું એને પગલે એકમાંથી બે અને પછી બેમાંથી ચાર કાર વસાવી લીધી. કોર્પોરેટ નોકરીનું કરિયર ત્યાગી સ્વેચ્છાએ કાપરિટ કરિયર (કાર ચલાવવાની કારકિર્દી) સ્વીકારી મહિનેદાડે બે લાખ કમાણી કરી રહ્યો છે. આર્થિક સ્વાતંત્ર્ય અને બિઝનેસના બાદશાહ બનવું હોય તો ગણત્રીપૂર્વકનાં જોખમો લેવાં જ જોઈએ એવી એની ગણતરી છે. કારકિર્દીમાં હવાતિયાં મારી રહેલા અનેક લોકો માટે આ યુવાનનું ઉદાહરણ પ્રેરણાદાયી છે.

## ‘લાશ’ના ફૂલનું આકર્ષણ



ફૂલ બગીચાની શોભા છે, સ્ત્રીના કેશનું ઘરેણું છે અને એની સુગંધનો દરિયો છે. સૌંદર્ય અને સુગંધને કારણે ફૂલને વિવિધ ઉપમા મળી છે, એના અનેક ગુણગાન ગવાયા છે. જોકે, આજે આપણે જે ફૂલની વાત કરવાની છે એના માટે પેદા થયેલા કુતૂહલ વિશે જાણશો તો તમને જ અચરજ થશે એ વાત નક્કી છે.

મૂળ ઇન્ડોનેશિયાના સુમાત્રા ટાપુનું વતની એવું આ ફૂલ અંગ્રેજીમાં Corpse Flower તરીકે ઓળખાય છે. હવે Corpse એટલે લાશ, મુખ્યત્વે મનુષ્યની. અદ્‌ભુત ગણાતા આ ફૂલમાંથી કોહવાયેલી લાશમાંથી આવે એવી દુર્ગંધ આવતી હોય છે. જોકે, ફૂલ તો સુગંધ માટે જાણીતાં છે તો.... એનો ખુલાસો એમ છે કે માંસ આરોગતા જંતુઓને પરાગરજ ફેલાવવા આકર્ષવા માટે આ ફૂલ આવી ગંધ ફેલાવે છે. કુદરતની કેવી કરામત. આફતમાં અવસર શોધવો જેવી વાત થઈ કહેવાયને.

પોલેન્ડના વોર્સો શહેરના બોટનિકલ ગાર્ડનમાં ગયા વર્ષે આ Corpse Flower ખીલી ઊઠતાં એ જોવા માટે લોકોનાં ટોળેટોળાં સતત ઊમટી રહ્યાં છે. ઘણી વાર અધધ કહી શકાય એવું ૪૦ કિલો વજન ધરાવતી આ અજાયબી જોવા લોકો આખી રાત લાઈનમાં ઊભા રહેતા હોય છે. ફૂલની નજીક પહોંચી એના દર્શન કરી તેમ જ એક ફોટોગ્રાફ ક્લિક કરી જાણે ધન્યતા અનુભવતા હોય એવું લાગે. આ ફૂલ માત્ર સુમાત્રાનાં જંગલોમાં જોવા મળે છે. જોકે, ત્યાં વનનું નિકંદન નીકળી રહ્યું હોવાથી એનું અસ્તિત્વ જોખમમાં છે. હવે મુલાકાતીઓ જ્યાં ઊમટતા હોય એવા બોટનિકલ ગાર્ડનમાં એની જાળવણી થઈ રહી છે.

## દીકરી તારા વહાલનો દરિયો જીવનભર છલકાય




યુએસએની પાડોશમાં આવેલું મેક્સિકો લેટિન અમેરિકન દેશ (૩૩ દેશનો સમૂહ) તરીકે ઓળખાય છે. લેટિન અમેરિકામાં કન્યા ૧૫ વર્ષની થાય ત્યારે વર્ષગાંઠની વિશિષ્ટ પ્રકારે ઉજવણી કરવામાં આવે છે. બાળપણથી સ્ત્રીમાં રૂપાંતરના પ્રતીક રૂપે હેપ્પી બર્થ-ડેનું આયોજન કરવામાં આવે છે. કોડીલી કન્યાઓ પોતપોતાના ગજા અનુસાર ફોટોશૂટ કરાવતી હોય છે. કોઈ ભવ્ય બોલરૂમ, કોઈ પ્રાકૃતિક સૌંદર્યથી ઠાંસોઠાંસ બગીચો તો કોઈ લક્ઝરી કારને પાર્શ્વભૂમિમાં રાખી ફોટોગ્રાફ્સ પડાવતી હોય છે જે એના જીવનનું અનન્ય સંભારણું બની જાય છે.

તાજેતરમાં સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલા બર્થ-ડે સેલિબ્રેશનમાં ૧૫ વર્ષની કિશોરી એક ગાર્બેજ ટ્રક (કચરો લઈ જતો ખટારો)ની સમક્ષ ઊભી રહેલી નજરે પડે છે. આ તસવીર જોઈ અનેક લોકોને આશ્ચર્ય થયું છે તો કેટલાક લોકો હેબતાઈ ગયા છે. કચરાના ખટારા પાસે ફોટો પડાવવા પાછળ કોઈ કટાક્ષ કે ઉપહાસ નથી, બલકે માનવંદના છે. પોતાની દીકરી ૧૫ વર્ષની થાય ત્યારે મનગમતી ઉજવણી કરી શકે એ માટે પિતાશ્રીએ વહેલી સવારે જાગી અને પોતાની ઈચ્છાઓ ત્યાગી કરેલા અથાક પરિશ્રમનો સરવાળો છે. કિશોરી માટે પિતાશ્રીની ગાર્બેજ ટ્રક ઉજવણીનું પ્રતીક છે. સપનું સાકાર કરવા પરસેવો પાડી અને દિલથી કરેલા કોઈ પણ કામમાં ગરિમા હોય છે એ જાણે કે ૧૫ વર્ષની પુત્રી સમાજને ઠસાવવા માગે છે. તસવીર ઘણી વાર એની રોચકતાને કારણે નહીં, બલકે સત્ય કહેતી હોવાને કારણે સૌથી સુંદર બની જતી હોય છે. મુકેશ માલવણકર લિખિત મનહર ઉધાસએ અમર બનાવેલું ગીત ‘દીકરી મારી લાડકવાયી’ આવી તસવીરમાં ગૂંજે છે અને આ ગીતની પંક્તિ ‘દીકરી તારા વહાલનો દરિયો જીવનભર છલકાય’ અહીં યથાર્થ સાર્થક થાય છે.

## ખોટો જવાબ પણ સાચો...

પરીક્ષા ખંડમાં પેપર લખતા વિદ્યાર્થીઓમાં જબરદસ્ત વરાયટી જોવા મળતી હોય છે. કેટલાક એમબીએ (મને બધું આવડે) કક્ષાના વિદ્યાર્થીઓ છલ્લી દસ મિનિટની બેલ વાગે ત્યારે પણ ઊંધું ઘાલી લખ લખ કરવાની આદત ધરાવતા હોય છે. કેટલાક નમૂના એવા પણ હોય છે જેમની આંખો ચકળવકળ ઘૂમ્યા કરતી હોય છે અને ન આવડતા સવાલોનો જવાબ મેળવવા અહીં તહીં ડાફેરા મારતી હોય છે. બગાસું ખાતાં ખાતાં અને આજુબાજુના પેપરમાં ડોકિયું કરવાના અથાક પ્રયત્નો પછી પણ જે વિદ્યાર્થીઓને કોપી કરવાનો ચાન્સ નથી હાથ લાગતો એ લોકો જે જવાબ લખતા હોય છે એ બડા રંગતદાર હોય છે. એમાં એમનું પોતાનું લોજિક-તર્કશાસ્ત્ર હોય છે.

આ સંદર્ભનો એક અફલાતૂન કિસ્સો તાજેતરમાં સોશ્યલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. પૂછવામાં આવેલા સવાલના જવાબમાં વિદ્યાર્થીએ ફિલ્મના ગીતની પંક્તિ કે સંવાદ અથવા નામ લખ્યા હોવાનાં કે આજીજી કરી હોવાના અનેક રમૂજી ઉદાહરણ પ્રચલિત છે. એક એવું ઉદાહરણ જાણવા જેવું છે જેમાં વિદ્યાર્થીનો જવાબ ખોટો હોવા છતાં કઈ રીતે સાચો પડી ગયો. પરીક્ષામાં પૂછવામાં આવેલો સવાલ હતો કે ‘ચંદ્રની ધરતી પર પગ મૂકનાર પ્રથમ માણસ કોણ હતો?’ હવે આ જરાય અઘરો સવાલ નથી અને એનો જવાબ પણ જગજાહેર છે. જોકે, એક પઠ્ઠાએ જવાબ આપ્યો બાહુબલી અને તમે માનશો? એ જવાબ સાચો ગણી વિદ્યાર્થીને માર્ક પણ આપવામાં આવ્યા. હવે તમે દલીલ કરશો કે જવાબ તો આર્મસ્ટ્રોંગ હોવો જોઈએ. પેલા ચતુર વિદ્યાર્થીએ બાહુબલી લખીને બાહુ (Arm) અને બલી - બળવાન (Strong) એવી સ્પષ્ટતા કરી. વિદ્યાર્થીનો તર્ક-લૉજિક જોઈને શિક્ષકના ચહેરા પર સ્મિત ફરકી ગયું અને એ જવાબ સાચો ગણીને માર્ક આપી દીધા, બોલો.... !




## લ્યો કરો વાત

*લગ્ન કરવાની પ્રથા ભલે વર્ષો જૂની હોય પણ એ રસમ નિભાવવાની શૈલીમાં ધરમૂળથી ફેરફારો આવી ગયા છે. જમણવાર બુફે થઇ ગયા, લગ્નની વાડી ડેકોરેશનવાળા હૉલ થઈ ગયા અને ઈત્યાદિ ... ઈત્યાદિ ઘણું બદલાઈગયું. ડિજિટલ ક્રાંતિની શરૂઆત થઈ ત્યારે ચાંદલાના કવરની બદલે ડિજિટલ પેમેન્ટ સ્વીકારવામાં આવશે એવી મતલબના રમૂજી મેસેજ પણ ફરતા થયા હતા.*

*તાજેતરમાં તામિલનાડુનો પાંચેક વર્ષ જૂનો લગ્ન પ્રસંગના વાયરલ થયેલા વીડિયોમાં ભેટસ્વરૂપે આપવામાં આવેલી અલાયદી ગિફ્ટ સાથે લોકો વર્તમાન પરિસ્થિતિને જોડી રહ્યા છે.યુએસ - ઈરાન યુદ્ધજન્ય પરિસ્થિતિએ પેટ્રોલ અને ડીઝલના ભાવને તો જાણે આગ લગાડી હોય એમ સતત વધી રહ્યા છે. તામિલનાડુના એ લગ્ન પ્રસંગમાં મોંઘવારી ધ્યાનમાં રાખી એક મિત્રએ પેટ્રોલ ભરેલું કેન ગિફ્ટમાં આપ્યું હતું તો બીજાએ ગેસ સિલિન્ડર ઉપહારમાં આપ્યું. આજની તારીખમાં પણ વેડિંગ ગિફ્ટમાં આવા અનોખા પ્રયોગ કરવા જોઈએ એવી દલીલ સાથે અનેક લોકો સહમત ન થાય તો જ નવાઈ લાગે.* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**જીતે એ સિકંદર... હારે તો?**
* છૂમંતર !

**જુગાર અને જગુઆરમાં ફરક શું?**
* બંને માટે પૈસા જોઈએ.

**દાલ તડકા હોય તો ભાત કેવા?**
* ચોમાસાના વરસાદ જેવા ભીના ભીના...

**ડહાપણની દાઢ ઉગે તો ભોળપણમાં શું થાય?**
* માથામાં ટાલ પડે...

**કમોસમી વરસાદની જેમ કમોસમી પ્રેમ થાય તો?**
* ભાવિ/સંભવિત સસરા વિફરે...

**ગુનેગાર પોલીસને હાથતાળી આપે. પછી શું?**
* પકડાયા પછી ગુનેગારને હાથકડી ...

**હાર્યો જુગારી બમણું શું રમે?**
* ઉધારના પૈસે જુગાર...

**નસીબના બળિયા હોય અને કમનસીબના?**
* પાળિયા!

**બુલેટ લેટ પડે એને શું કહેવાય?**
* બહુ લેટ...

**લખલૂંટમાં લખવાનું શું અને લૂંટવાનું શું?**
* કેટલો માલ લૂંટાયો...

**રાણી રૂઠે ત્યારે રાજા શું કરે?**
* બીજી નવીનકોર રાણી લઈ આવે...!

**કુદરતની કરિશ્મા હોય તો. કરિના કોની?**
* સૈફ અલી ખાનની...

**ખેડૂતને ધરતીપુત્ર કહેવાય તો નેતાને?**
* પાટલી(બદલુ) પુત્ર.!

## કચ્છી ચોવક

કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# એમાં છે અન્નજળની આભા...



‘અન જીયારે નેં અન મારે’ પારદર્શક ચોવક છે અને તેમાં જોવા અને જાણવા મળે છે મધ્યમ અને ગરીબ વર્ગના લોકોનો મોંઘવારી સામેનો સંઘર્ષ! ચોવક કહે છેઃ અનાજથી જ જીવન છે. અને અન્નથી (અન્ન વગર) જ મરણ છે. એટલે જ જ્યારે કોઈ મૃત્યુ પામે ત્યારે કચ્છીમાં કહેવાય છે કે ‘અટો ખુટ્યો’ ‘અટો’ એટલે કે લોટ! એવી જ બીજી ચોવક છે ‘બાજર ખુટઈ’ મતલબ કે બાજરો ખૂટ્યો. અહીં બાજરો ‘આયુષ્ય’ના બદલે વપરાયેલો શબ્દ છે. ગુજરાતીમાં આપણે બોલતાં, વાંચતાં કે સાંભળતા હોઈએ છીએં કે અન-જળ (અંજળ) પૂરાં થયાં! એટલે કે, અન્ન-પાણી સાથેના સંબંધ પૂરા થયા!

એ સત્ય છે કે, અનાજ હોય તો બધું જ છે. ‘અન સાં પ્રાણ, નેં પ્રાણ સાં પરાક્રમ’ અનાજ જીવનના પ્રાણ સમાન છે, જેનામાં પ્રાણ છે એ બધાં પરાક્રમ (કાર્યો) કરવા શક્તિમાન છે. આ ચોવકો જીવવા માટે અનાજનું કેટલું મહત્ત્વ છે, તે દર્શાવે છે.

એ રીતે જ ‘ખાવા’ અને ‘પીવા’ની બાબતોને વણી લેતી ઘણી ચોવકોની પ્રયોગ કચ્છીમાં થતો હોય છે. કોઈ વ્યક્તિની નબળી હાલત બતાવવા માટે એક ચોવક પ્રચલિત છેઃ ‘અગીયાં માની પુઠિયાં પિંઢ’ રોટલો આગળ અને ભૂખ્યો જણ તેની પાછળ! મૂળમાં તો ચોવક રોટલા પાછળની દોટ દર્શાવે છે. કેટલાક ગમે તેટલી મહેનત કરે, પણ પેટ ભરાય તેટલું ‘પેટિયું રળી’ ન શકે! એટલી કમનસીબી! આવી સ્થિતિ હોવા છતાં વ્યવહારમાં જે વધુ પડતો દેખાડો કરવા જાય અને ત્યાર પછી તેની જે હાલત થાય તેના માટે બોધદાયક એક ચોવક છેઃ ‘કરે વરો, પોય ચડે બરો’ ‘કરે વરો’નો અર્થ થાય છે મોટો જમણવાર કે બહુ મોટો વ્યવહાર, જે તેની શક્તિથી બહાર હોય છે, એ અર્થમાં તેનો પ્રયોગ થયો છે અને પછી ‘ચડે બરો’ કચ્છીમાં ‘તાવ’ને ‘બરો’ પણ કહે છે. શબ્દાર્થ એ છે કે, મોટો જમણવાર કે ગજાબહારનો વ્યવહાર કરે પછી તાવ ચઢે! તાવ ચઢે એટલે કે તેની હાલત ખરાબ થાય કે, કફોડી સ્થિતિમાં મુકાઈ જાય! એટલે જ ગુજરાતીમાં કહેવત બોધ આપે છે કે, ‘ચાદર પ્રમાણે સોડ તાણવી’!

પાયા વગરની વાત! કચ્છીમાં એક સુંદર ચોવક તેના માટે પ્રયોજાય છેઃ ‘કુની કરે કડાકા, રબ કરે સડાકા’ આ ચોવકમાં ‘કુની’ (એક પ્રકારનું માટી કે ધાતુનું વાસણ)માં કંઈજ ન હોય અને સબડકા એવા સંભળાતા હોય કે જાણે રાબ પીતા હોય! આ ‘કુની’ અને ‘રબ’ શબ્દોનો ઉપયોગ કરીને વ્યક્ત તો એવું જ કરવામાં આવે છે કે, એ સાવ પાયા વગરની વાત છે.

કરવું કંઈક હોય અને થઈ કંઈક જુદું જ જાય, એટલે પરિણામ જુદું જ આવે. ચોવક છેઃ ‘કેંણ વ્યો કંસાર નેં થિઈ વિઈ થૂલી’ કંસાર બનાવવા બેઠા પણ બની ગઈ ‘થૂલી’! ધાર્યું પરિણામ ન આવવું!

ગુજરાતીમાં પણ ખાદ્ય પદાર્થોને વણી લેતી કહેવતો છે, જેમ કે ‘કુલડીમાં ગોળ ભાંગવો’ અર્થ એવો થાય કે છાનું માનું કામ પતાવી લેવું! એવા કોઈ કામને છાનું રાખીને કરવું. એજ વાત ચોવક આ રીતે કહે છેઃ ‘કુનડે મેં ગુડ જોરણૂં’ કોઈની તાકાત બતાવવા એક ચોવકમાં ‘પાણી’નો ઉપયોગ થયો છેઃ ‘કેર કિતરે પાણી મેં’ એક બીજા સાથેના મુકાબલામાં તાકાત માપવા માટે આ ચોવકનો ઉપયોગ થાય છે. ■

## મગજ મંથન

વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# માનસિક ને ભાવનાત્મક સમસ્યાઓ માટે કાઉન્સેલિંગ કેટલું ઉપયોગી?

આધુનિક જીવનશૈલી, સ્પર્ધા, માનસિક દબાણ અને બદલાતી સામાજિક પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં, વ્યક્તિને યોગ્ય માર્ગદર્શન અને સહાયની જરૂરિયાત વધી ગઈ છે. આવા સંજોગોમાં કાઉન્સેલિંગ અને મેન્ટરિંગ વ્યક્તિને યોગ્ય દિશામાં આગળ વધવામાં મદદરૂપ બને છે.

કાઉન્સેલિંગ એ એવી પ્રક્રિયા છે જેમાં એક નિષ્ણાત (કાઉન્સેલર) સામેની વ્યક્તિને તેની સમસ્યાઓ સમજવામાં, ભાવનાઓ વ્યક્ત કરવામાં અને યોગ્ય નિર્ણય લેવા માટે માર્ગદર્શન આપે છે. કાઉન્સેલિંગ સામાન્ય રીતે માનસિક, ભાવનાત્મક અને વ્યવહારિક સમસ્યાઓ માટે કરવામાં આવે છે. આજના યુગમાં વિદ્યાર્થીઓમાં પરીક્ષાનો તણાવ, નોકરીમાં અસંતોષ, પારિવારિક વિવાદો અથવા વ્યક્તિગત સંબંધોની સમસ્યાઓ જેવી અનેક પરિસ્થિતિઓમાં કાઉન્સેલિંગ ખૂબ ઉપયોગી સાબિત થાય છે. કાઉન્સેલિંગથી વ્યક્તિને પોતાની ભાવનાઓ સમજવામાં મદદ કરે છે, આત્મવિશ્વાસ વધારવામાં સહાય કરે છે અને તણાવ ઘટાડે છે. ઘણી વખત લોકો પોતાની સમસ્યાઓ કોઈને કહી શકતા નથી, જેના કારણે તે અંદરથી તૂટતા જાય છે. કાઉન્સેલિંગ તેમને ખૂલીને વાત કરવાની તક આપે છે, જે માનસિક આરોગ્ય માટે ખૂબ જરૂરી છે. ઉપરાંત, યોગ્ય માર્ગદર્શન મળવાથી વ્યક્તિ યોગ્ય નિર્ણય લઈ શકે છે અને જીવનમાં સંતુલન જાળવી શકે છે. ઘણી વખત ખોટું પગલું ભરતાં અટકી પણ જાય છે.

બીજી તરફ ‘મેન્ટરિંગ’ એ એક દીર્ઘકાલીન પ્રક્રિયા છે, જેમાં અનુભવી વ્યક્તિ (મેન્ટર) ઓછી અનુભવી વ્યક્તિ (મેન્ટી)ને માર્ગદર્શન આપે છે. મેન્ટરિંગનો ઉદ્દેશ માત્ર સમસ્યાનું સમાધાન કરવા પૂરતો સીમિત નથી, પરંતુ વ્યક્તિના વ્યક્તિત્વ અને કારકિર્દી વિકાસમાં સહાયરૂપ બનવાનો છે. મેન્ટર પોતાના અનુભવ, જ્ઞાન અને મૂલ્યો દ્વારા મેન્ટીને યોગ્ય દિશા દર્શાવે છે.


AI

શિક્ષણ ક્ષેત્રમાં મેન્ટરિંગ વિદ્યાર્થીઓને તેમના અભ્યાસમાં પ્રગતિ કરવા માટે પ્રેરણા આપે છે. કારકિર્દી ક્ષેત્રમાં મેન્ટરિંગ વ્યક્તિને યોગ્ય દિશામાં આગળ વધવામાં અને નવી તકો મેળવવામાં મદદરૂપ બને છે.

કાઉન્સેલિંગ અને મેન્ટરિંગ વચ્ચેનો મુખ્ય તફાવત એ છે કે કાઉન્સેલિંગ સામાન્ય રીતે ચોક્કસ સમસ્યાના નિરાકરણ માટે થાય છે, જ્યારે મેન્ટરિંગ સતત વિકાસ માટેની પ્રક્રિયા છે. કાઉન્સેલિંગમાં 'પ્રોબ્લેમ સોલ્વિંગ' પર ભાર મૂકવામાં આવે છે, જ્યારે મેન્ટરિંગમાં ‘પર્સનલ ગ્રોથ’ અને ‘કેરિયર ડેવલપમેન્ટ’ પર વધુ ભાર મૂકવામાં આવે છે.

આજના સમયમાં શૈક્ષણિક સંસ્થાઓમાં કાઉન્સેલિંગ અને મેન્ટરિંગ બંનેનો સમાવેશ કરવામાં આવી રહ્યો છે. નવી શિક્ષણ નીતિ - ૨૦૨૦માં પણ દરેક શાળા કોલેજમાં કાઉન્સિલરની નિમણૂક કરવાની ભલામણ કરવામાં આવી છે. ઘણી સ્કૂલ અને કોલેજોમાં કાઉન્સેલરની નિમણૂક થયેલી જ છે, જે વિદ્યાર્થીઓની સમસ્યાઓ સાંભળે છે અને તેમને યોગ્ય માર્ગદર્શન આપે છે. સાથે સાથે, મેન્ટરિંગ પ્રોગ્રામ દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષકો અથવા સિનિયર વિદ્યાર્થીઓ સાથે જોડવામાં આવે છે, જેથી તેઓ વધુ સારી રીતે શીખી શકે અને આગળ વધી શકે.

હવે તો કાર્યસ્થળ પર પણ કાઉન્સેલિંગ અને મેન્ટરિંગનું મહત્ત્વ વધી રહ્યું છે. ઘણા સંગઠન પોતાના કર્મચારીઓ માટે કાઉન્સેલિંગ સેવાઓ પૂરી પાડે છે, જેથી તે એમની કામગીરી બજાવતી વખતે તણાવમુક્ત રહીને વધુ સારું કામ કરી શકે. મેન્ટરિંગ પ્રોગ્રામ દ્વારા નવા કર્મચારીઓને અનુભવી કર્મચારીઓ સાથે જોડવામાં આવે છે, જેથી તે ઝડપથી શીખી શકે.

આમ કાઉન્સેલિંગ અને મેન્ટરિંગ બંને વ્યક્તિના જીવનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને એ બન્ને આજના સમયમાં વ્યક્તિને સર્વાંગી વિકાસ માટે અત્યંત જરૂરી છે. ■

# સૂર્યવંશી ખૂબ ‘વૈભવશાળી’ બનવાની તૈયારીમાં! ટોચની બ્રૅન્ડવાળી છ કંપનીઓ કરાર કરવા પાછળ પડી છે

નવી દિલ્હીઃ ૧૫ વર્ષના બૅટિંગ-સેન્સેશન વૈભવ સૂર્યવંશી કુલ ૭૭૬ રન સાથે આઇપીએલ-૨૦૨૬નો સર્વશ્રેષ્ઠ બૅટ્સમૅન બન્યો અને કાર તથા લાખો રૂપિયા સહિત અનેક પુરસ્કાર જીત્યો એ સાથે તેનો સુવર્ણકાળ તો શરૂ થઈ જ ગયો છે, આઇપીએલ દરમ્યાન જ તેની સાથે કરાર કરવામાં કેટલીક કંપનીઓએ રસ બતાવ્યો હતો અને હવે તો ટોચની બ્રૅન્ડ્સની લાઇન લાગી છે. એ જોતાં, વૈભવને આગામી મહિનાઓમાં કરોડો રૂપિયાની કમાણી થવાની સંભાવના છે. તે જોત જોતામાં ખૂબ વૈભવશાળી (માલદાર) બની જશે તો નવાઈ નહીં લાગે. હાલમાં તેણે એક જાણીતા હેલ્થ ડ્રિન્ક માટે કરાર કર્યો જ છે.

એવા અહેવાલ મળ્યા છે કે વૈભવને સાઇન કરવા માટે ઓછામાં ઓછી છ બ્રૅન્ડ હાલમાં કતારમાં છે. આઇપીએલ પૂરી થઈ ગઈ હોવાથી આ બ્રૅન્ડ્સની માલિકી ધરાવતી કંપનીઓએ તેની સાથે સંપર્ક કરવા આતુર છે. દરમ્યાન, વૈભવની લોકપ્રિયતા એક-બે વર્ષમાં અનેકગણી વધી જતાં રાજસ્થાન રૉયલ્સનું ફ્રૅન્ચાઇઝી તેના પરિવારને વૈભવનું પ્રોફાઇલ મૅનેજ કરવામાં મદદ કરી રહી છે.

વૈભવ સાથે જે કંપનીઓ કૉન્ટ્રૅક્ટ કરવા ઉત્સુક છે એમાં સ્પોર્ટ્સ ડ્રિન્ક, ક્રિકેટ બૅટ, પોષક તત્ત્વોના ઉત્પાદનો સાથે સંકળાયેલી કંપનીઓ તેમ જ ઉચ્ચ કક્ષાના તેમ જ ખેલકૂદ સંબંધિત શૂઝ બનાવતી કંપનીઓનો સમાવેશ છે.

વૈભવ રાજસ્થાન રૉયલ્સને ફાઇનલમાં તો ન પહોંચાડી શક્યો અને ટ્રોફી પણ ન અપાવી શક્યો, પરંતુ એ માટે રાજસ્થાનની ટીમના કેટલાક ખેલાડીઓ પણ જવાબદાર છે. વૈભવે તો ક્રિકેટ જગતમાં કરોડો લોકોના દિલ જીતી લીધા છે. તે હજી બહુ નાનો છે અને કેટલીક કંપનીઓના એક્ઝિક્યૂટિવનું માનવું છે કે વૈભવ સાથે અમુક કંપનીઓ બે-ત્રણ વર્ષ માટે કૉન્ટ્રૅક્ટ કરવા માગે છે. ■

## વૈભવના મનોબળ પર આઇઆઇએમની કેસ સ્ટડી!







ઇન્દોરઃ ૧૫ વર્ષની ઉંમરે મોટા ભાગના ટીનેજરો પોતે જીવનમાં શું કરવું છે, શેમાં કારકિર્દી બનાવવી છે અને સપનાંઓને ભવિષ્યમાં કેવી રીતે સાકાર કરાશે એ વિશે બરાબર સમજી નથી શકતા ત્યારે બિહારના એટલી વયના ક્રિકેટર વૈભવ સૂર્યવંશીએ આ વખતની આઇપીએલમાં એવી સિદ્ધિઓ મેળવી છે જેનાથી ઇન્દોરનું ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ (આઇઆઇએમ)ના નિષ્ણાતો એટલા બધા પ્રભાવિત થયા છે કે વૈભવના અભિગમને તેઓ સમજવાની કોશિશ કરી રહ્યા છે અને એના પર કેસ સ્ટડી તૈયાર કરી રહ્યા છે.

આ બિહારી છોકરો ૧૫ વર્ષની ઉંમરમાં કેવી રીતે બની ગયો સિક્સર-કિંગ? તેઓ એ ચકાસશે કે આટલી નાની ઉંમરે તો શું, કરીઅરની ટોચના સમયગાળામાં પણ કોઈ ક્રિકેટર આટલી બધી ટૅલન્ટ અને ક્ષમતા નથી બતાવી શક્યો તો વૈભવમાં આ ખાસિયત છે કેવી રીતે? તે આટલી નાની ઉંમરે આવી અસાધારણ સિદ્ધિઓ કેવી રીતે મેળવી શક્યો?

વૈભવે આઇપીએલ-૨૦૨૬માં કુલ ૭૭૬ રન બનાવ્યા જે તમામ બૅટ્સમેનોમાં હાઇએસ્ટ છે. તેણે ઑરેન્જ કૅપ તેમ જ બીજા ઘણા પુરસ્કારો જીતી લીધા. ૧૫ વર્ષના ટાબરિયાએ સૌથી વધુ રન બનાવવામાં શુભમન ગિલ (૭૩૨ રન), સાઇ સુદર્શન (૭૨૨), વિરાટ કોહલી (૬૭૫), હિન્રિક ક્લાસેન (૬૨૪), ઇશાન કિશન (૬૦૨), કેએલ રાહુલ (૫૯૩), અભિષેક શર્મા (૫૬૩), મિચલ માર્શ (૫૬૩) અને જૉસ બટલર (૫૨૬) જેવા દિગ્ગજોને ઝાંખા પાડી દીધા છે.

ટીનેજ બૅટિંગ-સેન્સેશન વૈભવે એક આઇપીએલમાં સૌથી વધુ ૫૯ છગ્ગા ફટકારવાનો ક્રિસ ગેઇલનો વિક્રમ તોડ્યો છે તેમ જ બીજા કેટલાક રેકૉર્ડ પણ નોંધાવ્યા છે. વૈભવે આ ટૂર્નામેન્ટમાં ૭૨ સિક્સર અને ૬૩ ફોર ફટકારી હતી. તે ૩૦ બૉલમાં સેન્ચુરી પૂરી કરવાનો ગેઇલનો રેકૉર્ડ જરાક માટે ચૂકી ગયો હતો. વૈભવનો આ આઇપીએલમાં ૨૩૭.૩૦નો સ્ટ્રાઇક-રેટ તમામ બૅટ્સમેનોમાં સૌથી વધુ હતો. ■

# પાટીદાર આરસીબીનો ઐતિહાસિક ચૅમ્પિયન કૅપ્ટન, પણ ખરેખર તો આ ફ્રૅન્ચાઇઝીને પ્રથમ ટાઇટલ સ્મૃતિએ અપાવેલું





બેંગ્લૂરુઃ રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ (આરસીબી)એ રવિવારે મેન્સ આઇપીએલમાં બૅક-ટુ-બૅક ટાઇટલ (૨૦૨૫ અને ૨૦૨૬) જીતીને આ ફ્રૅન્ચાઇઝી માટે નવો ઇતિહાસ સરજ્યો, પરંતુ આ ફ્રૅન્ચાઇઝીને ચૅમ્પિયન બનાવવાની શરૂઆત સ્મૃતિ મંધાનાએ કરી હતી.

રવિવારે અમદાવાદમાં ગુજરાત ટાઇટન્સ (જીટી) સામે આરસીબીએ વિરાટ કોહલી (૭૫ અણનમ, ૪૨ બૉલ, ત્રણ સિક્સર, નવ ફોર)ની મૅચ-વિનિંગ ઇનિંગ્સની મદદથી વન-સાઇડેડ જેવી આ મૅચમાં પાંચ વિકેટે વિજય મેળવી લીધો હતો. વિરાટને મૅન ઑફ ધ ફાઇનલનો પુરસ્કાર મળ્યો હતો, જ્યારે રાજસ્થાન રૉયલ્સનો ૧૫ વર્ષીય વૈભવ સૂર્યવંશી મૅન ઑફ ધ ટૂર્નામેન્ટ બન્યો હતો.

આરસીબીની મેન્સ ટૂર્નામેન્ટ માટે રજત પાટીદાર સૌથી સફળ સુકાની છે, પરંતુ આ ફ્રૅન્ચાઇઝીના ઇતિહાસમાં સ્મૃતિ મંધાનાનું સ્થાન તેનાથી પણ વિશેષ છે. કારણ એ છે કે આ ફ્રૅન્ચાઇઝીને પ્રથમ ટાઇટલ ૨૦૨૪માં મળ્યું હતું. મહિલાઓની આઇપીએલ તરીકે ઓળખાતી વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)ની ૨૦૨૪માં સ્મૃતિ મંધાનાના નેતૃત્વમાં આરસીબી-વિમેન્સ ટીમે ચૅમ્પિયનપદ મેળવ્યું હતું. એ રીતે, આરસીબીના ઇતિહાસમાં પ્રથમ ટાઇટલ એ હતું અને ત્યાર બાદ ૨૦૨૫ તથા ૨૦૨૬માં રજત પાટીદારના સુકાનમાં આરસીબીની મેન્સ ટીમે ટાઇટલ મેળવ્યું.

આરસીબી ઘણા વર્ષોથી (આઇપીએલની ૨૦૦૮માં શરૂઆત થઈ ત્યારથી) ટાઇટલની તલાશમાં હતું અને ૨૦૨૪માં મંધાનાની કૅપ્ટન્સીમાં (ડબ્લ્યૂપીએલની ટ્રોફીના રૂપમાં) એ ઇચ્છા પૂરી થઈ હતી. બીજી રીતે કહીએ તો આરસીબીની મેન્સ ટીમે આરસીબીની મહિલા ટીમ પરથી કંઈક પ્રેરણા લીધી હતી એમ કહી શકાય.

૧૭મી માર્ચ, ૨૦૨૪ના દિવસે દિલ્હીમાં આરસીબી અને દિલ્હી કૅપિટલ્સ વચ્ચે ફાઇનલ રમાઈ હતી. ઑસ્ટ્રેલિયાની ક્રિકેટ-લેજન્ડ મેગ લેનિંગ દિલ્હીની કૅપ્ટન હતી. ત્યારે સ્મૃતિ મંધાનાની આરસીબી ટીમમાં સૉફી ડિવાઇન, એલીસ પેરી, મેગન શટ જેવી વિદેશની ટોચની ખેલાડીઓ તેમ જ ભારતની રિચા ઘોષ, શ્રેયંકા પાટીલ, આશા શોભના અને રેણુકા સિંહ વગેરે ખેલાડીઓ સામેલ હતી. ■

## ફ્રેન્ચ ઓપન ટેનિસમાં રશિયા-યુક્રેન સામસામેઃ જાણો, કેવી રીતે...

પૅરિસઃ યુક્રેનની ૨૩ વર્ષીય ટેનિસ ખેલાડી માર્ટા કૉસ્ત્યૂક અહીં ફ્રેન્ચ ઓપનની સેમિ ફાઇનલમાં પહોંચી ગઈ છે જેમાં તેનો મુકાબલો રશિયાની મિરા ઍન્ડ્રીવા સામે થશે.

રશિયા અને યુક્રેન દુશ્મનદેશ છે. ચાર વર્ષથી બન્ને દેશ વચ્ચે યુદ્ધ ચાલે છે. માર્ટા પહેલી જ વખત ગ્રૅન્ડ સ્લૅમ ટૂર્નામેન્ટની સિંગલ્સની ઇવેન્ટમાં સેમિ ફાઇનલમાં પહોંચી છે. માર્ટાએ ક્વૉર્ટર ફાઇનલમાં તેના જ દેશની એલિના સ્વિતોલિનાને ૬-૩, ૨-૬, ૬-૨થી હરાવી દીધી હતી. રશિયાની મિરા ક્વૉર્ટર ફાઇનલમાં રોમાનિયાની સૉરાના કીર્સ્ટયા સામે ૬-૦, ૬-૩થી જીતીને માર્ટા સામેની સેમિ ફાઇનલમાં આવી છે. ■

## બહુતુલે ટીમ ઇન્ડિયાનો સ્પિન બોલિંગ-કોચ

ભારત વતી બે ટેસ્ટ અને આઠ વન-ડે રમનાર ભૂતપૂર્વ લેગ-સ્પિનર સાઇરાજ બહુતુલેને બીસીસીઆઇએ ભારતીય ટીમના સ્પિન બોલિંગ-કોચ તરીકે નિયુક્ત કર્યો છે. તેણે આ પહેલાં અન્ડર-૧૯ અને ઇન્ડિયા-એ ટીમને કોચિંગ આપ્યું હતું. ૫૩ વર્ષના બહુતુલેએ પ્રથમ કક્ષાની ક્રિકેટમાં કુલ ૬૩૦ વિકેટ લીધી હતી અને ૬,૧૭૬ રન બનાવ્યા હતા. અગાઉ તેણે ગુજરાત, કેરલમ, વિદર્ભ અને બંગાળની ટીમને પણ કોચિંગ આપ્યું હતું. ■

## કૃણાલના દીકરાને ખભે તેડીને વિરાટનો જશન




અમદાવાદઃ રોયલ ચેલેન્જર્સ બેંગ્લૂરુએ રવિવારે રાત્રે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુજરાત ટાઈટન્સને તેના ઘર આંગણે પાંચ વિકેટથી હાર આપીને સતત બીજી વખત આઈપીએલ ખિતાબ જીત્યો હતો. આરસીબીની ઐતિહાસિક જીતનો જશન વિરાટ કોહલીએ હંમેશાની જેમ તેની લેડી લવ અનુષ્કા શર્મા સાથે મનાવ્યો હતો.

આરસીબીની સતત બીજી જીતથી અનુષ્કા શર્મા પણ ખુશ થઈ હતી. આરસીબીની વિનિંગ મોમેન્ટ પર અનુષ્કા ખુશીથી નાચતી જોવા મળી હતી. વિરાટનો અનુષ્કા સાથે જીતના જશન સહિત કૃણાલ પંડ્યાના પુત્ર સાથે સેલિબ્રેશનનો વીડિયો વાયરલ થયો છે. કૃણાલના દીકરા અને હાર્દિકના ભત્રીજાને તેડીને તે લાડ લડાવતો નજરે પડ્યો હતો. આ દરમિયાન અનુષ્કા શર્મા પણ ત્યાં હાજર હતી. કૃણાલ પંડ્યાના દિકરા સાથે વિરાટને રમતો જોઈ અનુષ્કા પણ ખડખડાટ હસી પડી હતી. વિરાટ અને અનુષ્કા પોતાના પુત્ર અને પુત્રીને લાઈમલાઈટથી દૂર જ રાખે છે. ફાઈનલ મેચમાં ચેઝ માસ્ટર વિરાટ કોહલીએ શાનદાર દેખાવ કર્યો હતો. તે ૪૨ બોલમાં ૯ ચોગ્ગા અને ૩ છગ્ગા ફટકારી ૭૫ રન બનાવીને નોટ આઉટ રહ્યો હતો. તેના આ પ્રદર્શન બદલ પ્લેયર ઑફ ધ મેચનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. ■

# વિરાટ અને અનુષ્કા વૃંદાવનના આશ્રમમાંઃ ઉઘાડા પગે ગૌશાળામાં ફર્યા

નવી દિલ્હીઃ રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ (આરસીબી)એ રવિવારે સતત બીજી સીઝનમાં આઇપીએલનું ટાઇટલ જીતી લીધું ત્યાર બાદ એનો પીઢ ખેલાડી અને ગુજરાત ટાઇટન્સ (જીટી) સામેની ફાઇનલનો સુપરહીરો વિરાટ કોહલી અને તેની ઍક્ટ્રેસ-પત્ની અનુષ્કા શર્મા મંગળવારે વૃંદાવનમાં સ્વામી પ્રેમાનંદ મહારાજના આશીર્વાદ લેવા તેમના આશ્રમમાં ગયાં હતાં. વિરુષ્કા તરીકે ઓળખાતું આ યુગલ ઘણી વાર સુધી આશ્રમમાં હતું.

વિરાટ અને અનુષ્કાએ ઉઘાડા પગે આશ્રમની મુલાકાત લીધી હતી. તેઓ ચપ્પલ-શૂઝ વગર આશ્રમની ઇમારતમાં તેમ જ ગૌશાળામાં ફર્યા હતા. વિરાટની સાથે કેટલાક મિત્રો પણ હતા.

વિરાટ અને અનુષ્કા અગાઉ ઘણી વખત વૃંદાવનના આ આશ્રમમાં ગયાં હતાં. તેઓ પોતાના જીવનમાં આધ્યાત્મિકતાની ઘણી ભૂમિકા રહી છે એવું ઘણી વખત કહી ચૂક્યાં છે. તેમની મોટા ભાગની ટ્રિપમાં આ આશ્રમ અથવા હરિદ્વાર નજીક કૈંચી ધામના નીમ કરોલી બાબાના આશ્રમની મુલાકાત પણ સામેલ હોય છે.

મુંબઈ ઇન્ડિયન્સ અને ચેન્નઈ સુપર કિંગ્સની જેમ આરસીબીની ટીમ પણ આઇપીએલના બૅક-ટુ-બૅક ટાઇટલ જીતી છે. વિરાટ કોહલીએ ૨૦૨૬ની આઇપીએલમાં કુલ ૬૭૫ રન બનાવ્યા અને તે તમામ બૅટ્સમેનોમાં ચોથા નંબરે તેમ જ આરસીબીના ખેલાડીઓમાં પ્રથમ સ્થાને હતો. ■





રવિવારે અમદાવાદના મેદાન પર ફૅમિલી મેમ્બર્સ સાથે વિરાટ, કૃણાલ પંડ્યા અને ભુવનેશ્વર (ડાબે). મંગળવારે વિરાટ-અનુષ્કા આશ્રમમાં ગયા હતા. (પીટીઆઇ)

---

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.




## ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| RAT | બહાલી |
| RATE | ઉંદર |
| RATHER | પ્રમાણ |
| RATIFY | ચોક્કસ |
| RATIO | દર |

## માતૃભાષાની મહેક

વીસમી સદીના મધ્ય ભાગ સુધી જન્મેલી કન્યાના નામ ભાનુમતિ - ભાનુમતી રહેતું. ભાનુ એટલે સૂર્ય અને મતિ અથવા મતી એટલે બુદ્ધિ. કુશાગ્ર કે તેજસ્વી બુદ્ધિ ધરાવતી કન્યાનું નામ ભાનુમતિ પાડતા હશે એવું અનુમાન કરી શકાય. પૌરાણિક કથા અનુસાર રાજા ભોજની પુત્રી અને વિક્રમાદિત્ય રાજાને વરેલી રાણીનું નામ ભાનુમતી હતું અને તે બહુ જ રૂપાળી અને ઇન્દ્રજાળ વિદ્યાની જાણકાર હતી.

## ગુજરાત મોરી મોરી રે


‘લાંબું અંતર કાપી શકાય પણ મન કળી ન શકાય’ એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે ગોઠવી કહેવત જણાવો.

પણ દિલનો ન છેડો આવે આવે દિલ્હીનો

## ઈર્શાદ

*ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો,*
*પછી આ માટીની ભીની અસર મળે ન મળે.* -- આદિલ મન્સૂરી

## શબ્દલાલિત્ય




### આડી ચાવી

૧. વાદળો કે ઝાડનાં ઝૂડ કે જમાવ થયો હોય તે (૪)
૪. ઘાલમેલ, ફાંફા (૫)
૮. જ્યાં (૨)
૯. આકાશ (૩)
૧૦. ભાઈની રક્ષાબંધનની બહેનને ભેટ (૩)
૧૧. દ્વેષીલું, વેરઝેર રાખનારું (૩)
૧૨. છિદ્ર (૨)
૧૪. કૃષ્ણ પક્ષ (૨)
૧૫. દાનશીલ, સખી દિલનું (૩)
૧૭. જન્મમરણની ઘટમાળ (૩)
૧૯. માળ (૩)
૨૦. ચહેરો, મુખાકૃતિ (૩)
૨૧. જીવ, પ્રાણ (૨)
૨૩. ફૂલ (૨)
૨૪. સોબત તેવી --- (૩)
૨૬. જીવંત, જીવતું (૩)
૨૭. પોતાનું, સ્વતંત્ર માલિકીનું (૩)
૨૮. અવાજ, ધ્વનિ (૨)
૨૯. કદરૂપું, વરવું (૫)
૩૦. લશ્કરી વહાણ (૪)

### ઊભી ચાવી

૧. વૃદ્ધાવસ્થા (૪)
૨. લોટી, કસલી (૩)
૩. ખત, કાગળ (૨)
૪. નાનો ધાતુનો ઘડો (૩)
૫. પગલું (૩)
૬. ---, મોતીને કાચ તૂટ્યા પછી સંધાય નહીં (૨)
૭. રેખા, લીટી (૩)
૧૨. ઘણાં લોકો કહે છે, ‘‘----’ એ બરબાદી છે.’ (૨)
૧૩. ખંજવાળ (૩)
૧૪. વરદાન દેનાર, કૃપાળુ (૩)
૧૬. પાલવ (૩)
૧૮. ઓરમાયું, ઓરમાન (૩)
૨૧. માછલાં, પંખી વગેરે પકડવાની જાળી (૨)
૨૨. જન્મારો, જિંદગી (૪)
૨૩. એક સુગંધીદાર ફૂલ (૩)
૨૪. મીઠું પકવવાની ક્યારી (૩)
૨૫. અવિરત, નિરંતર (૩)
૨૬. ઘર, રહેઠાણ (૩)
૨૭. અશ્રુ (૨)
૨૮. ---- તેનો નાશ છે (૨)


### ગયા વખતનો ઉકેલ



## ઓળખાણ પડી?

મુખ્યત્વે વરાળથી ચાલતા ઍંજિનના સિદ્ધાંતની ભેટ આપનારા સ્કોટલેન્ડના વિલક્ષણ વૈજ્ઞાનિકની ઓળખાણ પડી?

અ) લુઈ પાશ્ચર બ) જેમ્સ વૉટ
ક) માઈકલ ફેરેડે ડ) ગેલિલિયો



## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘પહોંચવાની ઝંખના વર્ષોથી હોય’ વાક્યમાં ઝંખના શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) ઝડપ બ) આતુરતા ક) તકલીફ ડ) બક્ષિસ

## માઈન્ડ ગેમ

તાજેતરમાં આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીની વિદેશ પ્રવાસ દરમિયાન કયા રાજકીય નેતા સાથેની ચોકલેટ સાથે તસવીર લોકપ્રિય થઈ હતી?

અ) ટ્રમ્પ બ) મેલોની ક) તાકાકી ડ) સ્ટારમર

## સુડોકુ - આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૨ | ૭ | ૧ | | ૫ | | | ૮ |
| | | | | | | | | |
| ૧ | | | ૬ | ૨ | | ૩ | | ૪ |
| ૨ | | | | | ૬ | | ૯ | |
| | ૪ | ૧ | | | | ૮ | ૨ | |
| | ૩ | | ૨ | | | | | ૭ |
| ૭ | | ૪ | | ૯ | ૨ | | | ૧ |
| | | | | | | | | |
| ૬ | | | ૮ | | ૭ | ૫ | ૪ | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ - ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૧ | ૮ | ૨ | ૫ | ૪ | ૯ | ૭ | ૬ |
| ૯ | ૪ | ૨ | ૭ | ૬ | ૩ | ૧ | ૫ | ૮ |
| ૫ | ૭ | ૬ | ૧ | ૮ | ૯ | ૩ | ૨ | ૪ |
| ૭ | ૮ | ૪ | ૩ | ૯ | ૨ | ૬ | ૧ | ૫ |
| ૬ | ૨ | ૫ | ૮ | ૪ | ૧ | ૭ | ૩ | ૯ |
| ૧ | ૩ | ૯ | ૫ | ૭ | ૬ | ૪ | ૮ | ૨ |
| ૮ | ૬ | ૩ | ૪ | ૨ | ૭ | ૫ | ૯ | ૧ |
| ૪ | ૫ | ૭ | ૯ | ૧ | ૮ | ૨ | ૬ | ૩ |
| ૨ | ૯ | ૧ | ૬ | ૩ | ૫ | ૮ | ૪ | ૭ |

## ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| RAMBLE | રખડવું |
| RAMBLING | વાંકુંચૂંકું |
| RAMP | ઢાળવાળો માર્ગ |
| RAMPAGE | ધાંધલ |
| RAMIFICATION | વિભાગીકરણ |

**ગુજરાત મોરી મોરી રે:**
પોર મૂઈ સાસુ ને ઓણ આવ્યાં આંસુ

**ઓળખાણ પડી?**
એલેક્ઝાન્ડર ફ્લેમિંગ

**માઈન્ડ ગેમ :**
શી જિનપિંગ

**ચતુર આપો જવાબ અર્થ જણાવો :**
મુશ્કેલ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ડો. પ્રકાશ કટકિયા (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભામિની સંપટ (૬) પ્રતિમા પમાણી (૭) ધીરેન્દ્ર મુલરાજ (૮) હરિહર ભટ્ટ - ડાલાસ (૯) વિપીન શાહ (૧૦) નૂતન વિપીન શાહ (૧૧) ભારતી બુચ (૧૨) હર્ષા મહેતા (૧૩) શ્રદ્ધા આશર (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) મીનળ કાપડિયા (૧૬) જયવંત પદમશી ચિખલ (૧૭) ખુશરૂ કાપડિયા (૧૮) કમલ માતલિયા (૧૯) ભાવના કર્વે (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) ભરત કજરિયા (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૬) મહેશ સંઘવી (૨૭) વિણા સંપટ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) અંજુ ટોલિયા (૩૦) ડાયના સંતોકે (૩૧) જયવંત પદમશી ચિખલ (૩૨) અલકા વાણી (૩૩) વિજય આસર (૩૪) નિતીન જયંતીલાલ બજરિયા (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) નયના ગિરીશ મિસ્ત્રી (૩૬) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૭) અરવિંદ કામદાર (૩૮) સુભાષ મોમાયા (૩૯) નીતા દેસાઈ (૪૦) પુષ્પા પટેલ (૪૧) તાહેર ઔરંગાબાદવાલા (૪૨) શીરીન ઔરંગાબાદવાલા (૪૩) પ્રવીણ વોરા (૪૪) મહેન્દ્ર લોઢાવિયા (૪૫) મહેશ દોશી (૪૬) રમેશભાઈ દલાલ (૪૭) હિનાબેન દલાલ (૪૮) ઈનાક્ષીબેન દલાલ (૪૯) વિરલભાઈ ઉદયભાઈ શેઠ (૫૦) અબ્દુલ્લા એફ. મુનીમ

# મહારાષ્ટ્ર પોલીસની ડ્રગ્સ વિરુદ્ધ મોટી કાર્યવાહી

## ગુજરાત અને તેલંગણામાં ડ્રગ્સનાં કારખાનાં નષ્ટ કર્યાં

### ગુજરાતમાં ૭૪.૪૬ કરોડ રૂપિયાનું લિક્વિડ એમડી, ડ્રગ્સ બનાવવા માટેનું કેમિકલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સાકીનાકા પોલીસ દ્વારા ડ્રગ્સના નેટવર્કનો પર્દાફાશ કરવા માટે હાથ ધરાયેલી તપાસનો રેલો છેક ગુજરાત સુધી પહોંચ્યો હતો, જ્યાં નર્મદા જિલ્લામાં નાંદોદ તાલુકામાં રાજપિપળા ખાતેના એક ઘરમાં ચાલી રહેલા ડ્રગ્સ બનાવવાના કારખાનાનો પોલીસે પર્દાફાશ કર્યો હતો. પોલીસની ટીમે એ ઘરમાંથી ૭૪.૪૬ કરોડ રૂપિયાનું લિક્વિટ એમડી અને ડ્રગ્સ બનાવવા માટે વપરાતા કેમિકલનો જથ્થો જપ્ત કર્યો હતો.

સાકીનાકા પોલીસે ૨૧ મેના રોજ મળેલી માહિતીને આધારે અંધેરી-ઘાટકોપર લિંક રોડ પર હૉટેલ નજીક છટકું ગોઠવીને નશીલો પદાર્થ વેચવા આવેલી મુસ્કાન સમીર ખાન (૨૬) નામની મહિલાને તાબામાં લીધી હતી. સાકીનાકામાં રહેતી મુસ્કાન ખાન પાસેથી ૧૦૧ ગ્રામ

(જુઓ પાનું ૪) ▸▸

### તેલંગણામાં ૨૦ કરોડની મતા જપ્તઃ દંપતી સહિત ૧૮ની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મીરા-ભાયંદર વસઇ-વિરાર પોલીસની ક્રાઇમ બ્રાન્ચે તેલંગણાના ઝહિરાબાદમાં આવેલા ફાર્મ હાઉસમાં ચાલતું એમડી ડ્રગ્સ બનાવવાનું કારખાનું પકડી પાડ્યું હતું. પોલીસે અત્યાર સુધી દંપતી સહિત ૧૮ આરોપીની ધરપકડ કરી હોઇ નશીલો પદાર્થ અને તે બનાવવા માટે વપરાતા કેમિકલ સહિત ૨૦.૭૨ કરોડ રૂપિયાની મતા જપ્ત કરવામાં આવી છે.

પોલીસ કમિશનર નિકેત કૌશિકે જણાવ્યું હતું કે ક્રાઇમ બ્રાન્ચે ૪ એપ્રિલે મીરા રોડના નયાનગરમાં આવેલી છેડા આદર્શ બિલ્ડિંગના ફ્લેટમાં રેઇડ પાડીને ફિરદોસ અરબાઝ કુરેશી નામની મહિલાને ૨.૬૬ કરોડ રૂપિયાના એમડી ડ્રગ્સ સાથે ઝડપી પાડી હતી. ફિરદોસ અને તેના પતિ અરબાઝ સામે ગુનો દાખલ કર્યા બાદ પોલીસે તપાસ કરીને મીરા રોડ,

(જુઓ પાનું ૪) ▸▸

## સલીમ ડોલા ડ્રગ્સ કેસમાં ઇડીના મહારાષ્ટ્ર, ગુજરાતમાં ૨૦ સ્થળે દરોડા

મુંબઈ: તુર્કીથી તાજેતરમાં ભારતમાં પ્રત્યર્પણ કરવામાં આવેલા દાઉદ ગેન્ગના ડ્રગ તસ્કર મોહંમદ સલીમ ડોલા સામે મની લોન્ડરિંગની તપાસના ભાગરૂપે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટે (ઇડી) મહારાષ્ટ્ર અને ગુજરાતમાં વ્યાપક દરોડા પાડ્યા હતા.

સેન્ટ્રલ એજન્સી દ્વારા પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યા બાદ મુંબઈ ઉપરાંત ગુજરાતમાં સુરત, રાજકોટ અને અંકલેશ્વરમાં મંગળવારે ૨૦ સ્થળે સાગમટે દરોડા પાડવામાં આવ્યા હતા.

ડોલા ઉર્ફે સલીમ ઇસ્માઇલ ડોલા વૈશ્વિક મોસ્ટ વોન્ટેડ આતંકવાદી દાઉદ ઇબ્રાહિમનો નિકટવર્તી સાગરીત છે અને એન્ટિ-નાર્કોટિક્સ એજન્સીઓ દ્વારા તેના પર ટ્રાન્સ-નેશનલ ડ્રગ્સ ટ્રાફિકિંગ સિન્ડિકેટ ચલાવવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

૫૯ વર્ષના ડોલાને માર્ચ, ૨૦૨૪માં ભારતની વિનંતી પર જારી ઇન્ટરપોલ રેડ કોર્નર નોટિસને આધારે થોડા સમય પહેલા તુર્કીથી ઝડપી પાડવામાં આવ્યો હતો. તેને તુર્કીથી એપ્રિલમાં ભારતમાં લાવવામાં આવ્યો હતો અને દિલ્હી એરપોર્ટ પર આવી પહોંચ્યા બાદ નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરો (એનસીબી)એ તેની ધરપકડ કરી હતી.

રસાયણના વ્યાપારમાં સંકળાયેલા પ્રિકર્સર કેમિકલ્સના પુરવઠાકારો, મધ્યસ્થીઓ, અકાઉન્ટન્ટ, સિન્થેટિક નાર્કોટિક ડ્રગ મેફેડ્રોન (એમડી)ના ઉત્પાદન અને વિતરણમાં સંડોવાયેલા તસ્કરો, હવાલા ઓપરેટરો અને આર્ગેનાઇઝ્ડ ડ્રગ સિન્ડિકેટ થકી ઊપજેલી પ્રાપ્તિઓમાંથી ખરીદાયેલી બેનામી મિલકતો ધરાવતી વ્યક્તિઓ સાથે સંકળાયેલાં સંકુલો પર દરોડા પાડવામાં આવ્યા હતા, એમ ઇડીના અધિકારીએ જણાવ્યું હતું.

મની લોન્ડરિંગનો કેસ ડ્રગ તસ્કરી સંબંધી ગુના

(જુઓ પાનું ૪) ▸▸

## ...તો મુખ્ય પ્રધાનને અષાઢી એકાદશીએ પંઢરપુરમાં પગ મૂકવા નહીં દઈએ: ખેડૂતોની ચેતવણી

સોલાપુરઃ રાજ્યમાં પ્રસ્તાવિત શક્તિપીઠ એક્સપ્રેસવે સામે સોલાપુર જિલ્લાના ખેડૂતો ભારે ગુસ્સામાં છે. માઢા અને પંઢરપુર તાલુકામાં આ એક્સપ્રેસ-વે વિરુદ્ધ જોરદાર આંદોલન શરૂ થઈ ગયું છે. મંગળવારે માઢામાં આના વિરોધમાં ખેડૂતોએ વિશાળ મોરચો કાઢ્યો હતો, જ્યારે પંઢરપુર તાલુકાના કરકંબ ખાતે જમીનની માપણી કરવા આવેલા સરકારી અધિકારીઓને ખેડૂતોના રોષનો સામનો કરવો પડ્યો હતો. ખેડૂત નેતાઓએ ગંભીર ચેતવણી આપતા કહ્યું હતું કે, 'જો ખેડૂતોના વિરોધને અવગણીને બળપ્રયોગ પૂર્વક એક્સપ્રેસવે થોપવાનો પ્રયાસ કરવામાં આવશે, તો મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને અષાઢી એકાદશી પર પંઢરપુરમાં પગ મૂકવા દઇશું નહીં અને મહાપૂજા કરતા રોકવામાં આવશે.'

મંગળવારે માઢામાં સ્વાભિમાની શેતકરી સંગઠન અને અન્ય સંગઠનો દ્વારા શક્તિપીઠ એક્સપ્રેસવેના વિરોધમાં વિશાળ મોરચો કાઢવામાં આવ્યો હતો. ખેડૂત નેતા સંજય પાટીલ ઘાટણેકરે ચેતવણી આપી હતી કે, જો દ્રાક્ષની વાડીઓ અને પાકો નષ્ટ કરીને એક્સપ્રેસવે બનાવવામાં આવશે તો ઉગ્ર વિરોધ થશે, તેમજ મુખ્ય પ્રધાનને અષાઢી એકાદશીએ પંઢરપુરમાં પગ મૂકવા દેવામાં નહીં

(જુઓ પાનું ૪) ▸▸

## લાડકી બહિણ યોજના કોઈ કાળે બંધ નહીં થાયઃ ફડણવીસ

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે ખાતરી આપી હતી કે સરકાર મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ કલ્યાણ યોજના બંધ કરશે નહીં. સીએમની આ ટિપ્પણી ઇકેવાયસી (ખાતેદારની જાણકારી)) ચકાસણી માટે ૩૦ એપ્રિલની સમય મર્યાદા પછી આવી છે. ચકાસણીમાં લગભગ ૮૦ લાખ લાભાર્થીઓને આ યોજનામાંથી દૂર કરવામાં આવ્યા હતા. આ બાબતે વિપક્ષએ આકરી ટીકા કરી હતી.

પ્રધાન મંડળની સાપ્તાહિક બેઠક પહેલા સંવાદદાતાઓ સાથેની

(જુઓ પાનું ૪) ▸▸

### પુરુષો પાસેથી બધા પૈસા વસૂલ કરીશું: દેવેન્દ્ર ફડણવીસ

મુંબઈ: 'મુખ્યમંત્રી લાડકી બહિણ' યોજનામાંથી ૮૦ લાખ મહિલાઓને ગેરલાયક ઠેરવવામાં આવી છે. ૮૦ લાખ મહિલાઓને ગેરલાયક ઠેરવ્યા બાદ વિપક્ષે મહાયુતિ સરકારને મુશ્કેલીમાં મુકી દીધી છે. આ દરમિયાન, મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે આ યોજના બાબતે મોટું નિવેદન આપ્યું હતું.

આ અંગે દેવેન્દ્ર ફડણવીસે ખુલાસો

(જુઓ પાનું ૪) ▸▸

### ગેરરીતિ માટે જવાબદાર કોણ?

મુંબઈ: રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (એનસીપી)ના વરિષ્ઠ નેતા જયંત પાટીલે મંગળવારે મહારાષ્ટ્ર સરકારની લાડકી બહિણ યોજનામાં કથિત ગેરરીતિઓ માટે કોણ જવાબદાર એ જાણવાની માગ કરી હતી. કથિત બોગસ લાભાર્થીઓને લગભગ ૨૦ મહિના સુધી કેમ લાભ મળતો રહ્યો એવો સવાલ ઉઠાવી આશ્ચર્ય વ્યક્ત કર્યું કે શું આ વિશાળ ખર્ચ ગણતરીપૂર્વકના ભ્રષ્ટાચાર તરફ નિર્દેશ કરે છે? જો આ ૮૦ લાખ લાભાર્થી બોગસ હતા, તો સરકારે

(જુઓ પાનું ૪) ▸▸

## ₹ ૩૬,૫૮૫ કરોડના ખેડૂત દેવા માફીને મંજૂરી

### ૫૬ લાખ કિસાનોને ફાયદો થશે

મુંબઈ: મહારાષ્ટ્ર પ્રધાન મંડળએ મંગળવારે બે લાખ રૂપિયા સુધીના કૃષિ દેવાને આવરી લેતી કૃષિ લોન માફી યોજનાને મંજૂરી આપી દીધી છે. આ નિર્ણયથી અંદાજે ૫૬ લાખ ખેડૂતોને ફાયદો થવાની અપેક્ષા છે એમ સૂત્રોએ જણાવ્યું હતું. ચોમાસા પહેલા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં મળેલી પ્રધાન મંડળની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું.

૨૦૨૪ની વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપની આગેવાની હેઠળના મહાયુતિ ગઠબંધન દ્વારા આપવામાં આવેલા મુખ્ય વચનોમાંનું એક વચન કૃષિ લોન માફી હતું. વિધાન પરિષદની ચૂંટણીઓને કારણે આદર્શ આચારસંહિતા લાગુ હોવાથી હાલમાં તેની સત્તાવાર

(જુઓ પાનું ૪) ▸▸

મુંબઈ: મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં મંગળવારે રાજ્ય સરકારની કેબિનેટ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં, ખેડૂત લોન માફી યોજનાને મંજૂરી આપવાનો મોટો નિર્ણય લેવામાં આવ્યો. જોકે, વિધાન પરિષદની ચૂંટણીની આદર્શ આચારસંહિતા અમલમાં હોવાથી, તાત્કાલિક કોઈ જાહેરાત કરવામાં આવશે નહીં. લોન માફી અંગે સહકારી વિભાગ દ્વારા નિયમો અને શરતો સંબંધિત પરિપત્ર બહાર પાડવામાં આવશે. આ નિયમો અને શરતોના આધારે જ ખેડૂતોની લોન માફ કરવામાં આવશે.

રાજ્ય કેબિનેટના આ નિર્ણય અંતર્ગત ૩૬ હજાર ૫૮૫ કરોડ રૂપિયાની લોન માફી મળશે, જેનો લાભ ૫૬ લાખ ખેડૂતોને થશે. આ યોજના હેઠળ ૬૫ લાખથી વધુ લોન ખાતાઓનું દેવું માફ કરવામાં આવશે.

કેબિનેટ બેઠકમાં પુણ્યશ્લોક અહલ્યાબાઈ હોળકર લોન માફી યોજનાને મંજૂરી આપવામાં આવી. આ અંતર્ગત ખેડૂતોની ૨ લાખ રૂપિયા સુધીની લોન માફ થશે અને નિયમિત લોન ભરનારાઓને ૫૦ હજાર રૂપિયાનું પ્રોત્સાહન ભથ્થું મળશે. સાથે જ, ગ્રામીણ વિકાસ માટે સરકારે લોન લેવાનો નિર્ણય

(જુઓ પાનું ૪) ▸▸

## ટ્રેનમાં વેપારીની ૫.૪૦ કરોડથી વધુનાં ઘરેણાં સાથેની બેગ ચોરનારી ગેન્ગના ચાર સભ્ય પોલીસની પકડમાં

### ૧.૬૭ કરોડનાં ઘરેણાં હસ્તગતઃ ફરાર આરોપીઓની શોધ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સોલાપુરથી કલ્યાણ રેલવે સ્ટેશન દરમિયાન એક્સપ્રેસ ટ્રેનમાં મધરાતે વેપારીની ૫.૪૦ કરોડ રૂપિયાથી વધુની કિંમતનાં ઘરેણાં સાથેની બેગ ચોરનારી ટોળકીના ચાર સાગરીને રેલવે ક્રાઇમ બ્રાન્ચે ઝડપી પાડ્યા હતા. સોલાપુરના બારનોલી ગામથી પકડાયેલા આરોપીઓની ઓળખ રમેશ બાળુ ડિકોળે, ફુલચંદ ઉર્ફે પરમેશ્વર ઉર્ફે સરપંચ છગન ગુંજાળ, ધનરાજ ઉર્ફે ધનંજય ઉર્ફે ધન્યા સાહેબરાવ ગુંજાળ અને પુણેકર ઉર્ફે શિવણ્યા સીતારામ ડિકોળે તરીકે થઇ હોઇ તેમની પાસેથી ૧.૬૨ કરોડનાં ઘરેણાં હસ્તગત કરવામાં આવ્યાં હતાં. પોલીસ

(જુઓ પાનું ૪) ▸▸

## મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેનઃ પાલઘર જિલ્લામાં પાંચ મહિનામાં ત્રીજી ટનલ

પાલઘર : મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટે મહારાષ્ટ્રના પાલઘરમાં એક પર્વતીય ટનલના ખોદકામ સાથે વધુ એક સીમાચિહ્નરૂપ સિદ્ધિ હાંસલ કરી છે. છેલ્લા પાંચ મહિનામાં જિલ્લામાં આ ત્રીજી સફળતા છે. આ પ્રોજેક્ટ પર કામ કરી રહેલી નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડે મંગળવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, પાલઘર જિલ્લાના દહાણુ તાલુકાના અંબેસરી ગામમાં એન્જિનિયરોએ ત્રીજી પર્વતીય ટનલ (એમટી-૦૭) નું ખોદકામ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે, જે મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે એક મહત્વપૂર્ણ પગલું છે. પ્રોજેક્ટે

(જુઓ પાનું ૪) ▸▸

## દેવું-સ્ત્રીમિત્રથી બચવા પોતાના મોતનો ડ્રામા

### પોતાના મૃત્યુની ખાતરી કરાવવા મેળ ખાતા કદકાઠીનો યુવાન શોધ્યા પછી તેની હત્યા કરીને શબ કાર સાથે સળગાવી દીધુંઃ જોકે પોલીસને શંકા જતાં ભાંડો ફૂટી ગયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લાખોનું દેવું અને સ્ત્રીમિત્રથી પીછો છોડાવવા અકોલાના રહેવાસીએ પોતાના જ મોતનો ભયંકર ડ્રામા રચ્યો હતો. અકસ્માતમાં મૃત્યુ પામ્યો હોવાની ખાતરી કરાવવા પોતાના કદકાઢી સાથે મેળ ખાતા યુવાનને શોધી કાઢ્યા પછી તેની હત્યા કરી હતી. બાદમાં તેના શબને પોતાની કાર સાથે સળગાવી નાખ્યું હતું. જોકે પોલીસની ચતુરાઈપૂર્વકની તપાસમાં આરોપીનો ભાંડો ફૂટી જતાં પોલીસે ત્રણ જણની ધરપકડ કરી હતી.

જાલના જિલ્લાની જાફરાબાદ પોલીસે ધરપકડ કરેલા ત્રણેયની ઓળખ નીતિન પ્રભાકર ગવળી, અમિત રાજુ ફુલારે અને આકાશ સુધાકર ગવળી તરીકે થઈ હતી. કોર્ટે ત્રણ દિવસની પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી પોલીસ આરોપીઓની વધુ પૂછપરછ કરી રહી છે.

જાફરાબાદ પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ ઈન્સ્પેક્ટર સતીશ જાધવે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે મુખ્ય આરોપી નીતિન ગવળીએ વિવિધ બૅન્કોમાંથી સાતથી આઠ લાખ રૂપિયાની લોન લીધી હતી. એ સિવાય તેણે અન્ય લોકો પાસેથી પણ કરજ લીધું હતું. તેના માથે ૧૫થી ૧૭ લાખ રૂપિયાનું દેવું હતું.

નીતિનનું નાશિકની એક મહિલા સાથે અફેર હોવાની

(જુઓ પાનું ૪) ▸▸

## ડુંગળીના ભાવ કિલોદીઠ ૨૫-30 રૂપિયા નહીં મળે ત્યાં સુધી એમવીએનું આંદોલન

### ડુંગળી-શેરડી ઉત્પાદકોની માગણી સંદર્ભે ૧૦ દિવસમાં નિર્ણય

મુંબઈ: રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (એનસીપી)ના વરિષ્ઠ નેતા દિલીપ વળસે પાટીલએ મંગળવારે કહ્યું હતું કે કેન્દ્ર અને મહારાષ્ટ્ર સરકાર ડુંગળીના ઉત્પાદકોની સમસ્યાઓ પર નિર્ણયલક્ષી વિચારણા કરી રહી છે, આંદોલનકારી ખેડૂતોને વર્તમાન ભાવ સંકટને ઉકેલવા માટે ચાલી રહેલા વિરોધ પ્રદર્શન પર ચર્ચા કરવા વિનંતી કરી છે.

વળસે પાટીલએ જણાવ્યું હતું કે રાજ્યનું એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ તાજેતરમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને મળ્યું હતું. ગૃહ પ્રધાનએ રાજ્ય સરકારને ખાતરી આપી હતી કે ડુંગળી અને શેરડી અંગે આગામી ૧૦ દિવસમાં નિર્ણય લેવામાં આવશે.

એનસીપી નેતાએ વધુમાં જણાવ્યું હતું કે આંદોલનકારીઓ મળવા આવી શકે છે અને પોતે તેમની ફરિયાદો સાંભળવા માટે કોઈ પૂર્વગ્રહ વિના વિરોધ સ્થળની મુલાકાત લેવા પણ તૈયાર છે. કેન્દ્ર અને રાજ્ય સરકારએ ડુંગળી ઉત્પાદકોની ચિંતાઓને દૂર કરવા માટે તમામ જરૂરી પગલાં લેવા જોઈએ અને વિરોધીઓને ચર્ચામાં જોડાવાની અપીલ કરી હતી.

મહારાષ્ટ્રના ડુંગળીના ખેડૂતોએ કેન્દ્રને ૧૦ હજાર કરોડ રૂપિયાના વિશેષ પુનરુત્થાન પેકેજની જાહેરાત કરવાની વિનંતી કરી છે. વારંવાર નિકાસ પ્રતિબંધો, કુદરતી આફતો અને ભાવમાં ઘટાડાને કારણે તેઓ ગંભીર નાણાકીય સંકટમાં આવી ગયા હોવાનો દાવો કરવામાં આવ્યો

(જુઓ પાનું ૪) ▸▸

મુંબઈ: મહારાષ્ટ્ર કોંગ્રેસના અધ્યક્ષ હર્ષવર્ધન સપકાળે મંગળવારે કહ્યું હતું કે જ્યાં સુધી સરકાર ડુંગળી ઉત્પાદકોને તેમના ઉત્પાદન માટે ૨૫-૩૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવની બાંયધરી ન આપે ત્યાં સુધી મહા વિકાસ આઘાડી (એમવીએ) પોતાનું આંદોલન ચાલુ રાખશે. પુણે જિલ્લાના અંબેગાંવ તાલુકામાં પુણે - નાશિક હાઇવે પર આયોજિત માર્ગ નાકાબંધી પર બોલતા સપકાળે દાવો કર્યો હતો કે ડુંગળીના ખેડૂતોને તેમની પેદાશો મામૂલી ભાવે વેચવાની ફરજ પાડવામાં આવી રહી છે અને આ સમસ્યા માટે કેન્દ્રની નીતિઓને જવાબદાર ઠેરવી હતી.

ખેડૂતોને ડુંગળી માટે પ્રતિ કિલો બે રૂપિયા પણ નથી મળી રહ્યા. ડુંગળીના ઉત્પાદકોને ન્યાય ન મળે ત્યાં સુધી અમે અમારો સંઘર્ષ ચાલુ રાખીશું અને પ્રતિ ક્વિન્ટલ ૩,૦૦૦ રૂપિયાની કિંમત મેળવીશું. એમવીએ દ્વારા ડુંગળીના ક્વિન્ટલ દીઠ ત્રણ હજાર રૂપિયાની બાંયધરીકૃત કિંમત, ઓછા ભાવે પોતાનો પાક વેચનારા ખેડૂતોને વળતર અને નાફેડ દ્વારા ડુંગળીના સંપૂર્ણ સ્ટોકની ખરીદી માટે દબાણ કરવા માટે વિરોધ પ્રદર્શનનું આયોજન કર્યું હતું. આયોજકોએ દાવો કર્યો હતો કે પોલીસ કાર્યવાહી અને અટકાયત છતાં

(જુઓ પાનું ૪) ▸▸

## અભિનેત્રી રવીના ટંડનના ભાઈના ઘરેથી પચીસ લાખની મતા ચોરાઈઃ મહિલાની ધરપકડ

મુંબઈ: ફિલ્મ અભિનેત્રી રવીના ટંડનના ભાઈના જૂહુના ઘરમાંથી અંદાજે પચીસ લાખ રૂપિયાના સોના અને ડાયમંડના દાગીના કથિત રીતે ચોરનારી મહિલાની પોલીસે ધરપકડ કરી હતી. અભિનેત્રીની વૃદ્ધ માતાની કૅરટેકર બનીને મહિલાએ પહેલાં પરિવારનો વિશ્વાસ સંપાદન કર્યો હતો અને પછી તિજોરીમાં હાથફેરો કર્યો હતો.

જૂહુ પોલીસે ધરપકડ કરેલી માહિલાની ઓળખ રાશિ છાબરિયા (૪૭) તરીકે થઈ હતી. ખારમાં રહેતી રાશિએ રવીના ટંડનની વૃદ્ધ માતા વીણા ટંડનની દેખભાળ કરીને તેમનો વિશ્વાસ કેળવ્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર ચોરીની જાણ ગયા વર્ષના ઑક્ટોબરમાં થઈ હતી. ટંડન પરિવારના સભ્ય દાગીના કાઢવા તિજોરી ખોલવા ગયા ત્યારે તિજોરીનું લૉક તૂટેલું હોવાનું જણાયું હતું. તપાસ કરતાં તિજોરીમાંથી સોનાના અને હીરાના દાગીના તેમ જ બે મોંઘીદાટ કાંડાઘડિયાળ ગુમ હોવાની જાણ થઈ હતી. અંદાજે પચીસ લાખ રૂપિયાની મતા ચોરાઈ હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

એફઆઈઆરમાં જણાવાયું હતું કે આ બાબતે રાજીવ ટંડને રાશિને પૂછતાં શરૂઆતમાં તેણે ચોરીનો ઇનકાર કર્યો હતો. જોકે બાદમાં તેણે ગુનામાં સંડોવણીની કબૂલાત કરી હતી. તે સમયે રાશિએ ચોરેલી બન્ને ઘડિયાળ પાછી આપી હતી, પરંતુ દાગીના તેણે પોતાના સાથી

(જુઓ પાનું ૪) ▸▸

## મુંબઈમાં આરે કોલોનીમાં ગેરકાયદે દરગાહ પર બુલડોઝર એક્શન

મુંબઈ : મુંબઈના ગરીબનગર વિસ્તારમાં એક કથિત અનધિકૃત મસ્જિદના માળખા સામે કાર્યવાહી બાદ મંગળવારે નાગરિક અધિકારીઓ અને પોલીસે મુંબઈની આરે કોલોનીમાં સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે બંધાયેલી હઝરત સૈયદ બરકત અલી શાહ પીર બાબા દરગાહ પર અતિક્રમણ ઝુંબેશ હાથ ધરી હતી. કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને ધ્યાનમાં રાખીને વિસ્તારને હાઇ એલર્ટ પર રાખવામાં આવ્યો હતો. સ્થળ પર નાગરિક અધિકારીઓ કામગીરીનું નિરીક્ષણ કરી રહ્યા હતા. કોઈપણ અનિચ્છનીય ઘટનાને રોકવા માટે સ્થળની આસપાસ બેરિકેડ અને સુરક્ષા ચોકીઓ ગોઠવીને સમગ્ર વિસ્તારમાં મોટી સંખ્યામાં પોલીસ કર્મચારીઓ તહેનાત કરવામાં આવ્યા હતા. દરગાહનું સંચાલન કરતા ટ્રસ્ટને જારી કરાયેલી નોટિસનો કથિત રીતે જવાબ ન મળતા અને જરૂરી માલિકી અથવા અધિકૃતતા દસ્તાવેજો અધિકારીઓ સમક્ષ રજૂ ન કરાતા તોડી પાડવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. ■

## પસ્તાવો થતો હોય તો આવી જાઓ ઉદ્ધવ સેનામાંઃ સંજય રાઉત

નાશિકઃ શિવસેના (યુબીટી) નેતા સંજય રાઉતે મંગળવારે કહ્યું હતું કે ૨૦૨૨માં મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેનો પક્ષ લેનારા કોઈ પણ નેતાને કરેલી ભૂલનો પસ્તાવો થતો હોય તો ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળના પક્ષમાં પાછા ફરવું જોઈએ.

સંજય રાઉતે નાશિકમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે અલબત્ત કેટલાક લોકોને પક્ષમાં પ્રવેશ નહીં મળે. ભાજપ જે રીતે તેમનું અપમાન કરી રહી છે એ જોતા જો કોઈને લાગે કે તેમણે ભૂલ કરી છે અથવા ગેરમાર્ગે દોરવાઈ ગયા હતા તો તેમણે ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળના પક્ષમાં પાછા આવવું જોઈએ. ભાજપએ શિવસેના (યુબીટી)ના હાથ અને પગ કાપી નાખ્યા હતા, પરંતુ છત્રપતિ સંભાજી નગર જિલ્લામાં શિવસેનાનું

(જુઓ પાનું ૪) ▸▸

## રાજ્યમાં આગામી ૨૪ કલાક જોખમીઃ વરસાદ અને કરા પડવાની ચેતવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દેશ અને રાજ્યમાં હવામાન સતત બદલાઈ રહ્યું છે. ભારતીય હવામાન વિભાગે મહારાષ્ટ્ર માટે આગામી ૨૪ કલાક દરમ્યાન તોફાની પવન ફૂંકાવાની સાથે જ કરા પડવાની ચેતવણી આપવામાં આવી છે.

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી હવામાનમાં સતત ફેરફાર થઈ રહ્યો છે. એક તરફ વિદર્ભ અને મરાઠવાડામાં કાળઝાળ ગરમી પડી રહી છે તો અમુક જિલ્લામાં કમોસમી વરસાદ પડી રહ્યો છે, તેમાં હવે હવામાન વિભાગે મોટી ચેતવણી જારી કરી છે. હવામાન વિભાગે મરાઠવાડા, નાશિક, છત્રપતિ સંભાજીનગરમાં તોફાની પવનો સાથે ભારે વરસાદની ચેતવણી આપી છે.

(જુઓ પાનું ૪) ▸▸

## મહાયુતિમાં બળવો શાંત કરવાના પ્રયાસો તેજ: બળવાખોરોને ફોર્મ પાછા ખેંચવા અલ્ટિમેટમ

મુંબઈ: વિધાનપરિષદની ચૂંટણીને કારણે મહારાષ્ટ્રના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા બેઠકો પર મહાયુતિ અને મહાવિકાસ આઘાડીના સત્તાવાર ઉમેદવારો સામે પક્ષના જ અને મિત્ર પક્ષોના નેતાઓએ બળવો કરીને અપક્ષ ફોર્મ ભર્યા છે, જેથી રાજકીય સમીકરણો ખોરવાયાં છે. મહાયુતિમાં આ બળવો શાંત કરવા માટે ભાજપ પ્રદેશ અધ્યક્ષ રવિન્દ્ર ચવ્હાણ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ સુનીલ તટકરે વચ્ચે મહત્ત્વની બેઠક યોજાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, ભાજપના પ્રદેશ અધ્યક્ષ રવિન્દ્ર ચવ્હાણ અને રાષ્ટ્રવાદી કૉંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ સુનીલ તટકરે વચ્ચેની બેઠકમાં વહેલી તકે બળવો શાંત કરી ચૂંટણી સુમેળભર્યા વાતાવરણમાં યોજવા અંગે ચર્ચા થઈ

(જુઓ પાનું ૪) ▸▸

# આઈટી શેરોની મજબૂત તેજીને કારણે ચાર દિવસની પીછેહઠને બ્રેક; સેન્સેક્સ ૩૮૨ પોઈન્ટ વધ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ આઇટી શેરોમાં મજબૂત તેજીને કારણે ચાર દિવસના ઘટાડાનો દોર તોડીને મંગળવારે બેન્ચમાર્ક સેન્સેક્સ સેન્સેક્સ ૩૮૨.૫૦ પોઇન્ટ અથવા ૦.૫૨ ટકા વધીને ૭૪,૬૪૯.૮૪ પર સ્થિર થયો હતો. બેરોમીટર તેના ઇન્ટ્રા-ડે ૭૩,૮૧૫.૧૨ના નીચલા સ્તરથી ૧,૦૪૭.૦૭ પોઇન્ટ ઉછળીને ૭૪,૮૬૨.૧૯ સુધી પહોંચ્યો હતો. બેન્ચમાર્કના ૨૦ શેરો વધ્યા અને ૧૦ શેરો ઘટ્યા હતા. નિફ્ટી ૧૦૦.૯૫ પોઇન્ટ અથવા ૦.૪૩ ટકા વધીને ૨૩,૪૮૩.૫૫ની સપાટીએ સ્થિર થયો હતો.

ઇન્ડેક્સ હેવીવેઇટ ટીસીએસ, ઇન્ફોસિસ, એચસીએલ ટેક અને ટેક મહિન્દ્રા સહિતના આઇટી શેરોમાં મજબૂત ઉછાળો જોવા મળ્યો હતો. સેન્સેક્સની ૩૦ કંપનીઓમાં, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસના શેરમાં સૌથી વધુ ૬.૫૩ ટકાનો ઉછાળો નોંધાયો હતો. ઇન્ફોસિસ ૫.૬૬ ટકા, એચસીએલ ટેક ૪.૦૮ ટકા અને ટેક મહિન્દ્રા ૧.૭૬ ટકા ઊછળ્યો હતો. અદાણી પોર્ટ્સ, ટાઇટન, ઇટર્નલ, એચડીએફસી બેંક અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના શેરમાં પણ તેજી જોવા મળી હતી. જ્યારે એનટીપીસી, એક્સિસ બેંક, પાવર ગ્રીડ અને આઈસીઆઈસીઆઈ બેંકમાં ધોવાણ જોવા મળ્યું હતું.

એનએચપીસીમાંથી સરકારના છ ટકા હિસ્સાના વેચાણ માટેની ઓફર ફોર સેલ મંગળવારે ઓપન થયા બાદ તેના શેરમાં છ ટકા જેવો કડાકો જોવા મળ્યો હતો. કોકાકોલા કંપની ૨૦૨૭માં તેના ભારત સ્થિત બોટલિંગ યુનીટ એચસીસીએચનો આઇપીઓ લાવવાની અને આ એકમમાંથી પોતાનો અમુક હિસ્સો છૂટો કરવાની યોજના ધરાવે છે. ચંદન હેલ્થકેર લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬માં વાર્ષિક ધોરણે ૨૦.૪૩ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૮૦.૬૭ કરોડની કુલ આવક રૂ. ૨૮૦.૬૭ કરોડ નોંધાવી છે, ૩૧.૦૨ ટકાના વધારા સાથે રૂ. ૫૬.૮૪ કરોડનો એબિટા અને ૨૨.૦૪ ટકાના વધારા સાથે રૂ. ૨૭.૦૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. હિંદુજા ગ્લોબલ સોલ્યુશને રૂ. ૮.૨ કરોડની ખોટ નોંધાવી છે. રેવન્યુ ૬.૫૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૦૮૫ કરોડ રહી છે. હ્યુન્ડાઇ મોટર ઇન્ડિયાની તમિળનાડુ સ્થિત સપ્લાયર ફેસિલિટી ખાતે આગની ઘટના બનતા તેના ઉત્પાદનમાં કામચલાઉ વિક્ષેપ પડ્યો છે. ટાટા મોટર વ્હીકલ પેસેન્જરનું વેચાણ મે મહિનામાં ૪૨ ટકા વધીને ૫૯,૭૯૦ યુનીટ નોંધાયું છે. સીમેન્સે લો વોલ્ટેજ મોટર્સ બિઝનેસ, ઇનોમેટિક્સ ઇન્ડિયાને રૂ.૨,૨૦૦ કરોડમાં વેટી દીધો છે. ઇરેડાનો ચોથા ક્વાર્ટરનો ચોખ્ખો નફો બે ટકા ઘટાડા સાથે રૂ.૪૯૩ કરોડ રહ્યો છે. શાલીમાર પેઇન્ટ્સની આવક ૧૪ ટકા ઘટીને રૂ. ૧૫૩ કરોડ રહી છે, જ્યારે ચોખ્ખી ખોટ સહેજ ઘટીને રૂ. ૬.૧૮ કરોડ રહી છે.

બજારમાં આશાવાદ વ્યાપક હતો, નિફ્ટી મિડકેપ ૧૦૦ અને નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ સૂચકાંકો પણ ગ્રીન ઝોનમાં બંધ થયા. સેકટરલ ધોરણે, નિફ્ટી આઇટીમાં ચાર ટકા જેટલો ઉછાળો જોવા મળ્યો હતો. આ દરમિયાન નિફ્ટી ફાર્મા લગભગ એક ટકા ગબડ્યો હતો. બજારનું મોરલ મજબૂત રહ્યું હતું. એનએસઇ પર લગભગ ૨,૦૩૪ શેરો વધ્યા હતા, જ્યારે ૧,૨૮૫ ઘટ્યા હતા અને ૧૦૭ યથાવત રહ્યા હતા.

આઈટી શેરોમાં થયેલા સુધારાના સળવળાટ પછી શેરબજાર પ્રારંભિક નુકસાનીમાંથી બહાર આવ્યું હતું. મધ્ય પૂર્વ યુદ્ધવિરામમાં વિક્ષેપો અને વિલંબ ચાલુ રહેવા છતાં વૈશ્વિક સેન્ટિમેન્ટ સ્થિર રહ્યું, છે, જે જોખમ લેવાની ક્ષમતામાં સ્થિતિસ્થાપકતા દર્શાવે છે, એમ જણાવતાં જિઓજિત ઇન્વેસ્ટમેન્ટના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે, કમાણીની મોસમ મોટાભાગે પૂર્ણ થયા પછી રોકાણકારોનું ધ્યાન ચોમાસાની પ્રગતિ, ફુગાવાના વલણો, આરબીઆઈ નીતિ અને પ્રવાહિતાની સ્થિતિ સહિતના મુખ્ય મેક્રો પરિબળો પર કેન્દ્રિત થયું છે. આ અઠવાડિયે ચોમાસું દક્ષિણ પ્રદેશોમાં આગળ વધવાની અપેક્ષા છે, જે નજીકના ગાળાના સેન્ટિમેન્ટને ટેકો પૂરો પાડે છે. જોકે, અલ નીનોનું જોખમ તોળાઇ રહ્યું હોવાથી વરસાદ લાંબા ગાળાના સરેરાશથી નીચે રહેવાનો અંદાજ છે. જોકે એ સાથે જળાશય સ્તર અને અનાજના બફર સ્ટોક હાલ તો



સંતોષજનક છે.

ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૧.૨૮ ટકા ઘટીને ૯૩.૭૬ પ્રતિ બેરલ બોલાયું છે. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો બેન્ચમાર્ક કોસ્પી, શાંઘાઈનો એસએસઆઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ ઊંચા મથાળે બંધ રહ્યો, જ્યારે જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ નીચા સ્તરે બંધ થયો. યુરોપના બજારો ઊંચા ટ્રેડિંગ કરી રહ્યા હતા.

અમેરિકન બજારો સોમવારે હકારાત્મક ક્ષેત્રમાં બંધ થયા. દરમિયાન, એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ સોમવારે રૂ. ૩,૯૧૧.૬૮ કરોડના ઇક્વિટી વેચ્યા હતા. સોમવારે સેન્સેક્સ ૫૦૮.૪૦ પોઈન્ટ અથવા ૦.૬૮ ટકા ઘટીને ૭૪,૨૬૭.૩૪ પર અને સતત ચોથા દિવસે ઘટાડા સાથે, નિફ્ટી ૧૬૫.૧૫ પોઈન્ટ અથવા ૦.૭૦ ટકા ઘટીને ૨૩,૩૮૨.૬૦ પર બંધ થયો હતો.

માર્કેટ એનલિસ્ટે જણાવ્યું હતું કે, રિકવરી પાછળનું મુખ્ય ચાલક આઇટી ક્ષેત્રમાં વિસ્ફોટક તેજી રહ્યું છે. નિફ્ટી આઇટી ઇન્ડેક્સ જે ચાર ટકાથી મોટો ઉછાળો જોવા મળ્યો, તેમાં ટીસીએસ અને ઇન્ફોસિસ જેવા હેવીવેઇટ્સનો મોટો ફાળો હતો. આ તેજી મુખ્યત્વે યુ.એસ. ટેક્નોલોજી કંપનીઓના મજબૂત પરિણામ અને ગાઇડન્સ દ્વારા પ્રેરિત હતી, જે એ દૃષ્ટિકોણને મજબૂત બનાવે છે કે વૈશ્વિક એઆઈ, ક્લાઉડ અને એન્ટરપ્રાઇઝ ટેકનોલોજી ખર્ચ વ્યાપક આર્થિક અનિશ્ચિતતા છતાં સ્થિતિસ્થાપક રહે છે.દરમિયાન ભારતના ઉત્પાદન ક્ષેત્રે મે મહિનામાં મજબૂત વૃદ્ધિ નોંધાવી, એચએસબીસી ઇન્ડિયા મેન્યુફેક્ચરિંગ પીએમઆઇ એપ્રિલમાં ૫૪.૭થી વધીને ૫૫.૦ થયો અને ફ્લેશ રીડિંગ ૫૪.૩ થયું, જે ત્રણ મહિનામાં શ્રેષ્ઠ સુધારો દર્શાવે છે. જીએસટી કલેક્શન મે ૨૦૨૬માં ૩.૨ ટકા વધીને રૂ. ૧.૯૪ લાખ કરોડ થયું, જે મે ૨૦૨૫માં રૂ. ૧.૮૮ લાખ કરોડ હતું.

શેરબજારને જલ્દી કળ વળે એવા અણસાર જણાતાં નથી. બજારની નજર અમેરિકા અને ઇરાનની શાંતિ મંત્રણા સાથે આરબીઆઇના પોલિસી નિર્ણય અને ચોમાસાની પ્રગતિ પર રહેશે. ઇઝરાયલ લેબનોન પર આક્રમણ બંધ કરી દેશે એવી આશા જણાતી નથી. આ તરફ અમેરિકાએ ઇરાન પર એક યા બીજા કારણ દર્શાવી હુમલા કરવાનું ચાલુ રાખ્યું હોવાથી અંતિમ સ્પષ્ટતા ના મળે ત્યાં સુધી ગ્લોબલ ઇક્વિટી માર્કેટમાં સ્થિરતા આવવી સંભવ નથી. શેરબજારમાં ચાર દિવસની મંદીને બ્રેક લાગી હતી.

ખાસ કરીને આઈટી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને સર્વિસીસ શેર્સ સર્વાધિક વધ્યા હતા, પાવર અને યુટિલિટીઝ ઘટ્યા હતા અને એક્સચેન્જના કુલ માર્કેટ કેપમાં રૂ.૧.૯૭ લાખ કરોડની વૃદ્ધિ જોવા મળી હતી.

મંગળવારે સેન્સેક્સ સોમવારના ૭૪,૨૬૭.૩૪ પોઈન્ટના બંધની સરખામણીએ ૩૮૨.૫૦ પોઈન્ટ કે ૦.૫૨ ટકા વધ્યો હતો. ૩૦ શેરો ધરાવતો સેન્સેક્સ ૭૩,૯૪૫.૨૦ પોઈન્ટે ખૂલ્યો હતો, જે નીચામાં ૭૩,૮૧૫.૧૨ પોઈન્ટ સુધી ગયો હતો તથા ઊંચામાં ૭૪,૮૬૨.૧૯ પોઈન્ટ સુધી પહોંચ્યા બાદ અંતે ૭૪,૬૪૯.૮૪ બંધ રહ્યો હતો.

આજે માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૬૨.૬૭ લાખ કરોડ રહ્યું હતું, જે અગાઉના કારોબારી દિવસે રૂ.૪૬૦.૭૦ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ.૧.૯૭ લાખ કરોડનો વધારો થયો હતો. એસએન્ડપી બીએસઈ સેન્સેક્સની ૨૦ સ્ક્રિપના ભાવ વધ્યા હતા, જ્યારે ૧૦ સ્ક્રિપના ભાવ ઘટ્યા હતા.. બીએસઈ પર કુલ ૪,૩૭૭ સ્ક્રિપ્સમાં સોદા થયા હતા, જેમાં ૨,૩૦૧ શેરોના ભાવ વધ્યા હતા, ૧,૯૦૪ શેરોના ભાવ ઘટ્યા હતા અને ૧૭૨ શેરોના ભાવ યથાવત રહ્યા હતા. ૧૦૭ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૯૩ સ્ટોક્સ બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. આજે કુલ ૧૮ કંપનીઓ પર સર્કિટ બ્રેકર લાગ્યું હતું, જેમાં ૧૦ કંપનીઓમાં અપર સર્કિટ તથા ૯ કંપનીઓમાં લોઅર સર્કિટ લાગી હતી. આજે બ્રોડબેઝ્ડ ઈન્ડેક્સમાં ૧૫૦ મિડકેપ ૦.૩૩ ટકા અને ૨૫૦ સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૫૦ ટકા વધ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાઈસીસમાં આઈપીઓ ૦.૯૯ ટકા તથા એસએમઈ આઈપીઓ ૦.૫૫ ટકા વધ્યા હતા.

સેક્ટરલ સૂચકાંકોમાં મુખ્યત્વે આઈટી ૪.૪ ટકા, ફોકસ્ડ આઈટી ૩.૮૩ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૨૩ ટકા, સર્વિસીસ ૧.૧૧ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૯૫ ટકા, મિડસ્મોલ પ્રાઈવેટ બેન્કસ ૦.૯૩, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૮૩ ટકા, એફએમસીજી ૦.૭૨ ટકા અને ઓટો ૦.૬૮ ટકા વધ્યા હતા, જ્યારે પાવર અને યુટિલિટીઝ ૦.૬૧ ટકા, હેલ્થકેર ૦.૩૮ ટકા, ઓઈલ એન્ડ ગેસ અને ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૧૭ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં ટીસીએસ ૬.૫૩ ટકા, ઈન્ફોસિસ ૫.૬૬ ટકા, એચસીએલ ટેક્નોલોજી ૪.૦૮ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૮૪ ટકા, ટેક મહિન્દ્ર ૧.૭૬ ટકા, ટાઈટન ૧.૩૪ ટકા, આઈટીસી ૧.૨૩ ટકા, ઈનટર્નલ ૧.૧૧ ટકા, એશિયન પેઈન્ટ ૧.૧૦ ટકા અને ટ્રેન્ટ ૧.૦૩ વધ્યા હતા, જ્યારે એનટીપીસી ૨.૮૯ ટકા, એક્સિસ બેન્ક ૧.૭૪ ટકા, પાવર ગ્રીડ ૧.૩૮ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૦૬ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૯૧ ટકા, બજાજ ફિનસર્વ ૦.૭૯ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૬૯ ટકા, સન ફાર્મા ૦.૪૯ ટકા, રિલાયન્સ ૦.૨૪ ટકા અને લાર્સન ૦.૧૯ ટકા ઘટ્યા હતા. બીએસઈના ડેરિવેટિવ સેગમેન્ટમાં મંગળવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં કુલ રૂ.૨૯૯.૪૬ કરોડનું ટ્રેડિંગ થયું હતું, જેમાં કુલ ૧,૬૨૧ ટ્રેડ્સમાં ૧,૯૮૫ કોન્ટ્રેક્ટ થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ ૨૨,૨૩,૪૮૧ કોન્ટ્રેક્ટ્સ રહ્યા હતા, જ્યારે કુલ અનુમાનિત ટર્નઓવર રૂ.૫૧,૦૭,૯૧૯.૬૯ કરોડ રહ્યું હતું.

## ડૉલર સામે રૂપિયો વધુ ૧૭ પૈસા ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા-ઈરાન વચ્ચેની કટોકટીને કારણે બ્રેન્ટ ક્રૂડતેલના વધેલા ભાવ અને રોકાણકારોની સલામતી માટે ડૉલરમાં લેવાલી રહેતાં ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ અને સ્થાનિક સ્તરે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો વધુ ૧૭ પૈસા ગબડીને ૯૫.૩૬ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતફી વલણ રહ્યું હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૧૯ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૯૫.૧૬ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૩૮ અને ઉપરમાં ૯૫.૦૩ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૭ પૈસાના ઘટાડા સાથે ૯૫.૩૬ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૩૪ પૈસાનું ધોવાણ થયું હતું.

હાલના ભૂરાજકીય તણાવને કારણે વધી રહેલા ક્રૂડતેલના ભાવને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નકારાત્મક વલણ જોવા મળે અને ૯૪.૯૦થી ૯૫.૫૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ વ્યક્ત કરી હતી. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે વધ્યા મથાળેથી સાધારણ ૦.૦૮ ટકાના ઘટાડા સાથે ૯૯.૧૨ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો.

જ્યારે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં પણ ભાવ વધ્યા મથાળેથી ૧.૬૬ ટકાના ઘટાડા સાથે બેરલદીઠ ૯૩.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વધુમાં ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૯૧૧.૬૮ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૮૨.૫૦ પૉઈન્ટનો અને ૧૦૦.૯૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

## ક્રૂડતેલના ભાવ ઘટતાં વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૭૫૮નો સુધારો, ચાંદી ₹ ૨૦૫૦ ચમકી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક બજારમાં આજે ક્રૂડતેલના ભાવમાં વધ્યા મથાળેથી ઘટાડો જોવા મળતાં ફુગાવાલક્ષી દબાણ હળવું થવાના આશાવાદ ઉપરાંત આજે અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં પણ એક ટકા જેટલો ઘટાડો આવ્યો હોવાથી લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવમાં એક ટકાનો અને ચાંદીના ભાવમાં ૨.૧ ટકાનો સુધારો આવ્યાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ હાજરમાં સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૫૫થી ૭૫૮ વધી આવ્યા હતા, જ્યારે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૦૫૦નો ચમકારો આવ્યો હતો.




સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની અને ઔદ્યોગિક વપરાશકારોની લેવાલીને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૦૫૦ના ચમકારા સાથે રૂ. ૨,૬૫,૩૦૦ની સપાટીએ રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૭૫૫ વધીને રૂ. ૧,૫૫,૬૬૮ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૫૮ વધીને રૂ. ૧,૫૬,૨૯૪ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં છૂટીછવાઈ રોકાણલક્ષી માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની લેવાલી પાંખી હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે એક ટકો વધીને ઔંસદીઠ ૪૫૨૮.૬૭ ડૉલર અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૧.૨ ટકા વધીને ૪૫૫૮.૬૦ ડૉલર તેમ જ હાજરમાં ચાંદીના ભાવ ૨.૧ ટકા વધીને ઔંસદીઠ ૭૬.૩૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ઈરાન સાથે શાંતિ માટેની વાટાઘાટોમાં પ્રગતિ થઈ રહી હોવાનું અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જણાવતાં ક્રૂડતેલના ભાવ ઘટી આવ્યા હતા અને ફુગાવાલક્ષી દબાણ હળવું થવાનો અને અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો નહીં કરે તેવો આશાવાદ સપાટી પર આવ્યો હતો અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ પણ ૧.૧ ટકા જેટલી ઘટી આવતા સોનાનાં સુધારાને ટેકો મળ્યો હોવાનું સાક્સો બૅન્કના વિશ્લેષક ઓલે હાસને જણાવ્યું હતું. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન સોનાના ભાવની વધઘટ મુખ્યત્વે ક્રૂડતેલના ભાવની વધઘટ પર અવલંબિત રહેશે.

વધુમાં આજે હિઝબુલ્લાહ અને ઈઝરાયલ વચ્ચેનાં યુદ્ધમાં લેબેનોને આંશિક યુદ્ધવિરામની જાહેરાત કરી હોવાથી પણ સોનાના સુધારાને ટેકો મળ્યો હતો. જોકે, હવે રોકાણકારોની નજર મધ્યપૂર્વનાં તણાવની રોજગારી પર કેવી અસર પડી તેનું આંકલન કરવા માટે આગામી શુક્રવારે જાહેર થનારા અમેરિકાના નોન ફાર્મ પૅ રૉલ ડેટા પર સ્થિર થઈ છે. આ ઉપરાંત સપ્તાહ દરમિયાન અમેરિકી ફેડરલ રિઝર્વના બોર્ડનાં કલેવલન્ડ ફેડના પ્રમુખ બેથ હમ્મક, સાન ફ્રાન્સિસ્કો ફેડના પ્રમુખ મેરી ડેલે અને ફેડના ગવર્નર માઈકલ બાર સહિતના સભ્યોની ટિપ્પણીઓ પર પણ બજારની નજર રહેશે.

## સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીએ ધાતુમાં ઉછાળા



મુંબઈઃ અમેરિકા અને ઈરાન વચ્ચેનાં ભૂરાજકીય તણાવને ધ્યાનમાં લેતા પુરવઠાખેંચની ભીતિ સપાટી પર આવતા આજે લંડન ખાતે સત્રના આરંભે કોપરના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૧૮ ટકા વધીને ટનદીઠ ૧૩,૯૮૧.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના તેમ જ વૈશ્વિક સ્તરે એલ્યુમિનિયમના ભાવ પણ વધીને ચાર વર્ષની ઊંચી સપાટીએ પહોંચવાની સાથે અન્ય ધાતુઓના ભાવમાં પણ ડૉલર ઈન્ડેક્સના વધારાને કારણે તેજીનો ટેકો મળતાં ભાવ વધી આવ્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી રહેતાં એકમાત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં મુખ્યત્વે ટીન અને કોપરની આગેવાની હેઠળ ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૨૧૮ સુધીના ઊછાળા જોવા મળ્યા હતા. આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૨૧૮ વધીને રૂ. ૫૫૮૧, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૨૬ વધીને રૂ. ૧૩૦૮, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૨૪ વધીને રૂ. ૧૩૨૫, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૨૦ વધીને રૂ. ૧૨૩૦, નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૫ વધીને રૂ. ૧૮૫૨, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૩ વધીને રૂ. ૧૪૦૬, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૨ વધીને રૂ. ૧૩૩૫ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને રૂ. ૮૪૦ના મથાળે રહ્યાં હતાં.

વધુમાં આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૪૦૩, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૯૦૦, લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૨૧૦ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એકના સુધારા સાથે રૂ. ૩૭૪ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે એક માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ખપપૂરતા કામકાજે ભાવ કિલોદીઠ રૂ. ૩૨૦ના મથાળે ટકેલા રહ્યાં હતાં.

## સ્મોલ ગ્રેડની ખાંડમાં ધીમો ઘસારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં વેપાર ક્વિન્ટલે રૂ. પાંચથી ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૨૦થી ૩૮૫૦માં થયા હતા. આમ મથકો પરના નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટોની પાંખી લેવાલી અને રિટેલ સ્તરની ખપપૂરતી માગ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છનો સાધારણ ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ હતું. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ ટકેલા રહ્યાં હતાં.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં હાજરમાં મથકો પાછળ સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છના ઘટાડા સાથે રૂ. ૩૯૭૬થી ૪૦૫૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૮૨થી ૪૧૭૬માં ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૩૯૪૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૬૦થી ૪૦૫૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.



## મથકોના નિરુત્સાહી અહેવાલે સિંગતેલમાં ₹ ૨૦ તૂટ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગુજરાતના રાજકોટના મથકો પર આજે સિંગતેલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ પાંખી રહેતાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૪૫નો અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫નો ઘટાડો આવ્યાના નિરુત્સાહી અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સિંગતેલના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૨૦ ઘટી આવ્યા હતા, જ્યારે મથકો પાછળ સરસવમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો. વધુમાં આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં સાધારણ બે રિંગિટનો ઘટાડો આવ્યો હતો, જ્યારે ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૧૩૭ સેન્ટ વધી આવ્યા હતા. તેમ છતાં એકંદરે કામકાજો પાંખાં રહેતાં આયાતી તેલમાં માત્ર આરબીડી પામોલિનમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો સુધારો આવ્યો હતો અને અન્ય આયાતી તેલમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના જૂન-જુલાઈ ડિલિવરી શરતે રૂ. ૧૪૮૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૬૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૫, અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૯૦, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૫૧૦ અને રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૧૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૬૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારો પાંખા હતા.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૧૩,૦૦૦ ગૂણીની અને રાજકોટ મથકે ૪૫૦૦ ગૂણી આવક સામે બન્ને મથકો પર વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૫૫૦માં ટકેલા ધોરણે થયા હતા. તેમ જ ગોંડલમાં આજે સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૫૦થી ૧૫૭૫માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૪૯૦થી ૧૫૦૦માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૩૫થી ૧૫૪૦માં થયા હતા. વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર ૧.૫ લાખ ગૂણી સોયા સીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૮૦૦થી ૭૧૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૭૧૦૦થી ૭૨૦૦માં થયાના અહેવાલ હતા.

સ્થાનિકમાં હાજર બજારમાં આજે ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનના ભાવ રૂ. ૧૪૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૧૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૬૦, સિંગતેલના રૂ. ૧૬૩૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૬૫ અને સરસવના રૂ. ૧૬૦૫ના મથાળે રહ્યા હતા.

# જૂનાગઢ જિલ્લાના ૧૫ ગામના લોકોએ પડતર માગણીઓ મુદ્દે ઉગ્ર 'રેલ રોકો' આંદોલન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના બડોદર ગામમાં ગ્રામજનોએ પ્લેટફોર્મ ઊંચું કરવા સહિતની મુખ્ય ૩ પડતર માગણીઓને પગલે ભારે આક્રોશ સાથે ઉગ્ર 'રેલ રોકો' શરૂ કર્યું છે. બડોદર ગામની આસપાસના ૧૫ ગામના લોકો રેલવે પાટા પર ઉતરી આવ્યા હતા. આ આંદોલનને કારણે જબલપુર એક્સપ્રેસ સહિતની ટ્રેનો ૪૫ મિનિટ જેટલી મોડી પડી હતી, જેના પગલે રેલવે તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. પરિસ્થિતિ વધુ બેકાબૂ ન બને તે માટે બડોદર રેલવે સ્ટેશને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો.

ગ્રામજનોએ રોષ વ્યક્ત કર્યો હતો કે, બડોદર રેલવે સ્ટેશનનું પ્લેટફોર્મ સાવ નીચું હોવાના કારણે મુસાફરોને ટ્રેનમાં ચડવા અને ઉતરવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ નીચા પ્લેટફોર્મના કારણે સર્જાયેલા અકસ્માતોમાં અત્યાર સુધીમાં પાંચથી વધુ લોકોનાં મોત થયાં હોવાનો ગંભીર આક્ષેપ પણ સ્થાનિકો દ્વારા કરવામાં આવ્યો હતો. આ જીવલેણ સમસ્યાથી કંટાળીને ગ્રામજનોએ પ્લેટફોર્મ ઉપર ઉઠાવવા, સ્ટેશન પર કાયમી રેલવે બુકિંગ ક્લાર્કની નિમણૂક કરવા તેમજ સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસ અને ઇન્ટરસિટી એક્સપ્રેસ જેવી મહત્ત્વની ટ્રેનોને સ્ટોપ આપવાની ઉગ્ર માગ કરી હતી.

આંદોલનકારીઓના ભારે રોષ અને હોબાળા આગળ આખરે રેલવે તંત્રને નમવું પડ્યું હતું.

રેલવેના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને આગામી ૨૦ દિવસમાં પ્લેટફોર્મ ઊંચું કરવાની કામગીરી શરૂ કરી દેવાની ગ્રામજનોને લેખિતમાં બાંહેધરી આપી હતી. રેલવે તંત્ર તરફથી મળેલી આ મજબૂત ખાતરી અને આશ્વાસન બાદ ગ્રામજનોએ પોતાનું આંદોલન સમેટી લીધું હતું.

જો કે, લોકોએ સ્પષ્ટ ચીમકી આપી હતી કે જો ૨૦ દિવસમાં વચન મુજબ કામ શરૂ નહીં થાય તો એક મહિના પછી ફરીથી આનાથી પણ મોટું આંદોલન કરવામાં આવશે. ■



રાજકોટ મનપાના આરોગ્ય વિભાગની ટીમે ચોકલેટના ગોડાઉનમાં દરોડા પાડ્યા હતા. ટીમે એક્સપાયરી ડેટ વાળો ચોકલેટનો જથ્થો જપ્ત કર્યો હતો... (પ્રવિણ સેદાણી, રાજકોટ)

# જામનગરમાં રૂ.૧.૩૩ કરોડની છેતરપિંડીના કેસમાં આરોપી છ દિવસના રિમાન્ડ પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર શહેરમાં રોકાણ સામે ઊંચું વળતર અને આકર્ષક કમિશન આપવાની ખાતરી આપી રૂ. ૧.૩૩ કરોડની છેતરપિંડી આચરવાના મામલે ઝડપાયેલા આરોપીને અદાલત સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. કોર્ટે આરોપીના છ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા

પોલીસ તપાસ મુજબ આરોપી હિતેશ લક્ષ્મીકાંત ગોહિલએ કાપડના ધંધા તેમજ અન્ય વ્યવસાયોમાં રોકાણ કરાવવાના બહાને કુલ ૧૩ જેટલા લોકોને ઊંચા વળતરની લાલચ આપી અંદાજે રૂ.૧.૩૩ કરોડ જેટલી રકમ મેળવી લીધી હતી. બાદમાં રોકાણકારોને વચન મુજબનું વળતર ન મળતાં ભોગ બનનારા રોકાણકારોએ આરોપી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ દ્વારા ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી હતી.

આ કેસમાં ઝડપાયેલા આરોપી હિતેશ ગોહિલને અદાલત સમક્ષ રજૂ કરવામાં આવતા વધુ પૂછપરછ, નાણાકીય વ્યવહારોની તપાસ તથા અન્ય સંભવિત ભોગ બનનારાઓ અંગે માહિતી મેળવવા માટે અદાલતે છ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. પોલીસ તપાસમાં હજુ વધુ લોકો સાથે છેતરપિંડી થઈ હોવાની સંભાવનાને ધ્યાનમાં રાખી આગળની કાર્યવાહી હાથ ધરી રહી છે. ■

# રાજકોટમાં લગ્ન અગાઉ જ યુવતીએ આત્મહત્યા કરી લેતા ચકચાર, મોતનું કારણ અકબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરમાં એક યુવતીએ ઘઉંમાં નાખવાના ઝેરી ટીકડા ખાઈ આત્મહત્યા કરતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. બનાવ અંગે પરિવારને જાણ થતા તેને તાત્કાલિક રાજકોટ સિવિલ હૉસ્પિટલ ખસેડવામાં આવી હતી જેને તપાસી ફરજ પરના તબીબે મૃત જાહેર કરી હતી. બનાવા અંગે માલવીયાનગર પોલીસને જાણ કરતા પોલીસે મૃતદેહ પોસમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે. મળતી વિગત મુજબ, રાજકોટના મવડી વિસ્તારમાં આવેલી જલારામ સોસાયટીમાં રહેતી આરતી રમણીકભાઇ પરમાર (ઉ.વ.૨૭) ૧ જૂનના રોજ સાંજે ૭.૩૦ વાગ્યાં આસપાસ પોતાના ઘરે હતી ત્યારે આપઘાત કર્યો હતો. આ ઘટનાની સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, મૃતક આરતી પરમારના તા.૨૧ના રોજ લગ્ન નિર્ધારિત કરવામાં આવ્યા હતા. એક તરફ પરિવારજનો દીકરીના લગ્નની તૈયારીઓ કરી રહ્યા હતા અને ખુશીનો માહોલ હતો ત્યારે જ દીકરીએ મોતને વહાલું કરતા પરિવારમાં માતમ છવાયો છે. જો કે આપઘાતના કારણ અંગે પરિવારજનો પણ અજાણ હોવાથી આપઘાતનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. ■

## ઊનાના નાંદણ ગામની સીમમાં અભૂતપૂર્વ માનવતા :

# ૪૦ ફૂટ ઊંડા કૂવામાં ખાબકેલાં બે હરણને જીવના જોખમે બચાવ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ઊનાઃ પ્રકૃતિ અને માનવતા વચ્ચેના અતૂટ બંધનનું અદ્ભુત દૃશ્ય ઊના તાલુકાના નાંદણ ગામની સીમમાં જોવા મળ્યું હતું. સમૃદ્ધ રેવન્યૂ ખેતીવાડી વિસ્તારમાં આવેલા અને જંગલની બોર્ડરને અડીને આવેલા રામજીભાઈ લખમણભાઈ મેવાડાની વાડીના ૪૦ ફૂટ ઊંડા જળભંડાર સમાન કૂવામાં બે નિર્દોષ વન્ય જીવ હરણ અકસ્માતે ખાબકી ગયા હતા. વન વિભાગના અધિકારીઓ અને વનમિત્ર ગ્રામજનોની અસીમ કરુણા અને સાહસિકતાથી કલાકોની મહેનત બાદ બંને હરણને મૃત્યુના મુખમાંથી સહી સલામત બહાર કાઢવામાં સફળતા મળી હતી.

નાંદણ ગામની સીમ વિસ્તાર જંગલની હદને અડીને આવેલો સમૃદ્ધ ખેતીવાડી પ્રદેશ છે. આવા વિસ્તારમાં વન્યપ્રાણીઓ પાણીની શોધમાં કેભટકતાભટકતામાનવ વસાહત તરફ આવી જતા હોય છે. બપોરના સુમારે રામજીભાઈ મેવાડાની વાડીમાં આવેલા પાણીથી ભરપૂર ૪૦ ફૂટ ઊંડા કૂવામાં બે હરણના બચ્ચાં અચાનક ખાબકી ગયા હતા. જળમાં ડૂબકી ખાતા આ મૂંગા જીવોની વ્યથા જોઈ સ્થાનિક ખેડૂતોનું હૃદય દ્રવી ઉઠ્યું અને તુરંત વન વિભાગને જાણ કરવામાં આવી હતી.

માહિતી મળતાની સાથે જ ઊના વન વિભાગના ફોરેસ્ટર જીતેન્દ્રભાઈ બાંભણીયા પોતાના સ્ટાફ સાથે ઘટનાસ્થળે દોડી ગયા સ્થાનિક વનમિત્ર ભરતભાઈ અને ગામના સાહસિક યુવાનોએ એક અભૂતપૂર્વ શૌર્યનું પ્રદર્શન કર્યું હતું. દોરડાની મદદથી ગામના યુવાનો ૪૦ ફૂટ ઊંડા અને પાણીથી ભરેલા કૂવામાં જીવના જોખમે ઊતર્યા કલાકો સુધી ચાલેલા આ દુષ્કર અને સાહસિક રેસ્ક્યૂ ઓપરેશન દરમિયાન એક ક્ષણ માટે પણ હિંમત હાર્યા વગર બંને હરણને અત્યંત સાવચેતીપૂર્વક સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા.

કૂવામાંથી બહાર કાઢેલા બંને હરણ ભયના કારણે ધ્રૂજી રહ્યા હતા. વન વિભાગની ટીમે તાત્કાલિક પ્રાથમિક સારવાર આપી બંનેને વધુ સારવાર અને સંભાળ માટે નજીકના એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડ્યા હતા. ■

# ભાવનગરના નવનિયુક્ત મેયર સહિતના પદાધિકારીઓએ શહેરના વિકાસ કાર્યોનું નિરીક્ષણ કર્યું હતું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ મહાનગરપાલિકાની નવનિયુક્ત ટીમ દ્વારા શહેરના વિકાસ કાર્યોને ગતિ આપવા માટે સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે ત્યારે મેયરની અધ્યક્ષતામાં, ચેરમેન, કમિશનર, ડેપ્યુટી મેયર અને શાસક પક્ષના નેતા સહિતની ટીમ દ્વારા શહેરના મહત્ત્વપૂર્ણ વિકાસ કાર્યોની સ્થળ મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય ચાલી રહેલા કામોની ગુણવત્તા અને સમયસીમાની સમીક્ષા કરવાનો હતો.

ભાવનગરના નવનિયુક્ત મેયર ઉષાબેન તલરેજા, ડેપ્યુટી મેયર અશોકભાઈ બારૈયા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કિશનભાઇ મહેતા, કમિશનર મીના વિગેરે એ ભાવનગર શહેરના ગઢેચી-વડલાથી કંસારા રોડ પર ગઢેચી-વડલા વિસ્તારમાં ચાલી રહેલા વિકાસ કાર્યો અને શુદ્ધિકરણ પ્રોજેક્ટની સમીક્ષા કરવામાં આવી હતી, આ પ્રોજેક્ટ પૂર્ણ કરવાની નિર્ધારિત સમયસીમા ડિસેમ્બર ૨૦૨૭ સુધીની છે, તેમજ કડિયાનાકાના મજૂરો માટે સુવિધાઓમાં ફ્લાયઓવરની નીચેના ભાગને વ્યવસ્થિત કરી, ત્યાં રોજિંદી મજૂરી માટે આવતા હજારો શ્રમિકો માટે અત્યાધુનિક વ્યવસ્થા ઊભી કરવામાં આવી રહી છે, અહીં મજૂરો માટે બેસવાની વ્યવસ્થા, પીવાનું પાણી અને સ્વચ્છ ટોઇલેટની સુવિધા તૈયાર કરવામાં આવી રહી છે, જેનું કામ આ જૂન મહિનામાં જ પૂર્ણ થઈ જશે.તેમજ ફ્લાયઓવર નીચે સ્પોર્ટ્સ અને મનોરંજન ઝોન બનાવવામાં આવશે, બ્રિજની નીચેની ખાલી જગ્યાનો નવતર પ્રયોગ દ્વારા સદુપયોગ કરવામાં આવી રહ્યો છે અહીં ગેમ ઝોન, ક્રિકેટ બોક્સ, પિનલ બોલની સુવિધા અને આકર્ષક ડિઝાઈનવાળા કાફે બનાવવાનું આયોજન છે, જે શહેર માટે એક 'વિકાસ મૉડેલ' બની રહેશે. હાદાનગરમાં બની રહેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પીએસસીની પણ મુલાકાત લઈને કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ■

# મુંદરાના રૂ.૧,૧૫૦ કરોડના કોકેઇન કેસમાં મુખ્ય આરોપી જુમા નાસીરના વધુ છ દિવસના રિમાન્ડ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ તાજેતરમાં મુંદરાના સમુદ્ર પરથી ઝડપાયેલા ૧,૧૫૦ કરોડ રૂપિયાના આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ રેકેટના મામલામાં આજે મુંદરાની નામદાર અદાલતે મહત્ત્વનો આદેશ કર્યો હતો. પકડાયેલા મુખ્ય આરોપી જુમા નાસીર ઉમરના અગાઉના રિમાન્ડની મુદત પૂર્ણ થતાં, આજે તેને ફરી મુંદરાની અદાલતમાં રજૂ કરવામાં આવ્યો હતો. જ્યાં પોલીસની દલીલો ગ્રાહ્ય રાખી અદાલતે આરોપીના આગામી તારીખ ૬ જૂન સુધીના વધુ છ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, મુંદરાના દરિયાકાંઠે એક માલવાહક જહાજમાંથી ૧૧૮.૯૭૭ કિલોગ્રામ ઉચ્ચ ગુણવત્તાનો કોકેઇનનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત આશરે ૧,૧૫૦ કરોડ રૂપિયા આંકવામાં આવી છે. આ કરોડોના ડ્રગ્સ પ્રકરણમાં સીધી સંડોવણી બદલ આરોપી જુમા નાસીર ઉમરની ધરપકડ કરવામાં આવી હતી અને ગત સોમવાર સુધી તેના રિમાન્ડ મંજૂર કરાયા હતા.

આજે રિમાન્ડની મુદત પૂર્ણ થતાં જ તપાસનીશ એજન્સી દ્વારા આરોપીને કડક સુરક્ષા વચ્ચે અદાલત સમક્ષ રજૂ કરાયો હતો. આ કેસની ગંભીરતા અને ડ્રગ્સ નેટવર્કના મૂળ સુધી પહોંચવા માટે પોલીસ દ્વારા વધુ રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. અદાલતમાં સરકાર પક્ષે ખાસ સરકારી વકીલ હાજર રહ્યા હતા અને ધારદાર દલીલો રજૂ કરી હતી, જેના આધારે કોર્ટે આરોપીના ૬ દિવસના રિમાન્ડ લંબાવતો હુકમ કર્યો છે. હવે આ સમયગાળા દરમિયાન ડ્રગ્સની હેરાફેરીના આંતરરાષ્ટ્રીય કનેક્શન અને અન્ય સાગરીતો અંગે મોટા ખુલાસા થવાની સંભાવના સેવાઈ રહી છે. ■

# ભાવનગરમાં વિદેશી દારૂ સાથે બે શખસો ઝડપાયા

ભાવનગરઃ શહેરના તરસમીયા પ્રધાનમંત્રી આવાસ યોજનાના ખુલ્લા પ્લોટમાં દારૂનું વેચાણ કરતા બે શખ્સોને પોલીસે ઝડપી લીધા હતા. મળતી વિગત અનુસાર શહેરના તરસમીયા નજીક પ્રધાનમંત્રી આવાસ યોજના નજીક સિદ્ધિ વિનાયક સોસાયટીમાં આવેલ પ્રધાનમંત્રી આવાસ યોજનાના ખુલ્લા પ્લોટમાં દારૂનું વેચાણ થઈ રહ્યું હોવાની બાતમી મળી હતી. આ બાતમીના આધારે બાતમીવાળા સ્થળે દરોડો પાડી સ્થળ પરથી પરેશ રમેશભાઈ કિહોરી (ઉં.વ. ૨૩) અને અજય તુલશીભાઈ બારૈયા (ઉં.વ. ૨૨) (રહે. બંને રામનગર સોસાયટી, ઘોઘારોડ, ભાવનગર) ને વિદેશી દારૂની ૧૮૦ એમએલની કુલ ૧૮૨ નંગ બોટલો, જેની કુલ કિંમત રૂ.૨૭,૫૨૦ થાય છે, તે મુદ્દામાલ સાથે ઝડપી લઈ પ્રોહિબિશન હેઠળ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ■

# ભુજોડી પાસે બલ્કર અને એસટી વોલ્વો બસ વચ્ચે ગમખ્વાર અકસ્માતઃ ૧૪ મુસાફરો ઈજાગ્રસ્ત

ભુજઃ શહેર-અંજાર હાઈવે પર ભુજોડી નજીક ગત સોમવારે બપોરે એક એસ.ટી વોલ્વો બસ અને બલ્કર વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં ૧૪ જેટલા મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે. સદ્ભાગ્યે દુર્ઘટનામાં કોઈ જાનહાનિ ન થતાં તંત્ર અને મુસાફરોએ રાહતનો શ્વાસ લીધો હતો.

ભુજની જી.કે. જનરલ હૉસ્પિટલની પોલીસ ચોકીમાંથી મળતી વિગતો અનુસાર, બપોરે આશરે ૧૨:૩૦ વાગ્યાના અરસામાં રાજ્ય પરિવહનની ભુજ-રાજકોટ રૂટની વોલ્વો બસ મુસાફરો ભરીને રાજકોટ તરફ જઈ રહી હતી. આ દરમિયાન ભુજોડી પુલ નજીક આવેલી આહીર કન્યા છાત્રાલય પાસે સામેથી પૂરપાટ ઝડપે આવી રહેલા એક બલ્કર સાથે બસની જોરદાર ટક્કર થઈ હતી. આ દુર્ઘટનામાં બસના ચાલક ઈમરાન ભચુ કનાડ સહિત ૧૪ જેટલા મુસાફરો ઘાયલ થયા હતા જેમાં પરષોત્તમ જીવાભાઈ ભરાડિયા (બોટાદ) મિસીકા નલેશભાઈ પાલ, ધર્મવીરસિંહ હરપાલસિંહ જાડેજા, મોનિકા અંકિત અધરાયુ, કદાન અંકિત અધરાયુ, શામજી નારણ પોકાર, મણિબેન શામજી પોકાર, હજિયાનાબાઈ જત,મનેશ ચતુરભાઈ, જમીન્દર ધોધાભાઈ ભાંગર અને હરપાલસિંહનો સમાવેશ થાય છે. અકસ્માતની જાણ થતાં જ આસપાસના લોકો અને પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. તમામ ઈજાગ્રસ્તોને એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે ભુજની જી.કે. જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ તમામ ઘાયલોની સ્થિતિ હાલ સ્થિર છે અને કોઈને ગંભીર ઈજા થઈ નથી. પોલીસે આ મામલે અકસ્માતનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.■

# ભુજના ચકચારી જમીન કૌભાંડમાં તત્કાલિન સર્કલ ઓફિસરની આગોતરા જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ શહેર-માંડવી માર્ગ પરની ભારાસર વાંઢ સીમની કરોડો રૂપિયાની કિંમતી સરકારી જમીન પચાવી પાડવાના હાઈપ્રોફાઈલ કૌભાંડમાં સંડોવાયેલા ભુજના તત્કાલિન સર્કલ ઓફિસર હરસુખ સિદા હુંબલની પાંચ જેટલી આગોતરા જામીન અરજીઓ ભુજ સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. સેશન્સ જજ દિલીપ પી. મહિડાના આ ચુકાદા બાદ વર્ષોથી નાસતા ફરતા તત્કાલિન સરકારી અધિકારીની ધરપકડનો રસ્તો સાફ થઈ ગયો છે.

વર્ષ ૧૯૬૫માં તત્કાલિન સરકારે ભારાસર વાંઢ સીમમાં અનુસૂચિત જાતિના પાંચ પરિવારોને ખેતીની જમીન સાંથણીમાં ફાળવી હતી. જો કે, જે-તે સમયે આ પરિવારોએ જમીનનો પ્રત્યક્ષ કબજો મેળવ્યો નહોતો અને બાદમાં સરકારી પ્રક્રિયા દરમિયાન આ જમીનો પુનઃ 'શ્રી સરકાર' થઈ ગઈ હતી. વર્ષ ૨૦૦૮માં આ જમીનો પર નજર બગાડીને ચોક્કસ તત્ત્વોએ મૂળ માલિકોના વારસદારો પાસેથી બોગસ 'પાવર ઓફ એટર્ની' મેળવી જમીન પોતાના નામે કરવા કલેક્ટર સમક્ષ અરજીઓ કરી હતી.

તત્કાલિન સર્કલ ઓફિસર હરસુખ હુંબલે અરજદારો સાથે મિલિભગત કરીને કથિત સરકારી જમીન અરજદારોના જ કબજામાં હોવાના ખોટા પંચનામા, સોગંદનામા અને હકારાત્મક અહેવાલો તૈયાર કરી સરકારમાં રજૂ કર્યા હતા. જો કે, કલેક્ટરે આ ગોબાચારી પારખી જઈને તેમની અરજીઓ ફગાવી દીધી હતી. ત્યારબાદ અરજદારોએ ભુજ સિવિલ કોર્ટમાં દાવો માંડ્યો હતો, જ્યાં નામદાર કોર્ટે સર્કલ ઓફિસરના આ ખોટા દસ્તાવેજોને આધાર માનીને જમીન વાદીઓના નામે કરવાનો હુકમ કર્યો હતો. આ હુકમ સામે મહેસુલ વિભાગે કરેલી અપીલ હાલ હાઈકોર્ટમાં પેન્ડિંગ છે.

મહેસૂલ વિભાગની આંતરિક તપાસમાં સર્કલ ઓફિસર હુંબલે ગુનાહિત કાવતરું રચીને બોગસ દસ્તાવેજો બનાવ્યા હોવાનું સ્પષ્ટ થતાં, ૨૮ માર્ચ ૨૦૧૩ના રોજ તત્કાલિન મદદનીશ કલેક્ટર આનંદ પટેલે ભુજ તાલુકા પોલીસ મથકે સર્કલ ઓફિસર હુંબલ સહિત ૩૬ લોકો સામે પાંચ અલગ-અલગ ફોજદારી ફરિયાદો દાખલ કરાવી હતી.

આ ગુનામાં આરોપીઓએ હાઈ કોર્ટમાં કરેલી ક્વેશીંગ પિટિશન (ફરિયાદ રદ કરવાની અરજી) ફગાવવામાં આવતા આરોપીઓ પર ફરી કાયદાનો સિંકજો કસાયો હતો. અદાલતમાં સુનાવણી દરમિયાન સરકારી વકીલ ડી.જે. ઠક્કરે દલીલો કરતા જણાવ્યું હતું કે, એક જવાબદાર સરકારી કર્મચારી તરીકે હુંબલે સત્તાનો દુરુપયોગ કરીને આચરેલો ગુનો અત્યંત ગંભીર પ્રકૃતિનો છે. કોર્ટે તેમની આ દલીલો ગ્રાહ્ય રાખીને આરોપીની તમામ આગોતરા જામીન અરજીઓ નામંજૂર કરી હતી. આ કૌભાંડની વધુ તપાસ માનકૂવા પોલીસ ચલાવી રહી હોવાનું જાણવા મળ્યું હતું. ■

# ગાંધીનગર એસએમસીની ટીમે મુંદરામાંથી યુવકોને બે દેશી તમંચા અને ૧૪ જીવતા કારતૂસ સાથે ઝડપ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ઇન્સ્ટાગ્રામ પર હથિયાર સાથે ફોટા મૂકીને 'સીન સપાટા' કરવાનું કચ્છના બે યુવકોને ભારે પડી ગયું હતું. રાજસ્થાનના ટ્રક ચાલક પાસેથી ગેરકાયદેસર લોડેડ દેશી તમંચા ખરીદીને તેની તસવીરો સોશિયલ મીડિયા પર અપલોડ કરનાર મુંદરાના કાયદાના એક વિદ્યાર્થી અને તેના આઈસ્ક્રીમ વેચતા મિત્ર પર ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલની નજર પડતાં એસએમસીની ટુકડીએ મુંદરા ત્રાટકીને બંને મિત્રોને બે વિદેશી બનાવટના તમંચા અને ૧૪ જીવતા કારતૂસ સાથે દબોચી લીધા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલના પી.આઈ. એસ.એમ. જાડેજા અને તેમની ટુકડીને બાતમી મળી હતી કે સોશ્યલ મીડિયા પર હથિયાર સાથે ફોટા પોસ્ટ કરનાર શખ્સો મુંદરામાં છે. જેના આધારે ગત રાત્રે મુંદરાના નાના કપાયા અદાણી બાયપાસ પાસે આવેલી એક ટ્રાન્સપોર્ટ પેઢીની ઓફિસમાં આકસ્મિક દરોડો પાડ્યો હતો. પોલીસે ત્યાં હાજર રમેશ રામ ગઢવી (ઉં.વ. ૨૧, રહે. સદ્ગુરુ સ્માર્ટ વિલા પાસે, ઉમિયાનગર, મુંદરા) અને તેના બાળપણના મિત્ર કિશન હરજી સાલાણી (કોળી) (ઉં.વ. ૨૬, રહે. સરકારી કુમાર છાત્રાલય, પોર્ટ કોલોની પાસે, મુંદરા)ને રાઉન્ડઅપ કર્યા હતા.

પોલીસે ઓફિસમાં રાખેલા લાકડાના ટેબલનું લોક તોડાવીને તલાશી લેતા, તેમાંથી એક ખાખી બોક્સ મળી આવ્યું હતું. આ બોક્સની અંદરથી દેશી બનાવટના ૯ એમએમના બે ઘાતક તમંચા, બે ખાલી મેગેઝીન અને કુલ ૧૪ જીવતા કારતૂસ મળી આવ્યા હતા. જેમાં એક તમંચામાં ૫ રાઉન્ડ અને બીજા તમંચામાં ૯ રાઉન્ડ લાઈવ લોડેડ હતા. એસએમસી પોલીસે રમેશ ગઢવીના કબજામાંથી રૂ.૧ લાખની કિંમતના બે સ્માર્ટફોન, રૂ.૨ લાખની કિંમતના બે દેશી તમંચા અને ૧૪ જીવતા કારતૂસ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. હથિયાર સપ્લાય કરનાર રાજસ્થાનના ધનરાજ ચૌધરી સહિત ત્રણેય આરોપીઓ સામે આર્મ્સ એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. ■

# અંજારમાં ખેડૂતને બે વર્ષથી ધક્કા ખવડાવતા પીજીવીસીએલના અધિકારી પર કૉંગ્રેસી નેતા લાલઘૂમ : તાળાબંધીની ચીમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ અંજારમાં પશ્ચિમ ગુજરાત વીજ કંપનીના અધિકારીઓ દ્વારા ખેડૂતોના કામ કરવામાં લાપરવાઈ દાખવવામાં આવતી હોવાના આક્ષેપ સાથે કૉંગ્રેસે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, છેલ્લા બે વર્ષથી એક ખેડૂત પોતાના કામ માટે કચેરીના ધક્કા ખાઈ રહ્યો હોવા છતાં અધિકારીઓ દ્વારા કોઈ સકારાત્મક પગલાં લેવામાં આવ્યા ન હતા. ખેડૂત સાછે થઈ રહેલી આ હેરાનગતિ બહાર આવતા જ કૉંગ્રેસના સ્થાનિક અગ્રણી દિનેશ માતાએ પીજીવીસીએલની કચેરીએ પહોંચીને સંબંધિત અધિકારીનો ભારે ઉધડો લીધો હતો.

કચેરીમાં અધિકારીની કામગીરી સામે આક્રોશ વ્યક્ત કરતા કૉંગ્રેસ નેતાએ આક્ષેપ કર્યો હતો કે, "જો સરકારી પગારથી પેટ ન ભરાતું હોય તો પાંચ-દસ હજાર રૂપિયા અમે આપી દઈશું, પરંતુ ગરીબ ખેડૂતોના કામ અટકાવવાનું બંધ કરો." આ સાથે જ તેમણે ચીમકી ઉચ્ચારી હતી કે જો આગામી દિવસોમાં ખેડૂતની સમસ્યાનું તાકીદે નિવારણ લાવવામાં નહીં આવે, તો કૉંગ્રેસ પક્ષ દ્વારા પીજીવીસીએલ કચેરીને તાળાબંધી કરીને ઉગ્ર આંદોલન કરવામાં આવશે. આ ઘટનાને પગલે સ્થાનિક રાજકારણ અને સરકારી આલમમાં ભારે ગરમાવો આવી ગયો છે. ■

# પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનનો નવો કીર્તિમાનઃ મે મહિનામાં કચ્છમાંથી પ્રતિદિન સરેરાશ ૧૯૩૬ વેગનોમાં માલ લોડિંગ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન દ્વારા મે મહિના દરમિયાન માલ પરિવહન, હેન્ડલિંગ અને પ્રવાસી સેવામાં ઐતિહાસિક વૃદ્ધિ હાંસલ કરવામાં આવી છે, જેમાં કચ્છ જિલ્લાનો સિંહફાળો રહ્યો છે. કંડલા અને મુંદરા બંદર ઉપરાંત અબડાસાના નલિયા સેક્શનમાં માલ પરિવહનની સુવિધા શરૂ થતાં રેલવેની આવક અને ક્ષમતામાં ધરખમ વધારો નોંધાયો છે. માલપરિવહનની ગતિ વધારવા માટે રેલવે પ્રશાસન દ્વારા લેવાયેલાં વિવિધ આયોજનાત્મક પગલાં આ સફળતા પાછળ મુખ્ય પરિબળ સાબિત થયાં છે.

અમદાવાદ ડિવિઝને મે ૨૦૨૬ દરમિયાન વિવિધ ક્ષેત્રે નવા રેકોર્ડ સ્થાપ્યા છે. રેલવેએ માત્ર મે મહિનામાં જ રૂ. ૫૧૭.૩૪ કરોડની માલ ભાડાની આવક મેળવી છે અને કુલ ૨.૯૩ મિલિયન ટન માલનું સફળ લોડિંગ કર્યું છે. ડિવિઝન દ્વારા ગત મહિને સરેરાશ ૨,૬૩૯.૪૮ વેગનોનું લોડિંગ કરાયું હતું. મે ૨૦૨૫ની સરખામણીએ મુખ્ય કૉમોડિટીના પરિવહનમાં નોંધપાત્ર ઉછાળો આવ્યો છે, જેમાં ઔદ્યોગિક મીઠાના પરિવહનમાં ૩૧.૫૩ ટકા, રાસાયણિક ખાતરોમાં ૧૩.૦૨ ટકા અને અન્ય કૉમોડિટીઝમાં ૨૨.૬૪ ટકાની વૃદ્ધિ નોંધાઈ છે.

સમગ્ર અમદાવાદ ડિવિઝનમાં માલ લાદવાના મામલે કચ્છનો ગાંધીધામ એરિયા સૌથી આગળ રહ્યો છે. ગાંધીધામ ક્ષેત્રમાંથી પ્રતિ દિન સરેરાશ ૧૯૩૬.૩૭ વેગનોનું લોડિંગ કરવામાં આવ્યું હતું. રેલવેના બિઝનેસ ડેવલપમેન્ટ યુનિટના સક્રિય પ્રયાસોથી લોજિસ્ટિક્સ ક્ષેત્રે નવો માઈલસ્ટોન સ્થાપિત થયો છે. ■